આઝાદીનો અમૃત મહોત્સવ

સ્વચ્છ ભારત
એક પગલું સ્વચ્છતા તરફ

માધ્યમિક
# શિક્ષણ અને પરીક્ષણ

શૈક્ષણિક પ્રવાહોને વાચા આપતું સામયિક

Year : 12 • Issue : 04 : September, 2021



ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

## માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ

### સલાહકાર મંડળ

1. **શ્રી એ. જે. શાહ** (આઈએએસ)
અધ્યક્ષશ્રી

2. **શ્રી જયપ્રકાશ પી. પટેલ**
સભ્યશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર

### તંત્રી મંડળ

1. **શ્રી ડી. એસ. પટેલ**
સચિવ અને તંત્રી

2. **શ્રી બી. એન. રાજગોર**
સંયુક્ત નિયામક અને સહતંત્રી

3. **શ્રીમતી સ્નેહલબેન એન. પટેલ**
મદદનીશ સચિવ અને મદદનીશ સહતંત્રી



### સૂચનાઓ

1. વાર્ષિક લવાજમ રૂ.400/- દરેક શાળાએ રજિસ્ટ્રેશન ફી સાથે મોકલવાનું રહેશે. મેગેઝિનનું વર્ષ જૂનથી મે ગણાય છે.
2. લવાજમ મોકલવાનું સરનામું :
સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,
સેક્ટર–10–બી, ગાંધીનગર–382 010
3. વ્યક્તિગત ગ્રાહક માટે લવાજમની રકમ રૂ. 200/- (બેંક ડી.ડી.)
4. છૂટક નકલ : રૂ. 40/-
5. પ્રકાશનની તારીખ : દર મહિનાની 28મી
6. સામયિકમાં પ્રસિદ્ધ કરવામાં આવતા લેખોમાં દર્શાવેલા લેખકોના વિચારો અંગત છે. લેખકોના વિચારો સાથે બોર્ડ સંમત છે તેમ માની લેવું નહીં.

### લેખકોને સૂચનાઓ

1. પત્રવ્યવહાર તેમજ શૈક્ષણિક લેખો શ્રીમતી સ્નેહલબેન એન. પટેલ, મદદનીશ સહતંત્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર–10–બી, ગાંધીનગર–382010ને નામજોગ મોકલવા.
2. લેખો મૌલિક, સ્પષ્ટ, સુવાચ્ય, પાનાની એક બાજુએ લખેલા હોવા જરૂરી છે.
3. લેખ સાથે પ્રમાણપત્ર આપવાનું રહેશે કે આપનો લેખ મૌલિક છે તેમજ અન્યત્ર છપાયેલ નથી.
4. કોમી લાગણી ઉશ્કેરે તેવા, ભેદભાવ કે ગેરસમજ ફેલાય તેવા, કોઈને ઉતારી પાડતા શબ્દો કે વાક્યરચના લેખમાં સમાવિષ્ટ ન થાય તે જોવા વિનંતી.
5. સામયિકમાં પ્રસિદ્ધ થતા લેખોની જવાબદારી જે તે લેખકની રહેશે.
6. આ સામયિકમાં પ્રસિદ્ધ થતાં મૌલિક લેખ માટે લેખકને લેખદીઠ રૂ.200/- પુરસ્કાર આપવામાં આવશે.
7. અસ્વીકૃત લેખ અંગે કોઈ પત્રવ્યવહાર કરવામાં આવતો નથી તેમજ લેખ પરત મોકલવામાં આવતો નથી.
8. "માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ"ના અંક પ્રાપ્ત ન થવા અંગેની લેખિત ફરિયાદ (ગ્રાહક ક્રમાંક સાથે) જે તે પોસ્ટ ઓફિસમાં કર્યા બાદ પોસ્ટ ઓફિસના સહી સિક્કાવાળી નકલ અત્રે મોકલવી.


## સ્વતંત્રતાનું મૂલ્ય :

- "હું કાગડા-કૂતરાના મોતે મરીશ, પણ સ્વરાજ લીધા વિના પાછો ફરીશ નહિ." **- ગાંધીજી**
- "સ્વરાજ મારો જન્મસિદ્ધ હક છે, હું તે લઈને જ જંપીશ." **- લોકમાન્ય ટિળક**
- "તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હેં આઝાદી દૂંગા." **- સુભાષચંદ્ર બોઝ**
- "મનુષ્ય સ્વતંત્રતાથી સુખ પ્રાપ્ત કરે છે, સ્વતંત્રતાથી પરમતત્વ પ્રાપ્ત કરે છે, શાંતિ પ્રાપ્ત કરે છે અને પરમ પદ પ્રાપ્ત કરે છે." **- અષ્ટાવક્ર ગીતા**

---

- "દેશની સ્વતંત્રતા કાનૂની બારીકીઓથી મળતી નથી. એના માટે કયાં તો લોખંડની તલવાર જરૂરી છે અને સત્યાગ્રહનું ખડગ." **- ગાંધીજી**
- "સ્વતંત્રતાનું મૂલ્ય તમારે ચૂકવવું જ પડશે. સ્વતંત્રતા કયારેય ભીખ માગવાથી મળી શકતી નથી. તેને બળજબરીપૂર્વક જ મેળવવી પડશે. તેની કિંમત લોહી છે." **- સુભાષચંદ્ર બોઝ**

---

- તારા નામમાં ઓ સ્વતંત્રતા, મીઠી આ શી વત્સલતા ભરી,
મુરદાં મસાણેથી જાગતાં - એવી શબ્દમાં શી સુધા ભરી.
**- ઝવેરચંદ મેઘાણી**
- મુક્તિ વિનાનું જીવવું શાનું ? મુક્તિ વિના શાં બીજાં ગાન ?
મુક્તિને કારણ સર્વ સહીશું, સ્વાતંત્ર્યથી શું સૌખ્ય મહાન ?
**- કૃષ્ણલાલ શ્રીધરાણી**
- હર એક હિંદી હિંદ છે, હર એક હિંદી હિંદની છે જિંદગી,
હો હિંદ સુરભિત ફુલ્લદલ અરવિંદ : એ સ્વાતંત્ર્યદિનની બંદગી.
**- ઉમાશંકર જોશી**


**સંપર્ક : સંશોધન શાખા**
**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,**
**ગાંધીનગર - 382010**
**E-mail : shikshanparikshan.gseb@gmail.com**
**બોર્ડની વેબસાઈટનું સરનામું : www.gseb.org**

# અધ્યક્ષની કલમે...

**સુજ્ઞ સારસ્વત વાચક મિત્રો,**

સૌને નમસ્કાર. 5 સપ્ટેમ્બર એટલે શિક્ષકોના ઉમદા કાર્યને યાદ કરીને તેમનું સન્માન કરવાનો પવિત્ર પ્રસંગ. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ દસ વર્ષ ઉપરાષ્ટ્રપતિ પદે રહ્યા પછી જ્યારે ભારતના દ્વિતીય રાષ્ટ્રપતિ પદે આરૂઢ થયા એટલે દેશની પ્રજાએ પાંચમી સપ્ટેમ્બરે તેમનો જન્મદિન ઉજવવાનું ઇચ્છયું. ડૉ. રાધાકૃષ્ણન્‌ને એ ગમ્યું તો નહિ પરંતુ જનતાનો પ્રેમ જોઈને તેમણે હા પાડીને એક શરત મૂકી કે ''જુઓ ભાઈઓ, હું શિક્ષક રહ્યો. મારી વર્ષગાંઠ એટલે શિક્ષકની વર્ષગાંઠ. તમે એને 'શિક્ષકદિન' તરીકે ઉજવો તો ?'' અને આમ 1962 થી શિક્ષકદિનનો ઉદ્‌ભવ થયો. ભારતભરની શિક્ષક આલમને સામાજિક મોભો અને પ્રતિષ્ઠા પ્રાપ્ત થતી રહે એ હેતુથી તેમણે અનોખા 'શિક્ષકદિન વિશેષ'ની ભેટ આપી. તેઓ પ્રખર ચિંતક, વિચારક અને તત્ત્વજ્ઞાની હતા. ભારતીય સંસ્કૃતિના પુરસ્કર્તા હતા, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મહામૂલી પ્રતિષ્ઠા હાંસલ કરનાર આજીવન શિક્ષક અને ભારતરત્ન હતા. જો પોતાનામાં ક્ષમતા અને પ્રતિભા હોય તો એક વિદ્વાન શિક્ષક પણ ભારતના રાષ્ટ્રપતિ બની શકે છે એ એમણે સાબિત કરી બતાવ્યું.

પાંચમી સપ્ટેમ્બરના રોજ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના કુલ 30 શ્રેષ્ઠ સારસ્વત શિક્ષકોનું સન્માનનીય રાજ્યપાલશ્રીની અધ્યક્ષતામાં રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રી તેમજ શિક્ષણ વિભાગના સચિવશ્રી તથા અન્ય અધિકારીશ્રીઓની પ્રેરક ઉપસ્થિતિમાં, સરકારશ્રીની કોવિડ ગાઈડલાઈનને અનુસરીને પંડિત દિનદયાલ ઓડીટોરીયમ, અમદાવાદ ખાતે સન્માન-અભિવાદન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાથમિક શિક્ષકો, માધ્યમિક શિક્ષકો, ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો, માધ્યમિક શાળાઓના અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ, કેળવણી નિરીક્ષક, સી.આર.સી., એચ.ટાટ મુખ્ય શિક્ષક તથા ખાસ શાળાના શિક્ષકોનું સન્માન કરી તેમને શાલ ઓઢાડી, દરેકને ધનરાશિ અને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં. આ શ્રેષ્ઠ શિક્ષકોએ પોતપોતાના કાર્યક્ષેત્રે બજાવેલી વિવિધ શૈક્ષણિક, સામાજિક સેવાઓ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ બદલ તેમનું સન્માન થયું છે. આ તમામને બોર્ડ પરિવાર વતી હૃદયથી અભિનંદન પાઠવું છું. અલગ અલગ જિલ્લાઓમાં માન. મંત્રીશ્રીઓ દ્વારા સંસદ સભ્યશ્રીઓની અને ધારાસભ્યશ્રીઓની ઉપસ્થિતિમાં પણ શિક્ષકોનું સન્માન થયું હતું. શિક્ષણના ક્ષેત્રમાં નાવીન્યપૂર્ણ પધ્ધતિ વિકસાવવામાં આપેલા અસાધારણ યોગદાન બદલ પરમ સન્માનનીય રાષ્ટ્રપતિશ્રીએ વર્ચ્યુઅલ ઍવોર્ડ સમારંભ દ્વારા દેશના વિવિધ રાજ્યોના 44 શિક્ષકોને 'નેશનલ ટીચર્સ ઍવોર્ડ' આપીને સન્માનિત કર્યા હતા.

પ્રત્યેક બાળકમાં અલગ અલગ પ્રકારની ખાસિયત અને કૌશલ્ય છુપાયેલા હોય છે. વિદ્યાર્થીઓની વિવિધ જરૂરિયાતો અને તેઓના રસરૂચિને ધ્યાનમાં રાખીને શિક્ષકોએ વિદ્યાર્થીઓના સર્વગ્રાહી અને સર્વાંગી વિકાસ ઉપર વિશેષ ભાર આપવો જોઈએ. પ્રત્યેક વિદ્યાર્થીની ક્ષમતા, કૌશલ્ય, મનોવૃત્તિ અને સામાજિક સ્થિતિ અલગ હોય છે. સન્માનિત શિક્ષકોએ પોતાની કટિબધ્ધતા, પ્રતિબધ્ધતા અને સમર્પણ દ્વારા શાળાકીય શિક્ષણની ગુણવત્તા સુધારી છે અને પોતાના વિદ્યાર્થીઓને જ્ઞાનથી સમૃદ્ધ બનાવ્યા છે. તેઓ સન્માન અને અભિવાદનને પાત્ર બન્યા છે. સૌને શુભેચ્છા સહ બિરદાવું છું.

સ્વ. ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતીની 28 ઑગસ્ટના રોજ સમગ્ર રાજ્યમાં ઉજવણી કરવામાં આવી. ઝવેરચંદ મેઘાણીનું જીવન અને સાહિત્ય, તેમના દ્વારા રચિત સાહિત્યની કૃતિઓ અનેક લોકો માટે પ્રેરણાદાયી છે. મેઘાણીની સાહિત્ય શૌર્ય રચનાઓ આજની પેઢી માટે દેશભક્તિ તથા દેશ માટે સમર્પિત થવાની પ્રેરણા પૂરી પાડે છે. 'આઝાદીનો અમૃત મહોત્સવ' અને સ્વ. ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતી નિમિત્તે ઝવેરચંદ મેઘાણી રચિત સાહિત્યિક કૃતિઓ ક્રમશઃ 'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ'માં પ્રકાશિત કરવામાં આવશે. શાળા કક્ષાએ શિક્ષકો દ્વારા ઉક્ત સાહિત્ય સંદર્ભે વિદ્યાર્થીઓને જાણકારી આપવામાં આવે અને બન્ને પ્રસંગોને અનુરૂપ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે તો તે સાચા અર્થમાં 'રાષ્ટ્રીય શાયર' ઝવેરચંદ મેઘાણીને અર્પિત શ્રદ્ધાંજલિ ગણાશે.

**એ.જે.શાહ**
**અધ્યક્ષ**

તા. 20-09-2021

# અનુક્રમણિકા


| અ.નં. | વિષય | લેખક | પાના નં. |
|---|---|---|---|
| 1. | આઝાદીનો અમૃત મહોત્સવ | કિશોર આર. ટંડેલ | 4 |
| 2. | સમાજનો શિરમોર-શિક્ષક | કમલેશ શુક્લ | 6 |
| 3. | ગુણવંતા શિક્ષક : ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ | સુભાષ પટેલ 'એકાંત' | 9 |
| 4. | ટીચર્સ ડે ઓપન લેટર | ડૉ. અમૃતલાલ પી. પટેલ | 11 |
| 5. | શિક્ષકથી રાષ્ટ્રપતિ સુધીની સફર કરનાર મહામાનવ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ | નીરૂબેન એમ. પરમાર | 13 |
| 6. | શિક્ષક કભી સાધારણ નહીં હોતા | દેવજી એસ. દાફડા | 15 |
| 7. | વિદ્યાર્થી ઠોઠ હોતો નથી; તેનામાં આત્મવિશ્વાસ અને નિર્ણયશક્તિની કમી હોય છે. | કેશવ સુથાર | 16 |
| 8. | ટોકયો ઑલિમ્પિક ગેમ્સમાં સિલ્વર મેડલ વિજેતા - મીરાબાઈ ચાનૂ | ડૉ. ભાણજી એચ. સોમૈયા | 18 |
| 9. | ટોકયો ઑલિમ્પિકમાં ભારતવર્ષનો વિજય ભવ | ડૉ. મહેશ દાફડા | 20 |
| 10. | હું શિક્ષક છું તેનું ગૌરવ આજીવન | વિપુલ ડી. પટેલ | 22 |
| 11. | મેઘાણી વંદના : ('રાષ્ટ્રીય શાયર' સ્વ. ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતી નિમિત્તે) | સંકલન | 24 |
| 12. | શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક (વર્ષ : 2021) મેળવનાર શિક્ષકોનો પરિચય | સંકલન | 32 |
| 13. | સામાન્ય જ્ઞાન કસોટી | દિવેકર અશ્વિનકુમાર એસ. | 44 |
| 14. | વહીવટી વિભાગ : : પરિપત્રો | સંકલન | 47 |
| 15. | ધોરણ-9 BISAG - શૈક્ષણિક કાર્યક્રમો | - | 55 |
| | ધોરણ-10 BISAG - શૈક્ષણિક કાર્યક્રમો | - | 57 |
| | ધોરણ-11 BISAG - શૈક્ષણિક કાર્યક્રમો | - | 59 |
| | ધોરણ-12 BISAG - શૈક્ષણિક કાર્યક્રમો | - | 61 |

# તંત્રી સ્થાનેથી...

**સારસ્વત આચાર્ય મિત્રો, શિક્ષક ભાઈ-બહેનો,**

સૌને સાદર પ્રણામ. **'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ'** - સપ્ટેમ્બર-2021 અંકના માધ્યમથી આપ સૌને મળતા આનંદ અનુભવું છું. આપ સૌ વાચકમિત્રોના અભ્યાસ, વાંચન અને અવલોકનના હેતુથી આ સામયિક નિયમિત સમયે પ્રસિદ્ધ થતું રહે છે.

દર વર્ષે પાંચમી સપ્ટેમ્બરે ડૉ. રાધાકૃષ્ણન્‌ની જન્મજયંતીએ 'શિક્ષકદિન'ની વિશિષ્ટ રીતે ઉજવણી થાય છે. શિક્ષક પ્રત્યે સમાજમાં આદરભાવ જન્મે અને તે પવિત્ર વિદ્યાધર્મને અનુસરે એવા હેતુથી શિક્ષકદિન ઉજવાય છે. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ, કેળવણીકાર, વિશ્વશિક્ષક, પ્રખર તત્ત્વચિંતક ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને કહ્યું છે કે - ''શિક્ષકનું કાર્ય સભ્ય સમાજનું નિર્માણ કરવાનું છે. શિક્ષણનું ધ્યેય ચારિત્ર્ય નિર્માણનું છે. ચારિત્ર્યના વિકાસ પર જ વ્યક્તિનો અને રાષ્ટ્રનો વિકાસ નિર્ભર છે.'' શિક્ષકનું કાર્ય બાળકોને સંસ્કારો આપીને તેમાં શ્રદ્ધા ઉત્પન્ન કરવાનું અને તેને ઉત્તમ માનવી બનાવવાનું છે. શિક્ષક બાળકને એક બીજમાંથી વટવૃક્ષ બનાવે છે. તેનું કાર્ય સેવા, ભક્તિ અને રાષ્ટ્રપ્રેમથી ભરેલું છે. શિક્ષકો સદ્‌વિચારોના વાહકો છે અને કુમળાં બાળકોને ઘડવાની જવાબદારી તેમની છે. શિક્ષકદિન એ આત્મમંથન અને ચિંતનનો દિવસ છે. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌ના જીવનમાંથી પ્રેરણા લઈને શ્રેષ્ઠ શિક્ષક બનવાનો અવસર એટલે શિક્ષકદિન. પાંચમી સપ્ટેમ્બરે આપણા રાજ્યના 30 શ્રેષ્ઠ શિક્ષક, આચાર્યોનું સન્માનનીય રાજ્યપાલશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી તથા માનનીય શિક્ષણમંત્રીશ્રીના વરદ્‌ હસ્તે અમદાવાદ ખાતે સન્માન-અભિવાદન કરવામાં આવ્યું. આ તમામ શિક્ષકોએ શિક્ષણની ગુણવત્તા વધારી, અદ્યતન ટેક્નોલોજીના ઉપયોગ થકી શિક્ષણ અને સમાજસેવાના સરાહનીય કાર્યો કર્યાં છે. આ ઉપરાંત શ્રેષ્ઠ શિક્ષકોનું જિલ્લા કક્ષાએ પણ વિશિષ્ટ રીતે સન્માનકાર્ય થયું તે સૌ અભિવાદનને પાત્ર છે.

**'એક ભારત, શ્રેષ્ઠ ભારત'**ના નિર્માણમાં શિક્ષકનું કાર્ય ખેડૂત અને સૈનિક જેવું છે. કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક સારસ્વતોનું સન્માન વર્ચ્યુઅલ ઍવોર્ડ સમારંભ દ્વારા પરમ સન્માનનીય રાષ્ટ્રપતિશ્રીના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું. આ વર્ચ્યુઅલ ઍવોર્ડ સમારંભમાં 44 શ્રેષ્ઠ શિક્ષક સારસ્વતોનું 'નેશનલ ટીસર્ચ ઍવોર્ડ' આપીને સન્માન કરવામાં આવ્યું હતું. પરમ સન્માનનીય રાષ્ટ્રપતિશ્રીએ શિક્ષકોને ઉદ્‌બોધન કરતાં કહ્યું કે, ''સારી ઈમારતો, કિંમતી સાધનો અથવા સુવિધાઓથી સારી શાળા બનાવાતી નથી પરંતુ સારી શાળા બનાવવામાં શિક્ષકોની મહત્ત્વની ભૂમિકા હોય છે. વિદ્યાર્થીઓમાં જ્ઞાન અને ચારિત્ર્યનિર્માણનો પાયો વિકસાવનાર શિક્ષકો છે.''

શિક્ષક રાષ્ટ્રનો આધારસ્તંભ છે. તે સાક્ષરતાની જ્યોત છે, પ્રકાશ છે, જ્ઞાનવિજ્ઞાનનો ભંડાર છે, તે સમાજ, રાજ્ય અને રાષ્ટ્રનો સાચો સેવક છે. જે શિક્ષકોએ રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ શૈક્ષણિક, સામાજિક સેવાકીય કાર્યો કરી સર્જનાત્મક પ્રવૃત્તિઓની જે સુવાસ ફેલાવી છે તે શિક્ષકો ધન્યવાદને પાત્ર છે. તે સૌને બોર્ડ પરિવાર વતી હું ઉમળકાભેર વધાવું છું.

આ સામયિકમાં રાજ્યના સન્માનિત માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક વિભાગના શ્રેષ્ઠ શિક્ષક, આચાર્યોના પરિચય ટૂંકમાં આપેલ છે. જે વાંચીને અન્ય શિક્ષકો તેમાંથી પ્રેરણા મેળવે તેવી અપેક્ષા છે. રાજ્યની જે શાળાઓએ પાંચમી સપ્ટેમ્બરે આગવા અભિગમથી, શિક્ષકદિનના કાર્યક્રમોથી ઉજવણી કરી તે સૌને ધન્યવાદ પાઠવું છું.

આ સામયિકને વધુ ગુણવત્તાયુક્ત ને આદર્શ બનાવવા દર માસની જેમ આગામી સમયમાં પણ લેખકમિત્રો, શ્રેષ્ઠ શિક્ષક સર્જકો દ્વારા સુંદર લેખો, ભાવ-પ્રતિભાવો, સામાન્ય જ્ઞાન ક્વીઝ, કારકિર્દી માર્ગદર્શન વગેરે મળી રહે એવી અપેક્ષા છે.

**ડી.એસ.પટેલ**
**સચિવ/તંત્રી**

તા. 20-09-2021

# આઝાદીનો અમૃત મહોત્સવ

**કિશોર આર. ટંડેલ**

**તારા નામમાં ઓ સ્વતંત્રતા, મીઠી શી આ વત્સલતા ભરી !**
**મુરદા મસાણેથી જાગતાં એવી શબ્દોમાં શી સુધા ભરી !**
**- ઝવેરચંદ મેઘાણી**

સ્વતંત્ર-સ્વાધીન એટલે કોઈના તાબામાં નહિ તેવું. માનવી સ્વતંત્રતાને માટે ગમે તેટલી મોંઘી કિંમત ચૂકવવા તૈયાર થાય છે, જેનો ઇતિહાસ સાક્ષી છે.

15મી ઑગસ્ટ-1947થી દર વર્ષે ભારતીયો રાષ્ટ્રધ્વજને વંદન કરે છે. પણ એ સ્વતંત્રતા માટે ભારતીય પ્રજાએ અનેક બલિદાનો આપ્યાં છે. નામી-અનામી અનેક શહીદોના રક્તથી આઝાદીનો ઇતિહાસ લખાયો છે, એ યાદ કરવું જરૂરી બને છે.

15મી ઑગસ્ટ-2021થી આઝાદીના અમૃત મહોત્સવની રંગેચંગે ઉજવણી શરૂ થઈ ગઈ છે, જે આવતા વર્ષની 15મી ઑગસ્ટ સુધી ચાલશે. આઝાદીના 75મા મંગળ પ્રવેશ નિમિત્તે ઉજવણીની થીમ 'નેશન ફર્સ્ટ' રખાઈ તે મુજબ શરૂઆત થઈ છે.

આઝાદી બાદ દેશના અર્થતંત્રમાં ધરખમ પરિવર્તનનો આવ્યાં છે, તમામ ક્ષેત્રે વિકાસ થયો છે. સિદ્ધિઓની વાતો થશે અને ઉજવણી કરવી જોઈએ, પણ સમસ્યાઓ છે તે માટે ભારતીયો શું કરી શકે ? પ્રશ્ન નાગરિક કર્તવ્યનો છે. આપણે આ મહામૂલી આઝાદીને યોગ્ય રીતે સાચવીએ છે ખરા ?

આપણો રાષ્ટ્રપ્રેમ માત્ર રાષ્ટ્રીય તહેવારો પૂરતો મર્યાદિત બન્યો છે કે કેમ ?

સ્વતંત્રતાનો અર્થ મનથી, વિચારથી શિસ્તમાં રહેવું. સ્વતંત્રતાનો અર્થ ગુલામીમાંથી મુક્તિ છે, નિયમો, અનુશાસન અને શિસ્તથી મુક્તિ નથી. ભારત સૌથી મોટી લોકશાહી અને શ્રેષ્ઠ બંધારણ ધરાવતો દેશ છે. પ્રજા જાગૃત થઈ દેશના બંધારણનું યોગ્ય પાલન કરે તે જરૂરી છે. સ્વતંત્રતાની પરિભાષા બદલી મરજી મુજબનું સ્વચ્છંદ વર્તન કરો તે અયોગ્ય છે. સૌએ પોતપોતાનો ધર્મ અને ફરજ નિષ્ઠાપૂર્વક બજાવવા પડે છે. સરકાર સામે માત્ર ફરિયાદો ન કરતાં આત્મનિરીક્ષણ કરવું જોઈએ.

**આ સ્વતંત્રતા છે કે સ્વચ્છંદતા ?**

- ધાર્મિક સ્થળ, બસ-ટ્રેનમાં, જાહેર સ્થળોએ ધક્કા-મુક્કી કરવી, મહિલાઓ, શિક્ષકો, વડીલો માટે આદરભાવ ન રાખવો એ શું સ્વતંત્રતા છે ?
- જાહેર સ્થળે ધૂમ્રપાન, ગાળાગાળી કરવી એ શું સ્વતંત્રતા છે ?
- ગંદકી કરીએ આપણે અને વિચારીએ કે તેની સફાઈ બીજા કરે. આ વિચિત્ર આચરણ શું સ્વતંત્રતા છે ?
- કચરો-બિનઆરોગ્યપ્રદ વસ્તુઓ, હૉસ્પિટલનાં વેસ્ટનો બિન-વૈજ્ઞાનિક રીતે નિકાલ કરવો એ શું સ્વતંત્રતા છે ?
- લોકશાહીમાં ચૂંટણી અનિવાર્ય છે, છતાં મતદાન માટેની ઉદાસીનતા... આ શું સ્વતંત્રતા છે ?
- દરેકના હાથમાં મોબાઈલ એટલે સત્યની પરખ વિના બધું જ ફોરવર્ડ કરી, ફેંક ન્યૂઝનો ફેલાવો કરવો તે શું ઉચિત છે ?
- બંધના નામે હડતાળ કરી રાષ્ટ્રીય સંપત્તિને નુકસાન કરવું, પ્રદૂષણ ફેલાવવું, પર્યાવરણ સાથે ચેડાં કરવા આ શું સ્વતંત્રતા છે ?
- સમારંભોમાં સત્તા-સંપત્તિનું પ્રદર્શન કરવું, અન્નનો બગાડ કરવો એ શું યોગ્ય છે ?

**શિક્ષક માનવવર્તનનો ઈજનેર છે. શિસ્ત, ક્ષમા અને કલાનો ત્રિવેણી સંગમ એટલે શિક્ષક.**

- કામચોરી, કરચોરી કરવી એ શું સ્વતંત્રતા છે?
- વાહન ચલાવતી વખતે સિગ્નલો તોડવા, ખોટી બાજુએથી ઓવરટેક કરવી, હેલ્મેટ વગર બેફામ સ્પીડમાં વાહન ચલાવવાની સાથે મોબાઈલ પર વાતો કરવી, ટ્રીપલ સવારી કરવી, સીટ બેલ્ટ વગર ગાડી ચલાવવી એ શું સ્વતંત્રતા છે?

દરેકે પોતાની જાતને પ્રશ્ન કરવા જેવો છે કે મારા દેશ પ્રત્યે મારું જે કર્તવ્ય છે એ હું સભાનતાથી બજાવું છું કે નહીં. યાદ રાખવું જોઈએ કે દેશ પ્રત્યેની આપણી ફરજો અને જવાબદારીઓ સૌએ પ્રામાણિકતાથી અદા કરવાની છે.

કાયદાનું પાલન કરીએ તો સ્વતંત્રતાને ટકાવી શકાય. આ સહિયારી જવાબદારી અદા કરીએ. ચાલો, સૌ સાથે મળી સંકલ્પ કરીએઃ ''સંપૂર્ણ ઊર્જાથી નવા ભારતનું નિર્માણ કરીશું.'

આઝાદીના અમૃત મહોત્સવે - મહાત્મા ગાંધીજીના અમૃત મૂલ્યોને જીવનમાં ઉતારીએ, એ જ સ્વતંત્રતાનું સુફળ ગણાશે.

**''આ મહામૂલી છે આઝાદી, જતન કરીશું અમે**
**પુષ્પથી મહેકી ઊઠે એવું, ચમન કરીશું અમે**
**હર કોઈ બોલી ઊઠે કે, વાહ ! જાણે સ્વર્ગ છે**
**ખુદ પ્રભુને પણ ગમે એવું વર્તન કરીશું અમે.''**

---

**સંપર્ક:** શ્રી તાપીવન વિદ્યાલય, સરકૂઈ,
તા. માંડવી, જિ. સુરત

## વિશ્વ સાક્ષરતા દિનનું મહત્ત્વ

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ ઈ.સ. 1939માં જણાવ્યું હતું કે - ''જનસમૂહની નિરક્ષરતા એ ભારતનું પાપ છે, કલંક છે અને શરમ છે અને એ દૂર કરવું જ જોઈએ.'' યુનેસ્કો દ્વારા 8મી સપ્ટેમ્બરને 'વિશ્વ સાક્ષરતા દિન' તરીકે ઉજવવામાં આવ્યો છે.

ડેન્માર્કના શિક્ષણકાર ગૂટગોવ અને વિયેટનામના રાષ્ટ્રપિતા ઓ-ચી મિન્હે 'શિક્ષક વિના રાષ્ટ્રની પ્રગતિ પાંગળી ને અધૂરી છે' એમ કહીને સાક્ષરતા અભિમાન માટે શરૂ કરેલી આ ઝુંબેશથી આ બંને મહાન વિભૂતિઓની જન્મતારીખ 8મી સપ્ટેમ્બરે આવતી હોવાથી યુનેસ્કોએ 8મી સપ્ટેમ્બરને 'વિશ્વ સાક્ષરતા દિન' તરીકે ઉજવવાની ભલામણ કરી છે.

જગતની મોટી લોકશાહી ગણાતા આપણા દેશમાં વિકાસની આડે મોટો અવરોધ નિરક્ષરતાનો છે. નિરક્ષર ગણાતા દેશોમાં ધીમે ધીમે આ ઝુંબેશ આગળ વધી. આપણે ત્યાં 1978માં 'રાષ્ટ્રીય પ્રૌઢ શિક્ષણ' કાર્યક્રમ અંતર્ગત આ ઝુંબેશ શરૂ થઈ. આ કાર્યક્રમનું ધ્યેય 15 થી 35 વર્ષની વયજૂથનાં લોકોની નિરક્ષરતા દૂર કરવાનું હતું. લક્ષ્યાંક નક્કી થયો. પાંચ વર્ષના ગાળામાં 1978 થી 1983-84 સુધીમાં 10 કરોડ લોકોને સાક્ષર કરવા, નિરક્ષરોને અક્ષરજ્ઞાન આપવું. 'ઈચ વન ટીચ વન'નું સૂત્ર અપાયું.

આ સાક્ષરતા અભિયાનમાં નાની વયના અને પ્રૌઢો કે જે સાવ ગરીબ, પછાત અને અભણ હતા તેમને ઘેરઘેર જઈ એમને સંસ્થાઓમાં પ્રવેશ આપી વાંચતા-લખતા કર્યા. તેમને વસ્તીશિક્ષણ, પર્યાવરણ અને માનવજીવનનાં નૈતિક મૂલ્યોના પાઠ શીખવાડવાનું શરૂ થયું. યુનેસ્કોના સહયોગથી 'ગૂજરાત વિદ્યાપીઠ' દ્વારા ચલાવાયેલા સાક્ષરતા અભિયાનને અપૂર્વ સફળતા મળી. કુટુંબકલ્યાણના કાર્યક્રમ પ્રત્યે લોકોમાં સભાનતા વધી, બાળમૃત્યુ ઘટ્યા, રસીકરણનો સંદેશ સ્વીકાર્ય બન્યો, સામાજિક દૂષણો ઉપર અંકુશ આવ્યો, મહિલાઓના સમાનતા મુદ્દાને પ્રોત્સાહન મળ્યું. નિરક્ષરતા કોઈપણ દેશ માટે અભિશાપ છે. સાક્ષરતા અભિયાનને સફળ બનાવવું એ આપણી રાષ્ટ્ર પ્રત્યેની પવિત્ર ફરજ છે. 1991માં કેરાલાને અને એર્નાકુલમને પ્રથમ સંપૂર્ણ 100 ટકા સાક્ષર પ્રાંત તરીકે 4-2-1990ના રોજ જાહેર કરાયા હતા. 'દીવે દીવો પ્રગટાવો... અભણને ભણાવો.' નિરક્ષરતા નાબૂદીમાં જ દેશની આબાદી છે.

**-સંકલન**

**''મારો જન્મ મારા માતા-પિતાને આભારી છે, પરંતુ મારું જીવન તો મારા શિક્ષકને જ આભારી છે.'' - એલેક્ઝાન્ડર**

# સમાજનો શિરમોર-શિક્ષક

કમલેશ શુકલ

દુનિયામાં ગુરુ-શિષ્યનો સંબંધ ના હોત તો ખબર જ ના પડત કે ગુરુ ખરેખર શિષ્યની જીવનકેડી કેટલી સુંદર કંડારી શકે છે.

ગુરુત્વ એટલે અવ્યક્ત લાગણી, પ્રેમ અને આનંદથી ઉજવાતો જ્ઞાનોત્સવ.

**વૃક્ષ વિના પાન નહીં,**
**ગુરુ વિના જ્ઞાન નહીં.**

એકવાર શાળામાં ઉજવણીનો પ્રસંગ હતો. મહોત્સવમાં શાળાના આચાર્યશ્રી રાજાને મુખ્ય મહેમાન તરીકે આમંત્રણ આપવા ગયા. રાજાએ નમ્રતાપૂર્વક આમંત્રણનો અસ્વીકાર કર્યો. રાજાએ કારણ બતાવ્યું, 'હું આવીશ તો શિક્ષકોએ મારો આદર જાળવવો પડશે. મને તેમનાથી ઊંચા આસને બેસાડવો પડશે જે મને મંજૂર નથી. કારણ કે આજ સુધી બાળકોને એમ છે કે અમારા ગુરુજીથી મોટું-મહાન-દુનિયામાં કોઈ નથી. આ માન્યતા મારે અકબંધ રહેવા દેવી છે.'

**ગુરુજી હોય અંતરમાં,**
**પછી ગુરુજીથી અંતર ક્યાંથી હોય !**

એક પથ્થર ઘસાય છે અને પગથિયું બને છે અને એક પથ્થર ઘડાય છે અને પરમેશ્વર બને છે. 'ઘસાવું' અને 'ઘડાવું' આ વિશે સમજ પડી જાય એટલે જીવન ઉત્સવમય બની જાય. આ સમજ કેળવવાનું કાર્ય 'ગુરુજીઓ' કરે છે. શિક્ષકો જ બાળકોનું ઘડતર કરે છે.

**ગુરુના દ્વારે કદી ફરિયાદ ના હોય,**
**ગુરુને તો ફરી ફરી યાદ કરવાના હોય.**

પ્રેમ અને સન્માનની ભાવના સૌથી વધુ ગુરુ-શિષ્યના સંબંધમાં જોવા મળે છે. શિક્ષક વિદ્યાર્થીને કદી હુકમ કરતો નથી પણ વિદ્યાર્થીમાં રહેલો 'હું' કમ કરે છે. 'નમ્રતા' એ આદર્શ અને સાચા વિદ્યાર્થીની ઓળખ છે. નમે એ સૌને ગમે. ચંદન અને વંદન બંને સરખાં છે. ચંદન કપાળને શીતળ કરે છે અને વંદન હૃદયને શીતળ કરે છે.

**નમ્રતા એ જ્ઞાનની પારાશીશી છે,**
**વિદ્યાર્થીના અંતરનો બસ એક જ સાદ,**
**ગુરુજી વરસાવે જ્ઞાનનો વરસાદ,**
**વિદ્યાર્થીના મનનો દૂર થાય વિષાદ.**

ચોકબોર્ડનું સ્થાન સ્માર્ટબોર્ડ લઈ શકે, ચોકનું સ્થાન માર્કરપેન લઈ શકે. શૈક્ષણિક કાર્ય માટે મોબાઈલ, લેપટોપ કે પ્રૉજેક્ટર જેવાં સાધનોનો ઉપયોગ થઈ શકે. ટૅક્નોલોજીથી શિક્ષણ અપાય પરંતુ શિક્ષકનું સ્થાન ટૅક્નોલોજી ક્યારેય ન લઈ શકે. એક ઉત્તમ શિક્ષક ટૅક્નોલોજીનું નિર્માણ કરી શકે પરંતુ ટૅક્નોલોજી એક ઉત્તમ શિક્ષકનું નિર્માણ તો ન જ કરી શકે.

એકવાર ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ વ્યાખ્યાન આપતા હતા. એક વિદ્યાર્થીએ પ્રશ્ન કર્યો: સર, 'સ્ટેશન માસ્ટર' અને 'સ્કૂલ માસ્ટર' વચ્ચે શો ભેદ છે ? બધા જ વિદ્યાર્થીઓ જવાબની રાહ જોતા હતા. આ પ્રશ્ન પ્રાસંગિક ન હતો છતાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને ખૂબ જ શાંતિથી મિજાજ ગુમાવ્યા વિના જવાબ આપ્યો-

The Station Master minds the train and the School Master trains the Mind.

**એક વાતનો આપણે કરીએ સ્વીકાર,**
**ગુરુજીના આપણા પર છે લાખો ઉપકાર,**
**ગુરુજી જ કરાવે સદ્‌ગુણોનો સાક્ષાત્કાર,**
**ચાલો કરીએ ગુરુજીને કોટિ કોટિ નમસ્કાર.**

વકીલ, ડૉક્ટર, સી.એ. વગેરેનું વિઝીટીંગ કાર્ડ હોય પણ ક્યારેય શિક્ષકનું વિઝીટીંગ કાર્ડ હોતું નથી. શિક્ષક સમાજ નામના સ્તંભ ઉપર સૌથી ટોચે બેઠો છે. તેની

**શિક્ષક અર્કવાળો, તર્કવાળો, મધુપર્કવાળો અને સતત સંપર્કવાળો હોવો જોઈએ. - પૂ. મોરારિ બાપુ**

પોતાની ઓળખ અને કાગળની ચબરખીને આશ્રિત નથી. એક શિક્ષકની ઓળખ એનું નૉલેજ છે, એની વર્તણૂક છે, એની નિષ્ઠા છે. એક જન્મજાત શિક્ષકનો ભાવ, સ્વભાવ અને પ્રભાવ જબરદસ્ત હોય છે જે સમાજને પ્રભાવિત પણ કરે છે અને પ્રકાશિત પણ કરે છે. શિક્ષક એટલે ગુરુ. ગુરુ એટલે જે લઘુ નથી તે. શિક્ષક પાસે કયારેય 'અભાવ' નામનું તત્ત્વ હોતું નથી. શિક્ષકનું વ્યક્તિત્વ, તત્ત્વ અને સત્વ, શિક્ષકનું પ્રભુત્વ સમાજના અસ્તિત્વનો આધારસ્તંભ છે.

**શિક્ષક હોય સદા બાળકોના વહાલા,**
**વર્ગખંડમાં જોઈ બાળકો થાય ઘેલા,**
**બાળકો વંદન કરે સૌથી પહેલાં,**
**શિક્ષક પણ થાય રાજી જોઈ બાળગોપાલા.**

શિક્ષકના વાહન પર કે ઘરનાં પાટિયાં પર 'Ex Teacher' એવું વાંચવા નહીં મળે. કારણ કે શિક્ષક કયારેય 'ટાયર્ડ' કે 'રીટાયર્ડ' થતા નથી. શિક્ષક આજીવન શિક્ષક જ રહે છે. એક નિવૃત્ત શિક્ષકને પણ તેના ભૂતપૂર્વ અને અભૂતપૂર્વ વિદ્યાર્થીઓ 'સર', 'સાહેબ' કે 'ગુરુજી' કહીને જ સંબોધે છે, બોલાવે છે. વિદ્યાર્થી ગમે તેટલી ઊંચી પોસ્ટ પર હોય પણ ગુરુનું સ્થાન, માન અને સન્માન તેના હૃદયમાં અકબંધ હોય છે. આપણા લોકલાડીલા વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી એમના બાળપણના ગુરુજીઓને મળે ત્યારે દંડવત્ પ્રણામ કરે. અરે, ગુરુજીનું નામસ્મરણ કરતાં જ તેમની આંખો લાગણીથી, સંસ્મરણોથી ભીની થઈ જાય. આને કહેવાય ગુરુભક્તિ, ગુરુશક્તિ અને ગુરુઆસક્તિ.

**જય જવાન, જય કિસાન,**
**જય વિજ્ઞાન, જય શિક્ષક.**

શિક્ષક હંમેશાં પ્રાણવાન જ હોય. જ્યારે શિક્ષક પરસેવે ન્હાય છે ત્યારે જ સમાજમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ સ્થપાય છે. શિક્ષક કેવળ જ્ઞાનનો ધારક જ નથી પરંતુ આરાધક, ઉપાસક, સાધક, વાહક અને સંવાહક છે. શિક્ષકનાં સાધનો પણ શુદ્ધ હોય છે અને સાધના પણ શુદ્ધ હોય છે. જ્ઞાનથી પવિત્ર બીજું શું હોય !

**શિક્ષક છે તો જીવન તોરણ છે,**
**શિક્ષક વગર જીવન તો રણ છે.**

જે રાષ્ટ્ર કે સમાજ શિક્ષકનું ઋણ સ્વીકારે છે, શિક્ષકને સન્માને છે, તેનો મહિમા ગાય છે, શિક્ષકને વંદે છે તે સમાજ શ્રેષ્ઠતા ધારણ કરે છે. એક શિક્ષક જ સમાજમાં સમજ કેળવે છે. સમજ ધરાવનાર સમાજ જ સમૃદ્ધ બને છે.

**શિક્ષક વિશે લખું આજ એક કવિતા,**
**વહાવું કાગળ પર વત્સલ સ્નેહલ સરિતા,**
**શબ્દે શબ્દે ચમકે ગુરુજી રૂપી સવિતા,**
**જગમાં અદ્‌ભુત, અણમોલ છે ગુરુની 'ગુરુતા'.**

શિક્ષક બાળકોને 'અન્નનો કણ' બચાવવા કે પચાવવાનું નથી શીખવતા પણ સાથે સાથે 'આનંદની ક્ષણ'ને જીવતાં અને માણતાં શીખવે છે. કેવળ પેટિયું રળવાં જ નહીં પરંતુ અન્નના પ્રત્યેક કોળિયાને મીઠો બનાવતાં શીખવે છે. કેળવણી બાળકોના આર્થિક વિકાસ પર જ નહીં પરંતુ સામાજિક અને આધ્યાત્મિક વિકાસ પર ભાર મૂકે છે. આપણાં બાળકો શારીરિક રીતે તંદુરસ્ત બને, માનસિક રીતે શાંત બને, લાગણીઓમાં સમતોલ બને અને આધ્યાત્મિક રીતે પરિપક્વ બને એ જ કેળવણીનો હેતુ છે. શિક્ષક એમાં સેતુ બને છે, બાળકો પર હેત વરસાવીને આ હેતુને સાકાર કરવા આજીવન પ્રયત્નશીલ અને પરિવર્તનશીલ રહે છે.

**અજવાળું ફેલાવી જાણે સુંદર મજાનો દીપક,**
**જ્ઞાનપ્રકાશ રેલાવી જાણે એનું નામ શિક્ષક.**

વેદમાં એક જગ્યાએ શિક્ષકને 'ગાતુવિદ્' કહ્યો છે. 'ગાતુ' એટલે ગમન-માર્ગ અને 'ગાતુવિદ્' ગમન-માર્ગને ખોળનારો, જેને અંગ્રેજીમાં 'Path Finder' કહે છે. શિક્ષક માટે વેદનો આ વિશેષ શબ્દ છે. વેદ શિક્ષકને અત્યંત શક્તિશાળી માર્ગદર્શકના રૂપમાં જુએ છે. પથશોધક શિક્ષક જ બાળકોનો પથદર્શક બને છે. Path Finder becomes

**બાળકને જોઈ જે રીઝે, રીઝે બાળક જોઈ જેને, વત્સલ મૂરત સ્નેહલ સૂરત, હૃદયહૃદયના વંદન તેને.**

Path Founder. વિદ્યાર્થીઓ ભણાવનારા શિક્ષક કરતાં પ્રેરણા આપનારા શિક્ષકોને વધુ યાદ રાખે છે, વધુ માન આપે છે. બાળકોને પ્રેમ કરી શકનારા જન્મજાત શિક્ષકો પેઢીઓનું ઘડતર કરવાનું મંગલ કાર્ય કરે છે. શિક્ષક મૂર્તિ નહીં મૂર્તિકાર છે. કોઈએ એક શિક્ષકને પૂછયું, 'તમે શું કરો છો ?' શિક્ષકે સરસ જવાબ આપ્યો, 'શાળામાં હીરા ઘસું છું.'

શિક્ષક જ બાળકોમાં આત્મવિશ્વાસ જગાડી શકે છે.

**"તું એકલો નહીં એકડો છે ઊઠ,**
**હજારો મીંડાં તારી રાહ જુએ છે,**
**તારું મૂલ્ય સમજ,**
**ઝુમતા નહીં આવડે તો ચાલશે પણ**
**ઝઝુમ્યા વગર તો છૂટકો જ નથી..."**

મા-બાપ સિવાય આવાં શબ્દો કહેવાવાળું દુનિયામાં માત્ર એક જ પાત્ર હોય છે, એ છે શિક્ષક.

શિક્ષકની સુંદર વ્યાખ્યા હૃદયને સ્પર્શી જાય એવી છે-

**શિ - શિખર સુધી લઈ જાય છે.**
**ક્ષ - ક્ષમાની ભાવના કેળવે છે.**
**ક - કમી કે કમજોરી દૂર કરે છે.**

એક કવિ કહે છે -

**કાષ્ઠને ચંદન કરે, ઉરને નંદન કરે,**
**એવા શિક્ષકને કોણ ના વંદન કરે ?**

સમાજના ઘડતર, ચણતર અને ભણતરમાં એક કલમ, પુસ્તક, બાળક અને શિક્ષક અભિન્ન અંગો છે જે સમાજને બદલી નાખવાની તાકાત ધરાવે છે.

જીવનની સફર તો તદ્દન મફત છે પરંતુ છે કિંમત તો માત્ર ગમતા વિસામાની. શિક્ષકથી મોટો અને મનગમતો વિસામો બીજો કયો હોઈ શકે ?

એક શિક્ષકની બસ એટલી જ અભ્યર્થના હોય -

**શાળા, બાળક, શબ્દો ને પ્રેમ**
**ચાર ધામ છે મારા**
**મને કાશી, મથુરા કે હરિદ્વાર ન આપો,**
**હું શિક્ષક છું.**

એક વિદ્યાર્થીની, શિક્ષકદિન પર એટલી જ પ્રાર્થના હોય -

**ગુરુજી આપને આપું હું અંતરથી આવકાર,**
**તમારા અમ પર અગણિત છે ઉપકાર,**
**આપનો સર્વત્ર થાય ખૂબ જયજયકાર,**
**આપના પાવન ચરણોમાં કોટિ કોટિ કરું નમસ્કાર.**

**સંપર્ક : એ.પી. ઠાકર હાઈસ્કૂલ,**
**મુ. ગાંઠીઓલ, તા. ઈડર, જિ. સાબરકાંઠા**

## હિન્દી દિન (14 સપ્ટેમ્બર)નું મહત્ત્વ

તમને ખબર છે, હિન્દી ફક્ત ભારતમાં જ નહિ વિશ્વના ઘણા દેશોમાં જાણીતી વિશ્વની અગ્રણી ભાષા છે. દર વર્ષે 'વિશ્વ હિન્દી સંમેલન' ભરાય છે. ઘણીવાર તે ભારતની બહાર અન્ય દેશમાં ભરાય છે. આમ છતાં, ખુદ આપણા દેશમાં જ હજુ હિન્દી નહિ જાણનારી વસ્તી કરોડોની છે. હિંદીનો મહિમા લોકો સમજે તે હેતુથી દર વર્ષે 14મી સપ્ટેમ્બરે 'હિન્દી દિવસ' ઉજવવાનું ઠરાવ્યું છે.

સંપૂર્ણ વૈજ્ઞાનિક અને પરિપૂર્ણ ભાષા સંસ્કૃતની હિન્દી દીકરી છે. તેનામાં સઘળા પ્રકારની ક્ષમતા છે. તે કરોડો લોકોની માતૃભાષા છે અને બીજા કરોડો લોકો તેને સમજી શકે છે. હિન્દી ભારત જેવા મહાન અને સ્વતંત્ર દેશની સત્તાવાર રાજ્યભાષા છે. હિન્દીમાં ઉત્તમ સાહિત્ય છે.

આ દિવસે વક્તાઓ હિન્દીનો મહિમા સમજાવતાં પ્રવચનો આપે છે. ઘણે સ્થળે હિન્દી લેખનની સ્પર્ધાઓ યોજવામાં આવે છે. આકાશવાણી તથા દૂરદર્શન વિશેષ કાર્યક્રમો આપે છે. ખાસ ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવે છે. હિન્દી ભાષામાં લખતા બિનહિન્દીભાષી લેખકોનું સન્માન કરવામાં આવે છે. ક્યારેક હિન્દી ભાષામાં નોંધપાત્ર સિદ્ધિરૂપ કાર્યક્રમોનો આરંભ કરવામાં આવે છે.

('વાસરિકા દિનવિશેષ'માંથી સાભાર)

**શિક્ષકોનો પક્ષ હારી બેસશે તો જગતની સંસ્કૃતિ નામશેષ થઈ જશે. - કાકા કાલેલકર**

# ગુણવંતા શિક્ષક : ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્

સુભાષ પટેલ 'એકાંત'

'જીવનની ખીલવણી અને સદ્‌ગુણોનો સરવાળો એટલે શિક્ષણ' આવું માનનારા અને તે પ્રમાણે જીવનને ઢાળનારા આજીવન શિક્ષક ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને, પોતાનો જન્મદિવસ એટલે કે 5 મી સપ્ટેમ્બર શિક્ષકદિન તરીકે ઉજવી દેશના શિક્ષકોનું ગૌરવ વધાર્યું છે. સ્વતંત્ર ભારતના દ્વિતીય રાષ્ટ્રપતિ તરીકે સેવા આપનાર આ મહાન વિભૂતિ, પ્રખર ચિંતક, વિચારક, તત્ત્વજ્ઞાની અને ભારતીય સંસ્કૃતિના પુરસ્કર્તા તો હતા જ પરંતુ તે ઉત્તમોત્તમ શિક્ષક હતા. કવિશ્રી રમેશ પારેખ સુંદર વાત કરે છે :

**"પાંચીકાના હોય, હોય નહીં કદી સંતના ઢગલા,**
**સંત સહુને મુક્તિ વહેંચે,**
**નહિ વાઘા, નહીં ડાકલા દુર્લભ**
**એ દરવેશ કે જેના કાળ સાચવે પગલાં.'**

શિક્ષક તરીકે વર્ગમાં જ્યારે તેઓ ભણાવતા ત્યારે વિદ્યાર્થીઓ મંત્રમુગ્ધ બનીને અભ્યાસ કરતા. એમની અલૌકિક આત્મીયતાને લીધે બધા જ વિદ્યાર્થીઓ તેમને ખૂબ જ આદર આપતા. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન પણ વિદ્યાર્થીઓમાં અને તેમના અભ્યાસમાં અંગત રસ લઈ પ્રેમાળ રીતે માર્ગદર્શન આપતા જેના કારણે તેઓ વિદ્યાર્થીઓના દિલમાં સ્થાન પામ્યા હતા. જ્યારે તેઓ મૈસૂરથી કલકત્તા જવા માટે નીકળ્યા ત્યારે તેમને ઘોડાગાડીમાં બેસાડી વિદ્યાર્થીઓ જાતે ગાડી ખેંચીને રેલવે સ્ટેશન સુધી મૂકવા આવ્યા હતા. મૈસૂરના રસ્તા ઉપર ગુરુ શિષ્યોનો અદ્‌ભુત સ્નેહ દર્શાવતું આ દશ્ય જોઈ સૌ અચંબામાં પડી ગયા હતા. મહાન તત્ત્વચિંતક જે. કૃષ્ણમૂર્તિ કહે છે કે :

**'શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનો સ્નેહસંબંધ**
**એ જ શિક્ષણનું સર્વોત્તમ સાધન છે.'**

આવા મહાન શિક્ષકનું મૂળ ગામ સર્વપલ્લી હતું પરંતુ તેમની બે પેઢીથી આખો પરિવાર તિરૂતની નામના ગામમાં રહેતો હતો. મધ્યમવર્ગીય બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલા રાધાકૃષ્ણને પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ તિરુતનીમાં મેળવીને સ્નાતકનો અભ્યાસ વેલ્લોરમાં કર્યો અને પછી આગળનો અભ્યાસ મદ્રાસની ક્રિશ્ચિયન કૉલેજમાંથી પ્રાપ્ત કર્યો હતો.

ડૉ. રાધાકૃષ્ણનના પિતાશ્રી વીરસ્વામી એક શિક્ષક હતા. સાથે પુરોહિત તરીકે કર્મકાંડ પણ કરતા જેના કારણે ડૉ. રાધાકૃષ્ણનને બાળપણથી જ સંસ્કાર અને શિક્ષણ વારસાગત મળ્યા હતા. તેમનો જન્મ 5 સપ્ટેમ્બર 1888 માં થયો હતો. તેઓ ભણવામાં પહેલેથી જ અત્યંત તેજસ્વી હતા. તેમની તેજસ્વિતાનું તેજ તેમના ચહેરા પર ઝગારા મારતું હતું. ડૉ. રાધાકૃષ્ણનનું કુટુંબ જીવનનિર્વાહનો ખર્ચ કાઢી શકતું પરંતુ ભણતરનું ખર્ચ કાઢવું મુશ્કેલ હતું. આ બાળ રાધાકૃષ્ણન સારી રીતે જાણતા હતા તેથી તેમના અભ્યાસનો ખર્ચ કાઢવા માટે અન્ય વિદ્યાર્થીઓના ટ્યુશન કરી પોતાના અભ્યાસના ખર્ચની વ્યવસ્થા કરી લેતા.

અભ્યાસ પૂર્ણ કરી ઈ.સ. 1908માં મદ્રાસની પ્રૅસિડન્સી કૉલેજમાં આસિસ્ટન્ટ પ્રૉફેસર તરીકે જોડાયા અને આ સમય દરમિયાન દેશ-વિદેશના અખબારોમાં મનનીય લેખો લખ્યા જેના કારણે વિચારકોમાં ખૂબ પ્રસિદ્ધ થયા. ડૉકટર રાધાકૃષ્ણ પીએચ.ડી. ન કરી શક્યા પરંતુ આગળ જતા ઘણી બધી યુનિવર્સિટીઓએ તેમને ડૉકટરેટની માનદ્ પદવી આપી સન્માનિત કર્યા હતા.

ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ કહે છે કે :

**'મને લાગે છે કે વિશ્વમાં બીજો કોઈ એવો વ્યવસાય નથી**
**જે શિક્ષક કરતાં વધારે મહત્ત્વનો હોય.'**

બ્રિટિશ શાસન સમયે કલકત્તા વિશ્વવિદ્યાલય શિક્ષણ માટે શ્રેષ્ઠ ગણાતું. આ અગ્રગણ્ય વિશ્વવિદ્યાલયના પોસ્ટ ગ્રૅજ્યુએટ વિભાગના ફિલોસોફીના પ્રૉફેસર તરીકે ડૉ. રાધાકૃષ્ણનને નિમણૂક મળી તેમાં તેમની પ્રતિભા ઝળહળી ઊઠી અને તેઓએ આંતરરાષ્ટ્રીય કૉંગ્રેસના

**જ્ઞાનરૂપી પાક વહેંચવા માટે હું એક શિક્ષક જ બનવાનું પસંદ કરું. - સ્વામી રામતીર્થ**

પ્રતિનિધિ બનીને અમેરિકાની વિખ્યાત હાર્વર્ડ યુનિવર્સિટીમાં મનનીય પ્રવચનો આપ્યા. જ્યારે તેઓ બોલતા ત્યારે ઘડીભર એવો અનુભવ થતો કે જાણે બીજા વિવેકાનંદ ઉદ્‌બોધન કરી રહ્યા છે. તેમણે વિદેશની ધરતી પર ભારતીય દર્શનશાસ્ત્રનો તુલનાત્મક દૃષ્ટિકોણ સમજાવી ભારતની એક સુંદર તસવીર આખા વિશ્વ સામે ઊભી કરી હતી.

મદનમોહન માલવિયાજીએ વારાણસીમાં સ્થાપેલ હિંદુ વિશ્વવિદ્યાલયના કુલપતિ તરીકે વિના વેતને સંનિષ્ઠ સેવાઓ આપી હતી. ઈ.સ. 1938માં ડૉ. રાધાકૃષ્ણનની મુલાકાત સેવાગ્રામ ખાતે ગાંધીજી સાથે થઈ ત્યારે રાધાકૃષ્ણનની તર્કશક્તિથી અંજાઈને તેમનું અભિવાદન કરતાં ગાંધીજીએ કહ્યું હતું કે : 'તમારે માટે તો ઈશ્વર, સત્ય અને પ્રેમ એક જ છે ને ! ઈશ્વર ઇચ્છે છે કે આપણે પરિણામની ચિંતા કર્યા વગર સત્ય અને પ્રેમના અનુયાયી બનવાનું છે.'

ડૉ. રાધાકૃષ્ણને પોતાના જીવનનાં ચાલીસ વર્ષ શિક્ષણસાધનામાં વિતાવ્યા અને આજીવન શિક્ષક તરીકે ઓળખાવાનું પસંદ કર્યું. તેઓ એટલા પ્રભાવશાળી હતા કે તેમણે શિક્ષણ, લેખન, વક્તૃત્વ, શાસનવ્યવસ્થા, રાજનીતિ અને દર્શનશાસ્ત્ર જેવા અનેક ક્ષેત્રમાં પોતાનું મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. તેઓ રોજના 12 થી 18 કલાક સતત કામ કરતા. તેઓ કલકત્તામાં પ્રૉફેસર તરીકે કામ કરતા અને ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં પણ ભણાવતા. જ્યારે રશિયામાં રાજદૂત તરીકે કાર્યરત હતા તે સમયે લંડન ભણાવવા માટે જતા. આ એક વિલક્ષણ સંયોગ હતો.

ભારતીય સંસ્કૃતિની ધરોહર સમા સ્વામી વિવેકાનંદ કહે છે

**'એક પૂર્ણ શિક્ષક એટલે હરતી-ફરતી લાઈબ્રેરી.'**

શિક્ષણશાસ્ત્રીના રૂપમાં તેમણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંમેલનમાં અધ્યક્ષપદ શોભાવ્યું હતું. તેઓ સ્પષ્ટવક્તા રહીને વિનમ્રતાથી સરકારી ખાતાઓમાં કામ કરતા. તેમના વ્યક્તિત્વમાં પ્રતિભાજન્ય શિસ્ત હતી. સોવિયેત રશિયા અને ભારતના મૈત્રીપૂર્ણ સંબંધોની શરૂઆત ડૉ. રાધાકૃષ્ણનના પ્રયત્નો થકી થઈ હતી.

ભારતનું બંધારણ અમલમાં આવ્યા પછી ભારતમાં પહેલીવાર ચૂંટણી થઈ અને ડૉ. રાધાકૃષ્ણન ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ બન્યા. સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ પછી તેઓ રાષ્ટ્રપતિ પણ બન્યા. તે સમયે રાષ્ટ્રપતિને મળતો પગાર રૂપિયા દસ હજાર છોડી ખર્ચ પૂરતા માત્ર અઢી હજાર રૂપિયા પગાર લઈને તનતોડ કામ કરતા. તેમણે તેમની લેખનયાત્રા દરમિયાન 150 જેટલા જ્ઞાનસભર પુસ્તકોનું સર્જન કર્યું છે. તેમાં તેમનું જગપ્રસિદ્ધ પુસ્તક 'ઈન્ડિયન ફિલોસોફી' તેમની કલમની કમાલ સમાન છે.

આવા મહાન વિદ્યાપુરુષને ઈ.સ. 1954માં 'ભારતરત્ન'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. ભારતમાતાના પનોતા પુત્ર, પ્રાજ્ઞપુરુષ, પૂર્વ-પશ્ચિમની તાત્ત્વિક વિચારસરણીના સેતુરૂપ, પ્રખર તત્ત્વજ્ઞ, માનવતાવાદી રાજપુરુષ ઈ.સ. 1975માં 87 વર્ષની વયે સ્વર્ગવાસી થયા. તેમના અવસાનથી સમગ્ર દેશ શોકમગ્ન બન્યો. આ મહામાનવ ખરેખર અમર બની ગયા અને સમગ્ર વિશ્વમાં ધ્રુવતારક જેવું અવિચળ સ્થાન પામ્યા.

કવિશ્રી ચંદ્રકાન્ત શેઠ ખૂબ સુંદર વાત કરે છે :

**'એક તાંતણો એવો વણીએ જેમાં વણાય જગ;**
**એક જ એવું ડગ ભરીએ જ્યાં સઘળા સમાય પથ !'**

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને ગ્રંથસ્થ કરેલો જ્ઞાનવારસો અને કર્મવારસો ભારતની વર્તમાન અને ભાવિ પેઢીને ભારતીય સંસ્કૃતિના અનોખા રંગે રંગતો રહેશે. સમગ્ર વિશ્વમાં એક ફિલસૂફ અને ઉત્તમ શિક્ષક તરીકે ભારતનું નામ રોશન કરનાર આ સંસ્કારમૂર્તિના ભીતરી વિશ્વાસ અને અક્ષરી આવાસને કોટિ કોટિ વંદન...

---

**સંપર્ક : શ્રી એમ.પી.શાહ હાઈસ્કૂલ, જીતપુર**
**તા. બાયડ, જિ. અરવલ્લી**

**"શિક્ષક ક્રાંતિવીર છે, તે વિદ્યાર્થીરૂપી માધ્યમ દ્વારા સમાજ અને રાષ્ટ્રનું નવઘડતર કરી શકે છે." -ચાણક્ય**

# ટીચર્સ ડે ઓપન લેટર

ડૉ. અમૃતલાલ પી. પટેલ

**(શિક્ષકદિન નિમિત્તે મારા વહાલા વિદ્યાર્થીઓને ખુલ્લો પત્ર)**

**મારા વહાલા વિદ્યાર્થી ભાઈ-બહેનો,**

નમસ્કાર...

દર વર્ષે પાંચમી સપ્ટેમ્બરના રોજ ઉજવાતા શિક્ષકદિનના મૂળ ઉદ્દેશ્યને આપણે સમજીએ. કોઈપણ સફળ વિદ્યાર્થી પાછળ આદર્શ શિક્ષકનો હાથ રહેલો છે. મા-બાપ જ્યારે પોતાના સંતાનને શાળામાં પ્રવેશ અપાવે છે ત્યારથી એની એક કુમળા છોડની જેમ માવજત કરી, ભણાવી-ગણાવીને સક્ષમ સજ્જન બનાવનાર શિક્ષક જ હોય છે. તેથી વિદ્યાર્થીના જીવનમાં મા-બાપ પછીનું જો કોઈનું સ્થાન હોય તો તે શિક્ષકનું જ છે. આ બાબત તમો જ્યારે શિક્ષણમાં પારંગત બની, મોખરાના સ્થાને બિરાજશો ત્યારે જ તમોને સમજાશે!

વિદ્યાર્થીઓના ગમા-અણગમા, શિસ્ત કે સંસ્કારિતાના ગુણો આત્મસાત્ કરાવવા પાછળ કર્મઠ, પ્રામાણિક, નિષ્ઠાવાન અને સ્વાભિમાની શિક્ષકોનું મોટું યોગદાન રહેલું છે. વિદ્યાર્થીઓનું ભાષા પરનું પ્રભુત્વ, પ્રભાવશાળી વ્યક્તિત્વ, નિષ્ઠા, પ્રામાણિકતા અને સ્વયંશિસ્ત દાખવવાની સમજ તમારામાં સીંચેલ મૂલ્યો અને કેળવેલાં કૌશલ્યો પણ એક શિક્ષકને જ આભારી છે ! સમયપાલન, તંદુરસ્તી જાળવવા માટે પૌષ્ટિક આહાર, તનાવમુક્ત જીવનશૈલી, કુટેવો, મદ્યપાન, જુગાર, પાન મસાલા, ગુટખા, બીડી-સિગારેટ જેવાં વ્યસનોને જડમૂળથી નાબૂદ કરી સુટેવોના ઘડતર માટે આપેલ મહત્ત્વપૂર્ણ યોગદાન અને તમને માનવતાવાદી વિચારસરણી અપનાવવા માટે શિક્ષકે કરેલ અથાગ પ્રયત્નો હોય છે.

**વિદ્યાર્થીમિત્રો,** તમે પરીક્ષામાં સારા માર્ક્સ મેળવવાનું ધ્યેય જરૂર રાખો. પરિણામની ટકાવારી કરતાં તમે પસંદગીના ક્ષેત્રમાં કરેલ પ્રગતિ ખૂબ મહત્ત્વની છે. પોતાના સંતાનોને ડૉક્ટર, ઈજનેર, વકીલ કે C.A. બનાવવાનું સ્વપ્ન દરેક મા-બાપ જુએ છે. પરંતુ સમાજને એક સારો મિકેનિક, વાયરમેન, કડિયો, સુથાર કે લુહાર જેવા વ્યવસાયોમાં કુશળ કારીગરોની વિશેષ જરૂર છે. સારા નેતા, અભિનેતા, ચિત્રકાર કે રમતવીરોની પણ જરૂર છે. ટૂંકમાં સમાજને એક સારા અને સાચા માનવીની જરૂર છે. એવા તમે બનશો તો હું મારી 'શિક્ષકજાત' ને ભાગ્યશાળી સમજીશ.

આજે, એક સંનિષ્ઠ શિક્ષક તરીકે તમોને સોનેરી સલાહ-સૂચન આપું છું કે,

- મા-બાપ અને કુટુંબીજનોને જીવનમાં ક્યારેય ભૂલશો નહિ.
- સાચા હૃદયથી વિદ્યાર્થીધર્મ નિભાવજો ! ખોટી ચમક-દમકથી અંજાઈ ના જતાં, સાદાઈ, ઈમાનદારી, હોશિયારી દાખવનાર શિક્ષકોની સેવાને બિરદાવજો.
- તમારો આત્મવિશ્વાસ જાળવી રાખજો. સ્વાભિમાની, નિષ્ઠાવાન અને કર્મનિષ્ઠ બનજો.
- તમારી શાળા, સહપાઠી મિત્રો અને તમારા ઉમદા શિક્ષકોને ક્યારેય ભૂલશો નહિ. તેઓની કદર કરી આભાર માનવાનું ચૂકશો નહિ.
- તમારું જ્ઞાન, વચનો, આજ્ઞા, વિવેકબુદ્ધિને કામે લગાડી ખંત, ધીરજ દાખવી ગુસ્સા પર કાબૂ મેળવી સહનશીલતા દાખવજો.
- શાળાની સહ-અભ્યાસ પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહી ભાગ લેજો. જે તમારા સર્વાંગી વિકાસ માટે અત્યંત જરૂરી છે.
- માનવજાત માટે પ્રેમ, લાગણી અને સહાનુભૂતિ દાખવજો.
- ગમે તેવા કપરા સંજોગોમાં હંમેશાં પ્રસન્ન રહેજો.

**વિદ્યાર્થી મિત્રો,**

શિક્ષક તરીકેનું અમારું કાર્ય સહેલું નથી. તમે ભણી-ગણીને ઉચિત પદ-પ્રતિષ્ઠા મેળવી સજ્જન-સન્નારી બનો છો ત્યારે અમો ખૂબ જ પ્રસન્નતા અનુભવીએ છીએ.

**શિક્ષકમાં શૈક્ષણિક ક્ષમતા સાથે જીવન પ્રત્યેનો ઉચ્ચ આદર્શપૂર્ણ અભિગમ પણ હોવો જોઈએ.- સરદાર વલ્લભભાઈ પટેલ**

તમારા જેવા હજારો વિનયી, વિવેકી અને પ્રબુદ્ધ શિષ્યો અમોને પત્રો પાઠવીને કે રૂબરૂ મળી ચરણસ્પર્શ કરે ત્યારે અમો અત્યંત આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ. તમારા ચહેરાની રોનક અને આંખોની ચમક અમોને સતત પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડે છે.

અંતમાં, મારા ત્રીસ વર્ષના શિક્ષક, અધ્યાપક અને આચાર્ય તરીકેના સ્વાનુભવના આધારે આજના એકવીસમી સદીના ડિજિટલ યુગના વિદ્યાર્થી મિત્રોને લેખમાં આ બાબતો જણાવું છું. જો તમે અત્યંત ગરીબ પરિવારમાંથી આવતા હો તો તમારે તમારી જાત પર ભરોસો રાખવો પડે. તિરસ્કારોને ઢાલરૂપી પગથિયાં બનાવી તેના પરથી ટોચ (મંઝિલ) પર પહોંચતા તમારે શીખી લેવું પડશે. તમારા ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું.

લિ. આપનો સહૃદયી શિક્ષક

**સંપર્ક : અખંડ આનંદ વિદ્યાભવન,**
**વેડ રોડ, સુરત-395004**

## હું શિક્ષક ઘડવૈયો

હું શિક્ષક ઘડવૈયો છું.
કલા શીખવીને તમને કલેક્ટર બનાવું.
પાટીમાં પેન ચલાવતા અને
આકાશમાં પ્લેન ચલાવતા કરું.
માટીનાં રમકડાં બનાવતા
તમને ઍન્જિનિયર બનાવું.
પીંછી પકડાવી પળવારમાં
ચિત્રકાર બનાવું.
નખ અને વાળ કાપીને
તંદુરસ્તી આપનાર ડૉક્ટર બનાવું.
ઢોલ ખંજરી બજાવતા
તમને સંગીતકાર બનાવું.
પ્રયોગોની કેડી પાથરીને વૈજ્ઞાનિક બનાવું.
હું ગમું જો તમને, તો મારા પ્રતિબિંબ
જેવા શિક્ષક બનાવું અને તમારે કાંઈ
બનવું જ ન હોય તોપણ
તમને ઉત્તમ માનવી તો બનાવું જ,
કારણ કે હું શિક્ષક ઘડવૈયો છું.

**- મંગુભાઈ એમ. પ્રજાપતિ, પાલનપુર**

## હું છું શિક્ષક

હું છું શિક્ષક.
ચાલે મારી અહોનિશ શાળા !
કોણ હશે ત્યાં બાળક-બાળા ?
શાળા મારી સૂની છેક જ.
મળ્યો શિષ્ય છે મુજને એક જ.
કોણ હશે એ ?
દર્પણમાંહી જેહ દીસે, એ.
ચાલે એનું નિશદિન ભણતર.
ચાલ્યા કરશે આખું શું જીવતર ?
ભણ્યો ખરો ? કે રહ્યો અબુધ વા
કદી કદીક એ જરી પરખવા,
કાન, ઝાલીને ઊભો કરું છું.
વિવિધ સમાજ મહીં, જ્યાં ફરું છું.
જગ છે એનું મૂક પરીક્ષક.
ચાલે એનું સતત પરીક્ષણ.
ને ના થાયે પૂરું શિક્ષણ
શિષ્ય તણું, જેનો છું શિક્ષક.
હું છું શિક્ષક.

**- કવિ : ઉમાશંકર જોશી**

શિક્ષકનું કામ વિદ્યાર્થીનું ઘડતર કરવાનું છે. તેને પારંગત ગણિતશાસ્ત્રી, સફળ વિજ્ઞાની કે ધાણી-ફૂટ ભાષા બોલતો કરવા ઉપરાંત 'સારો માણસ' કે 'સારો નાગરિક' બનાવવાનું કામ શિક્ષકનું છે. પરંતુ આ ક્યારે થઈ શકે ? શિક્ષક પોતે ઘડાયેલો હોય કે દિવસે દિવસે ઘડાતો જતો હોય તો જ તેના વિદ્યાર્થીને ઘડી શકે.

ઉપરના કાવ્યમાં શ્રી ઉમાશંકર જોશીએ આ વાત કાવ્યમય રીતે કરી છે. શિક્ષક કહે છે કે મારી શાળા રાત અને દિવસ સતત ચાલ્યા કરે છે. આ શાળામાં ફક્ત એક જ વિદ્યાર્થી છે અને હું જ છું. તેનો ભાવાર્થ એ છે કે શિક્ષકે પણ સતત ભણતા રહેવાનું છે, ઘડાતા રહેવાનું છે, પ્રગતિ કરતા રહેવાનું છે, નવું નવું શીખતા અને જાણતા રહેવાનું છે. પોતે સતત ચિંતન કરતા રહીને, શિક્ષકે પોતાની જાતને વિદ્યાર્થી સમજી તેને ઘડ્યા કરવાની છે. સાચા શિક્ષકનું આ લક્ષણ છે. આવો શિક્ષક જ દીવે દીવો પ્રગટે તેમ અનેક વિદ્યાર્થીઓમાં જ્ઞાનદીપક પ્રગટાવી શકે. **(સંકલન)**

**પ્રયોગશીલ, પરિવર્તનશીલ, પ્રવૃત્તિશીલ, પથદૃષ્ટા, પ્રતિભાશાળી, પ્રેરણાની મૂર્તિ અને પ્રસન્નતાની પ્રતિમા એટલે કર્મયોગી - કર્મનિષ્ઠ - શ્રેષ્ઠ શિક્ષક.**

## શિક્ષકથી રાષ્ટ્રપતિ સુધીની સફર કરનાર

# મહામાનવ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્

**નીરૂબેન મગનભાઈ પરમાર**

ડૉ. એ.પી.જે અબ્દુલ કલામે કહ્યું છે કે ''મને વૈજ્ઞાનિક કે રાષ્ટ્રપતિ તરીકે નહિ, શિક્ષક તરીકે આવનારી પેઢી યાદ રાખશે તો ધન્યતા અને જીવનની સાર્થકતા અનુભવીશ''.

પ્રખર અર્થશાસ્ત્રી કૌટિલ્યની એ ઉક્તિ - 'શિક્ષક કભી સાધારણ નહિ હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મેં પલતે હૈ'. સાચા અર્થમાં ચરિતાર્થ કરનાર અસાધારણ શિક્ષક છે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ એટલે કે શિક્ષકની સફરથી રાષ્ટ્રપતિ સુધીની સફળ યાત્રા કરનાર ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્. પ્રજાસત્તાક ભારતના પહેલા ઉપરાષ્ટ્રપતિની જન્મતિથિને 'શિક્ષકદિન' તરીકે ઉજવવાની શરૂઆત 1962થી થઈ. તેઓનો જન્મ 5 સપ્ટેમ્બર 1888 મદ્રાસમાં થયો હતો. પિતા વીરસ્વામી ગોરપદું કરતા હતા. દક્ષિણના રિવાજ મુજબ નામની પહેલાં ગામનું નામ લખાય તેથી તેમનું નામ સર્વપલ્લી ગામ ઉપરથી પડયું સર્વપલ્લી રાધાકૃષ્ણન્.

ડૉ. રાધાકૃષ્ણન્માં રાધાજીનો પ્રેમ હતો અને શ્રી કૃષ્ણનો જ્ઞાન, ભક્તિ અને કર્મનો સિદ્ધાંત હતો. મહાન તત્ત્વજ્ઞાની, મહાન વિદ્યાપ્રેમી, મહાન રાજકર્તા, મહાન વહીવટીકર્તાનો સંગમ એટલે... ડૉ. રાધાકૃષ્ણન્. 'સત્ય જ ઈશ્વર છે' તેનું જગતને જ્ઞાન કરાવનાર જ્ઞાનના સાગર, સ્વપુરુષાર્થી, પ્રકૃતિપ્રેમી, એકાંતમાં સતત ચિંતન-મનન કરનારા, સૂર્યની ગતિએ કામ કરનારા, ગંગાની ધારા જેવા પવિત્ર, નિર્મળ આકાશ જેવું વિશાળ હૃદય ધરાવનાર... સમસ્ત વિશ્વના માનવમાત્રના પ્રીતિ-પાત્ર એવા રાધાકૃષ્ણન્ને પુસ્તકોની મૈત્રી પ્યારી હતી. ત્યારે યાદ આવે રાજકવિ, પ્રેમી અને તત્ત્વજ્ઞાની કવિ 'કલાપી'ના શબ્દો - 'જીવીશ, બની શકે તો, એકલાં પુસ્તકોથી.'... આ વાતને જીવનમાં આત્મસાત્ કરી છે. તેમનું તમિલ, તેલુગુ અને અંગ્રેજી ભાષા પરનું બેજોડ પ્રભુત્વ. ના છોડી ભારતીય સંસ્કૃતિ કે પહેરવેશ. વિદેશી યુનિવર્સિટીમાં પણ પ્રાધ્યાપક તરીકે લાંબો કોટ, ધોતિયું ને મદ્રાસી પાઘડી... 'દેશ છોડે, પહેરવેશ ન છોડે' તે આનું નામ. તેમના શૈક્ષણિક જીવનમાં રાજનીતિએ ક્યારેય પ્રવેશ કર્યો નથી. મદ્રાસની સૅન્ટ ઝેવિયર્સમાં તેમના જ્ઞાનથી પ્રભાવિત થઈ કોઈકે કહ્યું કે તમે ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં ભણવા માટે જજો. ત્યારે ડૉ. રાધાકૃષ્ણન્ કહ્યું કે ''હું ત્યાં ભણવા નહિ, ભણાવવા જવાનો છું.'' અદ્ભુત આત્મવિશ્વાસ. જ્ઞાન, વિદ્યા, તપ, યોગ છે, સાધનામાર્ગ છે તેવું તેઓ માનતા. કૅમ્બ્રિજ અને ઑક્સફર્ડ યુનિવર્સિટીઓ તેમને પોતાને ત્યાં ભણાવવા માટે બોલાવવાનું આમંત્રણ આપી ગૌરવ અનુભવતી અને તેમના એ ગૌરવમાં ભારતના શિક્ષકનું ગૌરવ છૂપાયેલું. ઑક્સફર્ડના પદવીદાન સમારંભમાં તેમનો પરિચય અપાયો... 'પ્લેટોના શમણાંનો તત્ત્વજ્ઞાનનો રાજા આપણને મળી ગયો છે.' તેઓ દૃઢપણે માનતા કે કેળવણીમાં ધર્મ, પ્રાર્થના અને ચારિત્ર્યને સ્થાન હોવું જ જોઈએ. એક વિદેશી સંપાદક ધ હર્બટ માંચેસ્ટર લખે છે કે, આપે આપેલાં વ્યાખ્યાનો અમારા માટે ગૌરવનો વિષય છે. તેમનાં વ્યાખ્યાનોની બ્રિટિશ પત્રોએ મુક્ત કંઠે પ્રશંસા કરી છે. વિશ્વ સમસ્તને એક પરિવાર 'વસુધૈવ કુટુંબકમ્' માનતા. જ્ઞાન-વિજ્ઞાન, કર્મ-ધર્મ અને વિદ્યાના મિલનનો સંદેશો આપી યુદ્ધ બંધ કરાવવા કટિબદ્ધ બની વિશ્વશાંતિ માટે વિશ્વના દેશોને અપીલ કરી. સમાજને સુધારવાનો પાયો શાળા છે. ધર્મ, ચારિત્ર્ય અને નૈતિક શિક્ષણની શરૂઆત કરાવી. તેમનામાં વાણી, વિચાર, આચાર અને ચારિત્ર્યના સંગમની રોશની ઝળહળતી એ અજવાળામાં જગતના લોકો ચાલશે તો વિજ્ઞાન અને ધર્મના મિલનમાં એક કુટુંબ બની સુખી થશે. તેમનાં ભાષણોમાં વેદ-ઉપનિષદ કાળના ઋષિઓની વાણી સંભળાતી. ગરીબોના બેલી બની વિદ્યાર્થીની ફી ભરી તેમણે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું.

રશિયામાં રાજદૂત (એલચી) ઑક્સફર્ડમાં

**સાચો શિક્ષક વાણી, વર્તન અને વિચારથી શુદ્ધ હોવો જોઈએ.**

ભારતના શૈક્ષણિક દૂત બની રાજકીય દાવપેચ અને સાંસ્કૃતિક સમન્વય આ મહામાનવે સંભાળ્યા. તે સમયે સ્ટાર્લિનને પણ સમ્રાટ અશોકનું ઉદાહરણ આપી પ્રેમ, અહિંસા અને કરૂણા થી લોકોના દિલ જીતવાની સમજ પ્રેમાળ પિતા બનીને આપી. વાણી, વર્તન જ્ઞાનના પ્રભાવથી સ્ટાર્લિન પણ રાહ બદલી દે છે. એક પ્રખર માનવતાવાદી પુરુષને સ્ટાર્લિને કહ્યું - 'આપ જ એવી વ્યક્તિ છો જેણે મને દાનવ નહિ પણ માનવ સમજી વર્તન કર્યું.' કેવી અદ્‌ભુત માનવતાની સૌરભ! 1921માં મૈસૂરમાં તેમની વિદાયવેળાએ ઘોડાગાડીને વિદ્યાર્થીઓએ પોતે ખેંચી. 5 એપ્રિલ, 1952 રશિયાએ 'રાજદૂત' એવા ડૉ. રાધાકૃષ્ણન્‌નો વિદાયસમારંભ યોજ્યો. ભૂતકાળમાં ક્યારેય રાજદૂતના માનમાં આવા સમારંભો યોજાયા ન હતાં. કેટલું બધું બહુમાન!... ટેમ્પલ્ટન સંસ્થાએ 40 હજાર પાઉન્ડનું વાર્ષિક પારિતોષિક આપ્યું. કેળવણી, ધર્મ અને વિજ્ઞાનના લેખો દેશ-વિદેશના સામાયિકોમાં પ્રસિદ્ધ થયાં છે. 25 જેટલાં ગ્રંથો વિશ્વમાન્ય બન્યા. તેમણે 150 થી વધુ પુસ્તકો લખ્યાં છે. 12 મે 1962 ના અણમોલ દિવસે 21 તોપો ગડગડાવી દિલ્લીના એ રાષ્ટ્રપતિને સલામી અપાઈ. આ મહાન શિક્ષકે વાંચન, મનન અને ચિંતન જીવ્યા ત્યાં સુધી ચાલુ રાખ્યા. મનની પ્રસન્નતા, હૃદયનો ઉમંગ, બુદ્ધિ-સ્મૃતિની તેજસ્વિતા, સ્વમાન અને મૃદુતાના ગુણો આચરણમાં મૂકી એક શિક્ષક, પ્રૉફેસરમાંથી ભારતના બીજા રાષ્ટ્રપતિ પદે પહોંચ્યા. ધર્મના આધારે સત્તા ભોગવી જાણી એ મહાન વિભૂતિએ.

આવા આ મહામાનવના ગુણો નવી આવનારી પેઢી જીવન-આચરણમાં ઉતારે તો ભારતમાં રાષ્ટ્રીય એકતાના માનવતાના દીવા ઝગમગી ઊઠે. તા.17-4-1975 ના રોજ આ મહામાનવે ગહનરાહે પ્રયાણ કર્યું.

---

**સંપર્ક: શ્રી સી.વી.મિસ્ત્રી સરસ્વતી કન્યા વિદ્યામંદિર, ગાયત્રી પ્રજ્ઞાપીઠ પાસે, કલીકુંડ, ધોળકા-382225**

## આઝાદીનો અમૃત મહોત્સવ : પ્રેરક પ્રસંગ
## 'સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે' સૂત્રનો જન્મ

દેશમાં સ્વતંત્રતાનું આંદોલન વધુ ને વધુ આક્રમક બની રહ્યું હતું તે સમયની આ વાત છે. ઇંગ્લેન્ડે વિશ્વયુદ્ધમાં ઝૂકાવ્યું હતું અને તેમને મદદની જરૂર હતી.

ભારતીયોનો સહકાર મેળવવા મુંબઈમાં લોર્ડ વેલિંગ્ડને એક 'યુદ્ધસભા' બોલાવી હતી. અન્ય પ્રબુદ્ધ નાગરિકોની સાથે લોકમાન્ય બાળગંગાધર ટિળકને પણ નિમંત્રણ મળ્યું હતું. અન્ય તમામ ભારતીય નેતાઓએ યુદ્ધમાં અંગ્રેજોને શક્ય તમામ મદદ કરવાનું વચન આપ્યું હતું તેથી ગવર્નરની ધારણા હતી કે ટિળક પણ મદદનું વચન આપશે.

ટિળકનો વારો આવ્યો એટલે તેમણે બોલવાનું શરૂ કર્યું, ''કોઈ પણ બાહ્ય આક્રમણનો સામનો કરવા અમે ભારતીયો હંમેશાં તૈયાર છીએ, પરંતુ 'સ્વરાજ' અને 'સ્વદેશની સુરક્ષા' બાબતે સરકારે પણ સ્પષ્ટ વચન આપવું જોઈએ.

'સ્વરાજ' શબ્દ સાંભળતાં જ ગવર્નર ગુસ્સે થઈ ગયા. તેઓ ઊભા થઈ ગયા અને કહ્યું, ''અહીં રાજકીય ચર્ચાની પરવાનગી આપવામાં નહીં આવે. તમે અમને મદદનું આશ્વાસન આપો અને કહો કે અમારી સાથે છો.'' ત્યારે ટિળકે કહ્યું, ''ગવર્નર સાહેબ, સ્વરાજ અમારો જન્મસિદ્ધ અધિકાર છે અને તમે એ સાંભળવા તૈયાર ન હોવ તો હું એક મિનિટ માટે પણ અહીં રોકાઈ ન શકું.''

લોકમાન્યની આવી સ્પષ્ટ વાત સાંભળીને ગવર્નરે કહ્યું, શું તમે કાયમ સ્વરાજ વિશે જ વિચાર્યા કરો છો? જવાબમાં ટિળકે કહ્યું, "હા. જ્યાં સુધી સ્વતંત્રતા નહીં મળે ત્યાં સુધી મનમાં એ જ રહેશે. થોડા સમયમાં જ 'સ્વરાજ મારો જન્મસિંદ્ધ અધિકાર છે" એવું ટિળકનું નિવેદન એક સૂત્ર બની ગયું અને સ્વતંત્રતા આંદોલનમાં તેની ભૂમિકા મહત્ત્વની બની ગઈ.

**('પ્રેરણાની પરબ' પુસ્તકમાંથી સાભાર)**

**શિક્ષકનું કામ બાળકનું ઘડતર કરવા સાથે તેને સારો માણસ, સારો નાગરિક, રાષ્ટ્રભક્ત યુવાન બનાવવાનું છે.**

# શિક્ષક કભી સાધારણ નહીં હોતા

દેવજી એસ. દાફડા

નવી શિક્ષણનીતિ ઘડાઈ છે. શિક્ષક કટિબદ્ધ થશે તો જ આ નવી શિક્ષણનીતિના અસરકારક પરિણામો જોવા મળશે. શિક્ષકે ડિજિટલના યુગમાં જન્મ લેનારા, ઉછરી રહેલા, અભ્યાસ કરી રહેલાં બાળકોને માર્ગદર્શન આપવાનું છે. મોબાઈલના પ્રોગ્રામોની જેમ સમયે સમયે શિક્ષકે અપડેટ થતા જ રહેવું પડશે.

કોરોનાકાળના બે વર્ષ થવા જઈ રહ્યા છે. જુનિ.કે.જી. થી પી.જી. સુધી ઑનલાઈન ઍજ્યુકેશનની વ્યવસ્થિત શરૂઆત થઈ ચૂકી છે. અથવા બાળકોને ઑનલાઈન શિક્ષણ લેવાની ટેવ પડી ગઈ છે એમ પણ કહી શકાય. દરેક શિક્ષકે નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020 ઓછામાં ઓછી બે વાર વાંચવી જોઈએ. તેના મૂળભૂત ઉદ્દેશો તથા સામાન્ય અપેક્ષાઓનો ખ્યાલ આપણે મેળવવો ખૂબ જરૂરી છે.

શિક્ષકે ખૂબ જાગૃત, પરિવર્તનશીલ, વ્યાવસાયિક રીતે સજ્જ રહેવું પડે. નવી પદ્ધતિ, નવા ફેરફારો, નવા નિયમોની ચર્ચા શિક્ષકખંડમાં ચાલતી હોય ત્યારે જે ગુરુજનો એકાદ-બે વર્ષમાં નિવૃત્ત થવાના હોય તેમના પેટનું કે મગજનું પાણી હલતું નથી, આવું પણ બની શકે. નિવૃત્ત થયા પછી મેં ઘણા શિક્ષકોને નવો સ્માર્ટફોન ખરીદી તેની સિસ્ટમ રસપૂર્વક શીખતા નજરે જોયા છે !

હવે આ લેખના શીર્ષકને તપાસીએ. શિક્ષણ અને શિક્ષકને લગતા કોઈપણ તાલીમી કાર્યક્રમો, સન્માન સમારંભો કે અન્ય શૈક્ષણિક ઉદ્દેશવાળા પ્રોગ્રામોમાં સ્ટેજ ઉપર ''શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદમેં પલતા હૈ.'' ચાણક્યનું આ સૂત્ર જોવા મળે જ છે. અર્થશાસ્ત્રી તેમજ રાજનીતિના મહારથી એવા ચાણક્યના આ વાક્યમાં આપણે બધા 'નિર્માણ' ને જ વધુ ધ્યાનમાં લઈએ છીએ. શિક્ષક કેવા પ્રકારનો પ્રલય કરી શકે? મહાન વિચારક તથા લોકનાયક કહી શકાય એવા ચાણક્યે 'પ્રલય' શબ્દ મૂક્યો છે તો તેનો ગૂઢાર્થ તો હશે જ ને? આ 'પ્રલય' વિશે પણ બધાએ વિચારવું જ જોઈએ.

શિક્ષકના જીવન અને કાર્ય સાથે 'પ્રલય' અને 'નિર્માણ' બંને શબ્દો જોડાયા છે. નિર્માણ શબ્દ સર્જનાત્મક તથા હકારાત્મક ગુણ ધરાવે છે તો પ્રલય ખંડનાત્મક તથા નકારાત્મક પાસું ધરાવે છે. આ જ વિષય ઉપર મેં લખેલ હિન્દી કાવ્ય અહીં પ્રસ્તુત છે.

**शिक्षक कभी साधारण नहीं होता**

जीवन उसका आजीवन करुणा से भरपूर होता,
ऐसा शिक्षक कभी भी साधारण नहीं होता।
अपनी क्षमता अपना फर्ज; कभी न भूल पाता,
नियम, बच्चे, सरकार को बीच में न लाता।
चोक-टोक कम करता, ज्यादा सीखना, सीखाता,
वही शिक्षक कभी भी साधारण नहीं होता।
अपनी आलस तर्क देकर, कभी नहीं छूपाता,
निष्ठा से कार्य करता, कभी न पीछे हटता।
डाँट-बाँट छोड बच्चों को, प्यार से सब सीखाता,
ऐसे गुरु की याद में चाणक्य ही लिख पाता,
वही शिक्षक कभी भी, साधारण नहीं होता।
सत्य-निष्ठा छोड़ अगर वह जीवन जीता,
तो निर्माण कम प्रलय, ज्यादा करके दिखाता।
खोखले पंथ-संप्रदाय में, समय व्यर्थ न गँवाता,
देखकर शिष्य शिश झुकाए, आदर्श बनके रहता,
ऐसा शिक्षक हो तो वह साधारण कैसे होता ?

---

**સંપર્ક: શ્રી બી.કે.એમ. સાર્વજનિક. હાઈસ્કૂલ, મુ. અંબાચ, તા.પારડી, જિ. વલસાડ**

**મારું માથું બે વ્યક્તિને નમે છે : એક શિક્ષકને અને બીજા ખેડૂતને. - કાર્લાઈલ**

# વિદ્યાર્થી ઠોઠ હોતો નથી; તેનામાં આત્મવિશ્વાસ અને નિર્ણયશક્તિની કમી હોય છે.

કેશવ સુથાર

શિક્ષણ એટલે શીખવું, જ્ઞાન પ્રાપ્ત કરવું. શિક્ષણ એટલે જ્ઞાનની સતત વહેતી ધારા. માનવજીવનને સુદૃઢ કરવા, જ્ઞાનના આદાનપ્રદાન માટે, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને આધુનિકતાના અભિગમથી જીવન જીવવા માટે શિક્ષણ મેળવવું જરૂરી છે. શિક્ષણના મુખ્ય ત્રણ આધાર સ્તંભો છે : (1) શિક્ષક (2) વિદ્યાર્થી અને (3) અભ્યાસક્રમ. શિક્ષક એ નાવિક છે; અભ્યાસક્રમ સતત વહેતો પ્રવાહ (જ્ઞાનનો સાગર) અને વિદ્યાર્થી એ મુસાફર છે. હવે, મુસાફરને કિનારા (લક્ષ્યપ્રાપ્તિ) સુધી પહોંચાડવો કે નહિ તે નાવિક પર નિર્ભર છે. વિદ્યાર્થી અને શિક્ષક વર્ગખંડમાં શિક્ષણને (અભ્યાસક્રમને) જીવંત કરતાં પાત્રો છે. આથી શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેના સંબંધો ગરિમાપૂર્ણ, ઉષ્માભર્યા અને માબાપ અને સંતાનો જેવા હોવા જોઈએ તો અને તો જ શિક્ષણને સાચા અર્થમાં સાર્થક કરી શકાય.

કુદરતનો કરિશ્મા તો જુઓ. દુનિયાની અબજોની વસ્તીમાં એક જેવા દેખાતા બે માણસ ક્યાંય નથી !! દરેક વ્યક્તિમાં રંગરૂપ, કદ, શારીરિક શક્તિ, વિચારશક્તિ, નિર્ણયશક્તિ, મગજશક્તિ, બુદ્ધિ, પ્રતિભા, ચાલ-ચલગત, સ્વભાવ વગેરે દરેક બાબત એકબીજાથી ભિન્ન હોય છે ! કેવું અદ્ભુત સર્જન ! કોઈની સાથે અન્યાય કર્યો નથી ! દરેક સજીવને પેટ રળવા માટેનું આયોજન કરીને જ પૃથ્વી પર મૂક્યો છે. આમ, એક સર્જક એટલે ભગવાન અને બીજો સર્જક એટલે શિક્ષક. શિક્ષકગુરુનું પદ પણ ભગવાન સમાન છે. કારણ કે, જે તે રાષ્ટ્રનું નિર્માણ, ભાવિ ઘડતર, જ્ઞાનનું સર્જન તો શિક્ષક જ કરે છે. શાળામાં ભણતાં હજારો વિદ્યાર્થીઓમાં બધાં હોશિયાર, ઠોઠ, શાંત, તોફાની કે બળવાન હોતાં નથી; દરેકની પ્રકૃતિ અલગ-અલગ હોય છે. પરંતુ સૌથી સમાન બાબત એ હોય છે કે, એ માત્ર વિદ્યાર્થી હોય છે. હોશિયાર કે ઠોઠ નહિ ! એક જ શાળામાં અને એક જ છત તળે સૌ વિદ્યાભ્યાસ કરે છે. સૌની મંઝિલ એક હોય છે. શિક્ષણ પ્રાપ્ત કરવું અને લક્ષ્ય સુધી પહોંચવું. શિક્ષકનું કાર્ય છે દરેકને વિદ્યાર્થીની નજરે જોઈ તેમનામાં શિક્ષણ પ્રત્યે રૂચિ પેદા કરવાનું, આત્મવિશ્વાસ વધારવાનું અને શિક્ષણ આપવાનું.

એક જ વર્ગખંડમાં ભણતાં વિદ્યાર્થીમાં અભ્યાસ ગ્રહણ કરવાની ક્ષમતા, શીખવાની ક્ષમતા, સ્વભાવ અને વર્તન જુદાં-જુદાં હોય છે. આ બધું તેઓના બાહ્ય દેખાવ પરથી કહી શકાય. પરંતુ શિક્ષક વિદ્યાર્થીનું ભીતર તપાસે (વિદ્યાર્થીને ઓળખવાનો પ્રયત્ન કરે) તો તે સાવ નિર્દોષ હોય છે ! વિદ્યાર્થીને તેની મનઃસ્થિતિ, ઘરની પરિસ્થિતિ, કૌટુંબિક વાતાવરણ, મિત્રોની સંગત તેને સારો કે ખરાબ બનાવે છે. ભણવામાં સાવ નબળા અને તોફાની વિદ્યાર્થીને પણ આદર્શ વિદ્યાર્થી બનાવી શકાય છે. જો તેને હૂંફ અને સાથ-સહકાર આપવામાં આવે તો. વિદ્યાર્થી ક્યારેય ઠોઠ હોતો જ નથી. તેનામાં આત્મવિશ્વાસ અને નિર્ણયશક્તિની કમી હોય છે. જો તે શરમ-સંકોચ અનુભવતો હોય, નબળી આર્થિક સ્થિતિ ધરાવતો હોય, રંગરૂપના કારણે, શારીરિક અક્ષમતા (દિવ્યાંગ, ઠીંગણું કદ, સૂકલકડી શરીર, કદરૂપો વગેરે) ધરાવતો હોય તોપણ પોતાની સુષુપ્ત શક્તિઓ, પ્રતિભાને વર્ગખંડમાં પ્રદર્શિત કરવામાં સંકોચ અનુભવતો હોય છે. શિક્ષક વર્ગખંડના અમુક વિદ્યાર્થીઓ સાથે વધારે લગાવ રાખે તોપણ બીજા વિદ્યાર્થીઓ ભણવામાં ઓછો રસ દાખવે છે અને ભણવામાં હોશિયાર હોય તોય મૌન બેસી રહે છે. તે વિચારોની-જ્ઞાનની આપ-લે કરવામાં રુચિ દર્શાવતાં નથી. આવા સમયે શિક્ષકનો રોલ મહત્ત્વનો બની જાય છે.

શિક્ષક સમદૃષ્ટિ ધરાવતો હોવો જોઈએ. વહાલા-દવલાની નીતિ ધરાવતો ન હોવો જોઈએ. આગળની પાટલી પર બેઠેલા વિદ્યાર્થીઓ સાથે જેવો નાતો ધરાવે તેવો

**મને લાગે છે કે વિશ્વમાં કોઈ એવો વ્યવસાય નથી જે સમાજમાં શિક્ષક કરતાં વધારે મહત્ત્વનો હોય. - ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામ**

જ નાતો છેલ્લી પાટલીએ બેઠેલા વિદ્યાર્થીઓ સાથે હોવો જોઈએ. જો આવું ન બને તો આગળ બેસનારા વિદ્યાર્થીઓ પોતાને હોશિયાર સમજે અને પાછળ બેસનારા ઠોઠ ! ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ સાહેબે સાચું જ કહ્યું છે; ''છેલ્લી પાટલીએ બેઠેલા વિદ્યાર્થીઓ જ્યાં સુધી સ્પર્ધામાં ભાગ ન લે ત્યાં સુધી જ પહેલી પાટલીએ બેઠેલા વિદ્યાર્થીઓ બુદ્ધિશાળી હોય છે.'' વિદ્યાર્થીના મનમાં શિક્ષક પ્રત્યે કોઈ વહેમ પેદા થવો ન જોઈએ. વિદ્યાર્થીને એવી ખાતરી થવી જોઈએ કે, સાહેબ બધાંને સમાન નજરે જુએ છે. કદાચ, કોઈ વિદ્યાર્થી પ્રત્યે શિક્ષકને વધારે લગાવ હોય તો તેને વર્ગમાં જાહેર થવા ન દેવો જોઈએ. જે વિદ્યાર્થી તોફાની હોય તેના પ્રત્યે શિક્ષકે ઈર્ષ્યાભાવથી વર્તન ન કરવું જોઈએ. કેમ કે તોફાની વિદ્યાર્થીને જેટલો અવગણશો એટલું જ વધારે તોફાન કરશે ! આમ ન કરતાં તેની સાથે પ્રેમથી વાત કરો. તેની સમસ્યા વિશે જાણવાનો પ્રયાસ કરો.

તેને દુનિયાનો, સંતોનો, મહાપુરુષોનો અને સંઘર્ષો વેઠી આગળ આવેલી વ્યક્તિઓનો સંદર્ભ આપી સમજાવવાનો પ્રયત્ન કરો. વર્ગખંડમાં સૌથી વધારે એનાથી જ વાતો કરો. બીજા વિદ્યાર્થીઓની હાજરીમાં તેના વખાણ કરો. આવું કરવાથી ગમે તેવો તોફાની વિદ્યાર્થી પસ્તાવો કરશે, સારો બનવાનો પ્રયત્ન કરશે જ. શિક્ષક એ વિદ્યાર્થીની બીજી મા છે. શિક્ષકનું સ્તર મા સમાન છે એટલે જ તેને ''માસ્તર'' કહેવામાં આવે છે. આથી માસ્તર બનવાનો પ્રયત્ન કરવો જોઈએ. વિદ્યાર્થી ભણવામાં ઠોઠ હોય, તોફાની હોય, કુટેવો ધરાવતો હોય; તેને સુધારવા માટે જ શિક્ષક હોય છે !

જેમ માળી કરમાયેલાં કે અવિકસિત છોડવાઓની માવજત કરી જીવનદાન આપી બગીચાને હરિયાળો બનાવે છે એમ શિક્ષકે પણ વિદ્યાર્થીઓમાં સંસ્કારોનું, જ્ઞાનનું સિંચન કરી તેઓનો ઉદ્ધાર કરવો જોઈએ. ટૂંકમાં, વિદ્યાર્થી કદાપિ ઠોઠ હોતો નથી; વિદ્યાર્થીને પોતાની રસરૂચિમાં વિહાર કરવા દો; એ જરૂર ખીલશે.

**સંપર્ક : મુ.પો. વાઘાસણ, તા. થરાદ,**
**જિ. બનાસકાંઠા-385566**

## આઝાદીનો અમૃત મહોત્સવ : પ્રેરક પ્રસંગ - વીર સાવરકર

જે દિવસે એડવર્ડ સાતમાનો રાજ્યાભિષેક થઈ રહ્યો હતો તે દિવસે આપણા દેશના કેટલાક દેશદ્રોહીઓ પણ આનંદ માણી રહ્યા હતા, સમારંભ યોજી રહ્યા હતા. પણ સાચા દેશપ્રેમીઓએ તો આવા સમારંભનો બહિષ્કાર જ કર્યો.

મહાન ક્રાંતિકારી વીર સાવરકર (વિનાયક સાવરકર) એ સમયે કોઈ કામસર ત્ર્યંબકેશ્વર ગયા હતા. એમણે આવું ત્યાં પણ જોયું. સવાર-સવારમાં શહેરની દીવાલો પર પોસ્ટરો અને ઠેરઠેર ઝંડીઓ વગેરે જોઈને એમના મનને દુઃખ થયું.

એક સમારંભના સ્થળે પહોંચીને એમણે નવજવાનોને કહ્યું : ''ધિક્કાર છે તમને કે તમે આવો આનંદ માણી રહ્યા છો. તમે લોકો એક એવા રાજાનો રાજ્યાભિષેક ઉજવી રહ્યા છો, જેમણે તમારી માતૃભૂમિને ગુલામ બનાવી રાખી છે. શું તમને નથી લાગતું કે આ રાજ્યાભિષેક નથી પણ તમારી ગુલામીનો ઉત્સવ છે ? શું તમને એવું નથી લાગતું કે વિદેશી રાજા પ્રતિ રાજ્યભક્તિનું પ્રદર્શન તમારા દેશ-જાતિ પ્રત્યે દ્રોહની અભિવ્યક્તિ છે ?''

સાવરકરની આ વાતના કારણે આયોજકો શરમાઈ ગયા અને એમની ક્ષમા માગી કાર્યક્રમ સમેટી લીધો.

વીર સાવરકરના જીવનનો એક બીજો પ્રસંગ છે. બ્રિટિશ સરકારે એમને કાળાપાણીની સજા કરીને એમને આંદામાન મોકલી દીધા. એમને આજીવન (લગભગ 40 વર્ષ) ની સખત કાળા-પાણીની સજા આપવામાં આવી.

એમના ગળામાં 'ચાલીસ વર્ષના કારાવાસ'નો પટ્ટો જોઈને જેલરે એમને પૂછ્યું, 'શું તમે ચાલીસ વર્ષ સુધી સજા ભોગવવા માટે જીવતા રહેશો ?'

વીર સાવરકરે જરા પણ અસ્વસ્થ થયા વિના નીડરતાથી કહ્યું : 'હું તો જરૂર જીવતો રહીશ પણ એય નક્કી છે કે બ્રિટિશ રાજ્યનાં મૂળિયાં આ સમય પહેલાં જ ભારતમાંથી ઊખડી જશે.' ઇતિહાસનાં પાનાં તેના સાક્ષી છે. વીર સાવરકરની ભવિષ્યવાણી બિલકુલ સાચી સાબિત થઈ.

**('પ્રેરણાની પરબ'માંથી સાભાર)**

**''શિક્ષક જે દિવસે હસી ન શકે તે દિવસે તેણે સી.એલ. મૂકવી જોઈએ.'' - ડૉ. ગુણવંત શાહ**

# ટોક્યો ઑલિમ્પિક ગેમ્સમાં સિલ્વર મેડલ વિજેતા - મીરાબાઈ ચાનૂ

ડૉ. ભાણજી એચ. સોમૈયા

કોઈપણ મનુષ્ય શ્રીમંત હોય કે સામાન્ય પણ હંમેશાં ઊંડા આભાર, આદર અને કદર સાથે પૂર્ણ પ્રામાણિકતાથી પોતાનું કર્તવ્ય બજાવે તેમજ ઘોર નિષ્ફળતા સમયે આશાવાદી અભિગમ દાખવે છે તો તે પોતાની ભયંકર પ્રતિકૂળ જિંદગી વચ્ચે ભવ્ય જીતનો ભાગીદાર બને છે. આ ઉપરાંત જે મનુષ્યને માતા-પિતાના આશીર્વાદ, પ્રેરણા અને હૂંફ મળે અને તે સતત સંઘર્ષ કરતો રહે તો તેના જીવનમાં સફળતા અનિવાર્ય બની જાય છે. ઉપરનાં તથ્યોનું આદર્શ, ઉમદા, ઉત્તમ અને પ્રાસંગિક ઉદાહરણ છે મીરાબાઈ ચાનૂનું. તારીખ 25 જુલાઈ, 2021ના રોજ મીરાબાઈ ચાનૂની ભવ્ય સિદ્ધિના સમાચારો બધા જ સમાચારપત્રોના મુખ્ય સમાચાર બનવા લાગ્યા હતા. તેણીએ ઑલિમ્પિક ગેમ્સમાં વેઈટ લિફ્ટિંગમાં 125 વર્ષના ઈતિહાસમાં પ્રથમ સિલ્વર મેડલ જીતીને ગૌરવશાળી સિદ્ધિ હાંસલ કરી છે અને વિશ્વમાં ભારત દેશનું ગૌરવ વધાર્યું છે.

સફળતા ક્યારેય આકાશમાંથી નથી ટપકતી કે નથી જમીનમાંથી ઊગી નીકળતી. એ તો મનુષ્યના સંકલ્પ, ઉત્સાહ, માન્યતા અને કર્તવ્યોના કુદરતી સમન્વયનું અદ્‌ભુત પરિણામ હોય છે. કોઈપણ વ્યક્તિના જીવનમાં જ્યારે આશીર્વાદ, આશાવાદ અને પુરુષાર્થનો સુમેળ સંગમ થાય છે ત્યારે તે વ્યક્તિને સુષુપ્ત-ગુપ્ત રીતે વિશ્વ ચેતના, નિષ્ફળતાઓ સમયે હિંમત, હૂંફ, આશ્વાસન, પ્રેમ, પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન આપે છે તેમજ તકોનું સર્જન કરે છે. પરિણામે સાધારણ દેખાતા પરંતુ અત્યંત સ્વપ્નસેવી અને સંઘર્ષશીલ મનુષ્યના મનમાં INVINCIBLE BELIEVING આકાર લે છે. અંતે અલ્પ પરિચિત વ્યક્તિ વિશ્વમાં પ્રતિષ્ઠિત વ્યક્તિ તરીકે સન્માન પામીને એક નવા જ ઈતિહાસનું સર્જન કરે છે. આ અર્થમાં પણ મીરાબાઈ ચાનૂની સફળતા શતપ્રતિશત સાચી પુરવાર ગણાય.

અત્રે ઉલ્લેખનીય છે કે આ અગાઉ 21 વર્ષ પહેલાં 2000માં ભારતની દીકરી કર્ણમ મહેશ્વરીએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ઑલિમ્પિક ગેમ્સમાં વેઈટ લિફ્ટિંગમાં આજસુધી પુરુષ વર્ગમાં ભારત દેશને મેડલ મળ્યો નથી. આ અર્થમાં મીરાબાઈ ચાનૂની જીતનું મૂલ્ય ઘણું વધી જાય છે. તેથી જ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ યથાર્થ જ કહ્યું છે કે, ‘ઑલિમ્પિકની ગેમ્સમાં મીરાબાઈ ચાનૂની સફળતા દરેક ભારતીયને પ્રેરિત કરે છે.’ મીરાબાઈ ચાનૂને જ્યારે ઑલિમ્પિકમાં સિલ્વર મેડલ પ્રાપ્ત થયો ત્યારબાદ મીરા ચાનૂ અને તેમની માતાએ જે ભાવ, લાગણીઓ અને સંવેદનાઓ વ્યક્ત કરી છે તે આપણને પ્રેરણા આપે તેવી છે.

મીરાબાઈ મેડલ જીત્યા પછી જણાવે છે કે, ‘‘હું છેલ્લા પાંચ વર્ષથી ઑલિમ્પિકમાં મેડલ મેળવવાનું સ્વપ્ન જોતી રહી હતી. આ ક્ષણ માટે મારા પરિવારે ખાસ કરીને મારી માતાએ બહુ ત્યાગ કર્યો છે, તેમનો આભાર માનું છું.’’ જીત બાદ મીરાના આ પ્રતિભાવમાં તેણી પોતાની સિદ્ધિનો શ્રેય પોતાના પરિવારને આપે છે. વિશેષ કરીને મીરા સફળતા માટે પોતાની માતાના ત્યાગ અને સમર્પણનો ઉલ્લેખ કરે છે. સૌથી મોટી વાત મીરા પોતાની માતાનો આભાર માને છે. મનોવૈજ્ઞાનિક તથ્ય અનુસાર માતા-પિતાએ દિલથી આપેલા આશીર્વાદ અને આભાર માનવાના અભિગમમાં મોટી તાકાત છે. મીરાબાઈની સિદ્ધિમાંથી આપણે તેમજ આજના વિદ્યાર્થીઓએ માતા-પિતા અને શિક્ષકોનો આભાર માનવાનો બોધપાઠ લેવા જેવો છે.

મીરાબાઈની માતાએ ટોકયો ગેમ્સમાં સિલ્વર મેડલ વિજેતા ભારતીય પુત્રી મીરાબાઈ ચાનૂની સિદ્ધિ વેળાએ જણાવ્યું હતું કે, ‘‘હું ટીવી પર તેણી (મીરાબાઈ ચાનુ)ની ઈવેન્ટ જોઈ રહી હતી ત્યારે મેં તેના ઈયરિંગ્સ જોયા, જે મેં

**શિક્ષક એટલે... એક સૂરીલું સંગીત.. ! મજાનું હૂંફાળું સ્મિત... ! વિદ્યાર્થીનો સાચો મિત્ર... !**

તેણીને રિયો ઑલિમ્પિક પહેલાં મારાં ઘરેણાં વહેંચીને અને કેટલીક સેવિંગ્સમાંથી કરાવીને ભેટ આપ્યા હતા. તેણીની મહેનત રંગ લાવી છે. અમારી આંખોમાં હર્ષનાં આંસુ છે.'' માતા કે પિતાએ પોતાનાં સંતાનોની સફળતા માટે શું કરવું જોઈએ, તે બોધપાઠ ચાનૂની માતાના શબ્દોમાં સમાવિષ્ટ છે. ચાનૂની માતાએ પોતાનાં ઘરેણાં વેચીને પોતાની દીકરીને આપેલ ઈયરિંગ્સની ભેટની પ્રચાર માધ્યમોમાં ચર્ચા થઈ હતી. કારણ કે ચાનૂને માતાએ આપેલ ઈયરિંગ્સ તેણીની જીતની માન્યતાને મજબૂત કરી રહી હતી તેમજ ઈયરિંગ્સ ચાનૂ માટે જીત માટેની મુખ્ય પ્રેરણા સાબિત થઈ હતી. મીરાબાઈ ચાનુ અને તેમના માતાના ઉપરોક્ત વિધાનોમાં આપણે અને વિશેષ કરીને વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓ અને યુવાનોએ જે બોધપાઠ લેવાનો છે તે છે 'જિંદગીમાં જીત મળે ત્યારે આભાર વ્યક્ત કરવાનું વલણ' અને નિષ્ફળતાના સમયે હાર ન માનવાનો અભિગમ' કેળવવાનો છે. માટે જ કહેવાય છે, 'ATTITUDE OF GRATTITUDE OR GRATTITUDE AND ATTITUDE LEAD TO SUCCESS.'

ચાલો, આપણે મીરાબાઈ ચાનૂના જન્મ, પરિવાર અને સંઘર્ષ વિશે જાણીએ. મીરા ચાનૂની જન્મ તારીખ 8 ઑગસ્ટ, 1994માં ભારત દેશના પૂર્વી રાજ્ય મણિપુરની રાજધાની ઈમ્ફાલથી 20 કિલોમીટર દૂર કાકચીંગ ગામમાં એક આર્થિક અસંપન્ન અને સામાન્ય પરિવારમાં થયો હતો. પોતાના પરિવારમાં તેણી સૌથી મોટી હતી અને તેણીને છ ભાઈ-બહેનો હતા. 12 વર્ષની કુમળી વયે પોતાના ભાઈઓ સાથે ઘર ગુજરાનમાં મદદરૂપ થવા માટે જંગલમાંથી લાકડાં કાપીને લાવતી હતી. તેણીના પિતરાઈ ભાઈ ફુટબોલ રમતા હોવાથી તેનાથી તે રમત પ્રત્યે આકર્ષાઈ પણ, તેમનાં કપડાં ફુટબોલની રમત રમતા ધૂળ-ધૂળ થઈ જતા. પોતાના કપડાં ધૂળ-ધૂળ ન થાય તેથી તેણે તીરંદાજ બનવા વિચાર્યું.

મીરા માત્ર 13 વર્ષની ઉંમરે તીરંદાજ બનવા ગાઈડ-માર્ગદર્શકની શોધમાં ભાઈ સાથે ઈમ્ફાલના સાઈ સેંટરમાં પહોંચી ગઈ. ત્યાં તેણીએ કુંજારાની દેવીની 2004 એથેન્સ ઑલિમ્પિકમાં વજન ઉઠાવતી ક્લિપિંગ જોઈ અને વેઈટ લિફ્ટિંગ રમત ક્ષેત્રે એણે ઝંપલાવવા નિર્ધાર કર્યો, એટલું જ નહીં તેની સાઈ સૅન્ટરમાં જ આંતરરાષ્ટ્રીય વેઈટ લિફ્ટર અનિતા ચાનૂ સાથે મુલાકાત થઈ. અનિતા ચાનૂ મીરાને વહેલી સવારે છ વાગ્યે તાલીમ માટે બોલાવતી. તાલીમના સ્થળે પહોંચવા મીરાને બે વાર બસ બદલવી પડતી. મીરા વેઈટ લિફ્ટિંગ ક્ષેત્રે એટલી સમર્પિત હતી કે તેની પોતાની બહેનના લગ્નમાં પણ તે ઉપસ્થિત રહી નહોતી. આમ, માતાના આશીર્વાદ અને પોતાની કઠોર મહેનતથી ઑલિમ્પિક ગેમ્સમાં સિલ્વર મેડલ વિજેતા મીરાબાઈ ચાનૂને ભારતનું ગૌરવ વધારવા બદલ સૌ અભિનંદન પાઠવીએ.

## આચરણસૂત્રો

1. લોકો ભલે તર્કહીન હોય, સ્વાર્થી હોય, છતાં પણ તેમને પ્રેમ કરતાં જ રહો.
2. જો તમે કોઈ સારું કામ કરશો તો પણ લોકો તમારે માથે કોઈ છૂપા અને સ્વાર્થી હેતુનો આરોપ મૂકશે, છતાં પણ તમે સારા કામ કરતાં જ રહો.
3. આજે તમે સારું કામ કરશો, તે કદાચ કાલે ભૂલાઈ જશે, છતાં પણ તમે સારાં કામ કરે જ જાઓ.
4. પ્રામાણિક અને સ્પષ્ટવક્તા બનવાથી તમને મુશ્કેલી પડી શકે, છતાં પણ પ્રામાણિક અને સ્પષ્ટવક્તા જ બનો.
5. તમને એક રચનાત્મક કામ સાકાર કરવામાં વર્ષો લાગે, એનો નાશ એક જ રાતમાં થાય, છતાં પણ એ રચનાત્મક કાર્ય કરે જ જાઓ.
6. વિશ્વને તમારું શ્રેષ્ઠ અર્પણ કરો.

**-સંકલન**

**શિસ્ત વગરનો વિદ્યાર્થી કોઈ દિવસ વિકાસ કરી શકે નહિ, વિકાસ વિનાનો વિદ્યાર્થી દેશની આઝાદી ટકાવી શકશે નહીં. -શિક્ષક તો સાધુ, જ્ઞાની અને મા - ત્રણેય હોય છે.**

# ટોક્યો ઑલિમ્પિકમાં ભારતવર્ષનો વિજય ભવ

ડૉ. મહેશ દાફડા

સમગ્ર ભારતવર્ષ જ્યારે સ્વાતંત્ર્ય પર્વને વધાવવા માટે થનગની રહ્યું હોય, એવા સમયે ટોક્યો જાપાનથી એક પછી એક ગૌરવવંતા સમાચાર જ્યારે આપણા કાન પર આવે છે ત્યારે પ્રત્યેક ભારતીયનું હૃદય હર્ષની ઊર્મિઓથી ઊભરાઈ જાય છે. ભારતવર્ષના ચુનંદા રમતવીરો એક પછી એક ચંદ્રક મા ભારતીને અર્પણ કરવા લાગ્યા. સમગ્ર દેશે રમતવીરોનાં અદ્‌ભુત કૌશલ્ય પ્રદાનને હૃદયના ઉમળકાથી વધાવ્યું. ચુનંદા ખેલાડીઓએ દેશનું ગૌરવ વધાર્યું. ભારત વર્ષના આન, બાન અને શાન સમા ‘સ્વાતંત્ર્ય પર્વ’ને વિજયભેટ અર્પણ કરી આવો, મા ભારતીના આ રાષ્ટ્રપ્રેમી રમતવીરોનાં જીવનની સંઘર્ષકથા વિશે થોડું જાણીએ.

24મી ડિસેમ્બર, 1997ના રોજ પાણીપત હરિયાણામાં જન્મેલ **નીરજ ચોપરા**એ મા ભારતીને જેવલીન થ્રો (ભાલાફેંક)માં ગોલ્ડ મેડલની ભેટ અર્પણ કરેલ છે. નીરજના બાલ્યકાળમાં એટલે તે જ્યારે 11 વર્ષનો હતો ત્યારે તેમનું વજન એંશી કિલો જેટલું હતું. તેના ભારેખમ શરીરને કારણે તે મિત્રોમાં હંમેશાં મશ્કરીનો ભોગ બનતો. તે જ્યારે સફેદ રંગનો કુર્તા પહેરીને ગામમાં નીકળતો ત્યારે બધા તેને ‘સરપંચ’ કહીને ચીડવતાં. નીરજના વધુ પડતા વજનથી નીરજ પોતે અને પરિવાર પણ પરેશાન રહેતો. વજન ઓછું કરવા તે ગામના મેદાનમાં કસરત માટે જતો. ત્યાં કેટલાક મિત્રોને ભાલાફેંક રમત રમતાં જોયા. બસ પછી તો નીરજે –

**“ધ્યેય પાને કે લીયે સ્વયં પૈર બઢાના હોગા,**
**તેરે પથકે પથ્થરોકો સ્વયં હી હટાના હોગા,**
**દૂસરા કૌન ભલા તેરે પ્રશ્ન કે ઉત્તર દેંગે,**
**તેરે મનકા દીપ સ્વયં હી જલાના હોગા.”**

આ પંક્તિ મનમાં ઠામી લીધી. ફીટનેસ પ્રાપ્ત કરવા નીકળેલ નીરજે અથાક મહેનત, દૃઢ સંકલ્પથી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો. કરોડો યુવાનો માટે પ્રેરણાસ્તંભ બની ગયો.

8 ઑગસ્ટ 1994માં નોંગકોક કાકુચિંગ ઈમ્ફાલ મણિપુરમાં જન્મેલી **મીરાબાઈ ચાનૂ**ની કથા પણ થોડી વેધક છે. પરિવારની ખૂબ આર્થિક સંકડામણને કારણે માત્ર બાર વર્ષની કુમળી વયે ઘરના ચૂલા માટે લાકડાનો ભારો ઊંચકીને આવતી. વીસથી પચ્ચીસ વર્ષના યુવાન કે યુવતી જે વજન ઊંચકી ન શકે તેટલું વજન મીરાબાઈ માત્ર બાર વર્ષની ઉંમરે ઊંચકી લેતી. આખા ગામમાં મીરાબાઈની તાકાતની પ્રશંસા થવા લાગી. ‘વેઈટ લિફ્ટીંગ’ સ્પર્ધા તરફ પ્રસ્થાન કર્યું. રીયો ઑલિમ્પિકમાં નિષ્ફળતા મળી. ડબલ ઝનૂનથી પ્રૅક્ટિસ શરૂ કરી. પૂરા એક્વીસ વર્ષના વેઈટ લિફ્ટીંગના ઍવોર્ડ દુકાળ પર પૂર્ણવિરામ આપ્યું. ટોક્યો ઑલિમ્પિકમાં બીજા જ દિવસે સિલ્વર મેડલ જીત્યો. એકવીસ વર્ષ પહેલાં વર્ષ 2000માં કર્ણમ મહેશ્વરીને સિડની ખાતે વેઈટ લિફ્ટીંગમાં ઍવોર્ડ મળ્યો હતો. ત્યારબાદ 2021માં મીરાબાઈ ચાનુએ આ સ્પર્ધામાં ઍવોર્ડ જીતી દેશનું ગૌરવ વધાર્યું છે. મીરાબાઈએ રીયોમાં મળેલ નિષ્ફળતા બાદ કવિ હરિવંશરાય બચ્ચનની એ કવિતાને જીવનમાં ચરિતાર્થ કરી કે –

**“અસફલતા એક ચુનૌતી હૈ, ઉસકા સ્વીકાર કરો,**
**ક્યા કમી રહ ગઈ હૈ દેખો ઔર સુધાર કરો.**
**નિંદ-ચેનકો ત્યાગો તુમ, સંઘર્ષકા મેદાન છોડકર મત ભાગો તુમ.**
**કુછ કીયે બિના જયજયકાર નહિ હોતી ઔર કોશિશ કરનેવાલે કી કભી હાર નહિ હોતી.”**

બીજી ઑક્ટોબર-1997માં જન્મેલી **લવલીના.** સાચું નામ લવલીના બોરગોહનેન. ગામ બરોમુખીયા, બારપથ્થર ગોલાઘાટ આસામમાં જન્મેલ લવલીનાએ બોક્સીંગમાં પ્રતિસ્પર્ધીને ધૂળ ચાટતાં કરી નાખેલ. જ્યારે ટોક્યો ઑલિમ્પિકમાં પોતાની પસંદગી થઈ બરાબર એ જ

સમયે તેમની માતાને કિડની ટ્રાન્સપ્લાન્ટ માટેની સર્જરી શરૂ કરાઈ હતી. એક તરફ મા હતી તો બીજી તરફ મા ભોમ હતી. આવી પરિસ્થિતિમાં પણ વિચલિત થયા વગર ઘણો સમય પોતાના ઘરમાં જ પ્રૅક્ટિસ કરી. માતાની સર્જરી સફળ રહેતા અને સંપૂર્ણ સ્વસ્થ થતાં વિધિવત્ તૈયારી શરૂ કરી. લવલીનાનું બોક્સીંગ તરફનું આકર્ષણ પણ એક સરસ બનાવ સાથે જોડાયેલ છે. એક દિવસ તેમના પિતાશ્રી ઘર માટે એક પડીકામાં કશુંક મીઠાઈ જેવું લાવે છે. એ પડીકાનાં કાગળમાં લવલીના મોહમ્મદ અલીનો ફોટો જુવે છે. ત્યારબાદ તેનાં જીવન સંઘર્ષ અને સફળતા વિશે વાંચે છે. બસ લવલીના મનમાં બોક્સર બનવાનું સ્વપ્ન બનાવી લે છે. ટોક્યોમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી સ્વપ્ન સાકાર કરે છે.

12 ડિસેમ્બર, 1997માં નહરી ગામે, સોનીપત જિલ્લો હરિયાણામાં જન્મેલ **રવિ દહિયા** ટોક્યો ઑલિમ્પિકમાં ફ્રિ સ્ટાઈલ કુસ્તીમાં સિલ્વર મેડલ જીતીને દેશનું નામ રોશન કરે છે. કિસાનપુત્ર રવિની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ ખરાબ હતી. પિતા ભાડાનાં ખેતરમાં કામ કરતાં. રવિને પહેલવાન બનાવવા 40 કિલોમીટર દૂરથી પિતા રવિ માટે દૂધ લેવા જતાં. માત્ર દસ વર્ષની ઉંમરે રવિએ પહેલવાની શરૂ કરી. 2017માં તેમને શારીરિક ઈજા થયેલ તેમ છતાં હિંમત હાર્યા વગર સતત પ્રૅક્ટિસ, ધ્યેય સાથેનું સાંનિધ્ય ટોક્યોમાં સફળતાને વર્યું. રવિએ દેશનું નામ રોશન કર્યું.

26 ફેબ્રુઆરી 1994માં ખુદાન, જણજર હરિયાણામાં જન્મેલ **બજરંગ પુનિયા**એ પણ ટોક્યો ઑલિમ્પિક કુસ્તીમાં ભારત માતાને બ્રોન્ઝ મેડલ અર્પણ કર્યો. પિતા બલવાનસિંહ પણ પહેલવાન હતાં. બજરંગે પોતાનું લક્ષ પ્રાપ્ત કરવા માત્ર સાત વર્ષની ઉંમરથી પ્રૅક્ટિસ શરૂ કરી હતી. પોતાની અથાક મહેનતથી તેમને બીજા અનેક ઍવોર્ડથી સન્માન પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત ટોક્યોમાં પોતાની પહેલવાનીનું બહેતર પ્રદર્શન કરીને બ્રોન્ઝ મેડલ હાંસલ કરી એક ભવ્ય સફળતા હાંસલ કરી છે.

પાંચમી જુલાઈ 1995માં હૈદરાબાદ આંધ્રપ્રદેશમાં જન્મેલ **પી.વી. સિંધુએ** બેડમિન્ટન રમતજગતમાં ટોક્યો ખાતે બ્રોન્ઝ પ્રાપ્ત કરી પોતાની કાબેલિયત સાબિત કરી બતાવી છે. સિંધુની જીવન સફળતા માટે તેમના પિતાનું પણ ખૂબ મોટું યોગદાન રહ્યું છે. પોતાના ઘરથી પચાસ કિલોમીટર દૂર આવેલ ટ્રેનિંગ સૅન્ટરમાં તેઓ રોજ પોતાની દીકરીને નિયમિત રીતે મૂકવા-લેવા જતાં. આમ, દીકરીની સિદ્ધિ માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરીને દીકરીને તેનાં લક્ષ સુધી પહોંચાડી. આમ સાચા અર્થમાં 'દીકરી એ તો વહાલનો દરિયો' ઉક્તિને ચરિતાર્થ કરેલ છે.

ભારત દેશની **મેન્સ હોકી** ટીમે પણ ટોક્યો ખાતે અદ્ભુત રમત પ્રદર્શન કરીને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે. હોકી રમતમાં એક માહિતી મુજબ છેલ્લા એકતાલીસ વર્ષનાં ખાલીપા પછી આ સફળતા પ્રાપ્ત થતાં સમગ્ર દેશ ખેલાડીઓ ઉપર આફરીન થઈ ગયો. ટીમને જેમણે બે બ્રોન્ઝ સુધી પહોંચાડી છે તે ચુનંદા ખેલાડીઓ **પી.આર.શ્રીજેશ,** હરમનપ્રિતસિંઘ, રૂપિન્દર પાલ, સુમિત વાલ્મિકી, વિવેક સાગર, મનદિપસિંહ, મનપ્રિતસિંઘ, નિલકાંત શર્મા, લલિત ઉપાધ્યાય, દિલપ્રિતસિંઘ, સુરીંદરકુમાર, શમશેરસિંઘ, વીરેન્દ્ર લાકડા, ગુરૂ ગુરજીતસિંહ, હાર્દિક સિંઘ અને અમિત રોહિદાસનો બહુમૂલ્ય ફાળો રહ્યો. ધન્ય છે આ તમામ ખેલાડીઓની જનેતાને જેમણે મા ભારતી માટે આવા ચુનંદા ખેલાડીઓને જન્મ આપીને દેશનું ઋણ અદા કર્યું.

સમગ્ર દેશ આજે ટોક્યો ઑલિમ્પિકમાં દેશનું નામ રોશન કરી વતન વાપસી આવતાં ખેલાડીઓ પર અભિનંદનવર્ષા કરી રહ્યો છે ત્યારે એક વાત એ પણ રહી કે ક્રિકેટ સિવાય પણ દેશમાં આવા રમતવીરો છે જે દેશનું નામ રોશન કરવા પોતાની જિંદગી બનાવી દે છે. આવા રમતવીરોને અને તેનાં કૌશલ્યપ્રદાનને આપણે હંમેશાં યાદ રાખવું જોઈએ એ જ સાચા અભિનંદન બની રહેશે.

---

**સંપર્ક : સનાતન ધર્મ હાઈસ્કૂલ, ભાવનગર**

**શિક્ષક પોતે તરે, બીજાને પણ તારે અને લક્ષ્ય સુધી પહોંચાડે.**

# હું શિક્ષક છું તેનું ગૌરવ આજીવન

વિપુલ ડી. પટેલ

પાંચમી સપ્ટેમ્બરના રોજ 'શિક્ષક દિન' હોય છે. ચાણક્યનું વિધાન છે. 'શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદમેં પલતે હૈ.' આને સાકાર અને આકાર આપવા માટે શિક્ષકે વિદ્યાર્થીના શૈક્ષણિક ઘડતરમાં શિલ્પી તરીકે ઉદ્યમી કાર્ય કરવું પડશે. દેશના ઘડવૈયા તરીકે તેમનું સમાજમાં સ્થાન છે . આજીવન શિક્ષક-અધ્યાપક, પ્રખર વિચારક-ચિંતક, વક્તા, કેળવણીકાર, દાર્શનિક દ્વિતીય રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌નો 5 મી સપ્ટેમ્બરના રોજ જન્મદિવસ છે.

5 મી સપ્ટેમ્બર - 1888 ના રોજ તિરૂતની ગામમાં જન્મ થયો હતો. બ્રાહ્મણ કુટુંબમાં માતા-પિતાના ઉત્તમ સંસ્કારો અને શિક્ષણના ગુણો પ્રાપ્ત થયા હતા. પ્રખર પુરુષાર્થી તેઓ સરસ્વતીના ઉપાસક હોવાથી તેમનું અધ્યયન અને અધ્યાપન કાર્ય સર્વશ્રેષ્ઠ રહ્યું. તેમનું ભણાવવાનું કૌશલ્ય તેમજ રસ, રુચિ અને આવડતના પરિપાક સ્વરૂપે તેમનો વર્ગ સ્વર્ગ બની જતો. ભણાવતા ત્યારે તેઓ શિક્ષણમય બની જતા. ઉત્કૃષ્ટ ઉદાહરણ, રસાળ અભ્યાસશૈલી અને અભ્યાસના નિચોડના કારણે ક્યારેય કોઈ વિદ્યાર્થી તેમનો ક્લાસ છોડતો નહિ. એમનું વ્યક્તિત્વ પ્રભાવશાળી અને લાગણીમય રહેતું. વિદ્યાર્થી અને શિક્ષકનું શ્રેષ્ઠ આદાન-પ્રદાન અતિ પ્રભાવક રહેતું. તેના કારણે વિદ્યાર્થીઓનો તેમના પરત્વે ભાવ અને લગાવ રહેતો.

ડૉ. રાધાકૃષ્ણન્ તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસુ અને વિદ્વાન ચિંતક હતા. ઉદાહરણો અને સંદર્ભગ્રંથોના આધારે શિક્ષણકાર્ય કરતા હતા. જેથી વિદ્યાર્થીઓને ભણવામાં મજા આવતી હતી.

એક દિવસ તેમના વિદ્યાર્થીઓએ તેમને કહ્યું કે સાહેબ, આપનો જન્મ દિવસ અમારે ઉજવવો છે ત્યારે ડૉ. રાધાકૃષ્ણને વિદ્યાર્થીઓને કહ્યું કે જન્મ દિવસ જ ઉજવવો હોય તો આપ સૌ સ્વયં શિક્ષક બનીને શિક્ષક દિને ભણાવો. ત્યારથી 5મી સપ્ટેમ્બરે શિક્ષક દિન ઉજવવાની શરૂઆત થઈ.

બાળકને પ્રિય અધ્યાપક જ તેનું શ્રદ્ધા અને શિક્ષણનું કેન્દ્ર હોય છે. શિક્ષણમાં વિદ્યાર્થી કેન્દ્રસ્થાને હોવો જોઈએ. તે શિક્ષકનું મિશન અને લક્ષ્ય હોવું જોઈએ.

આપણને શિક્ષક હોવાનો ગર્વ હોવો જોઈએ. મિસાઈલમેન, આજીવન અધ્યાપક ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે વિદ્યાર્થી સંવાદને કાયમી સમર્થન આપ્યું. આવા કેળવણીકારો આપણા માટે પ્રેરણાના પીયૂષ સમા છે. શિક્ષક બનવાનું સૌભાગ્ય ભાગ્યશાળીને પ્રાપ્ત થાય છે. સમાજમાં સૌથી વધારે માનમર્યાદા અને સ્નેહ પ્રાપ્ત થાય છે. શિક્ષક તરીકે આપણામાં શિક્ષકત્વ હોવું જોઈએ. જે શાળામાં ફરજ બજાવીએ ત્યાં જ્ઞાનનો દીપક પ્રગટાવીએ. શાળામાં વિદ્યાર્થીઓ બધા જ પ્રકારના આવતા હોય છે તેમાંથી પ્રતિભાઓ ઓળખી શિક્ષકે તેનું યોગ્ય ઘડતર કરવાનું છે.

વિદ્યાર્થીઓમાં શિક્ષણ, સંસ્કાર, દેશપ્રેમના ગુણો કેળવવાના છે. શિક્ષક સમાજ નામના સ્તંભ ઉપર સૌથી ટોચે બેઠો છે. એક શિક્ષકની ઓળખ એનાં જ્ઞાન, વર્તણૂક અને નિષ્ઠા છે.

પારસમણિ લોખંડના ટુકડાને સુવર્ણ બનાવી દે. તેમ પારસમણિરૂપી શિક્ષકે બાળકને સંસ્કારો આપીને પારસમણિ જેવો બનાવવાનો છે. સામાન્ય શિક્ષક શિખવે છે, સારો શિક્ષક સ્પષ્ટતા કરે છે, શ્રેષ્ઠ શિક્ષક પ્રયોગ કરે છે

**શિક્ષકે શિક્ષણને ધર્મ સમજવો જોઈએ, ધંધો નહિ.**

જ્યારે મહાન શિક્ષક પ્રેરણા આપે છે એવું ચાણક્યનું વિધાન છે. શિક્ષક માટે ધનિકનું બાળક હોય કે ગરીબનું, એના માટે એ માત્ર વિદ્યાર્થી છે.

પ્રતિભાસંપન્ન શિક્ષક તરીકે સમાજમાં તેનું મૂલ્ય વધે તેવાં કાર્યો કરતા જ રહેવા જોઈએ. શિક્ષક બ્રહ્માંડ છે. વિદ્યાર્થીઓના સંસ્કાર ઘડતરમાં તેમનું અતિ મૂલ્યવાન મહત્ત્વ હોય છે. વિદ્યાર્થીઓના કલ્યાણ અને શિક્ષણ માટે સતત કાર્યરત રહે તે ખરો શિક્ષક. આપના જ્ઞાન થકી વિદ્યાર્થીના જીવનમાં જ્ઞાનનો પ્રકાશ કાયમ માટે પ્રજ્વલિત રહે તેવા સુગમ અને સરાહનીય કાર્ય અવિરત કરતા રહીએ તે જ શિક્ષક દિનનું ગૌરવ છે. રાજ્યના શ્રેષ્ઠ સારસ્વત મિત્રોને આ શુભ પર્વે દંડવત્ વંદન કરું છું.

**સંપર્ક : પ્રમુખ સ્વામી વિનય મંદિર**
**નેનપુર, તા. મહેમદાવાદ, જિ. ખેડા**

## પદ્મશ્રી નૃસિંહપ્રસાદ ભટ્ટ (નાનાભાઈ)

ગાંધીચીંધ્યા માર્ગે શિક્ષણ અને સેવાના માધ્યમથી લોકઘડતરનું ભગીરથ કાર્ય કરી બતાવનાર 'પદ્મશ્રી' નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ (નાનાભાઈ)ની પચાસેક વર્ષની એકધારી સુદીર્ઘ શિક્ષણ સાધનાને આપણે બે ભાગમાં વહેંચીશું : એક, 1910થી 1937 અને બીજો 1938થી 1960. સને 1937 પછી મહાત્મા ગાંધીજીની બુનિયાદી શિક્ષણની વિચારધારાને મૂર્તિમંત કરવાનો યશ ગુજરાતમાં આદરણીય નાનાભાઈના ફાળે જવો જોઈએ. સમગ્ર ભાવનગર જિલ્લાના શિક્ષણ, ખેતી, સંસ્કાર અને લોકજાગૃતિ પર સ્વ. નાનાભાઈ ભટ્ટની અમીટ છાપ આજે પણ દૃષ્ટિગોચર થયા કરે છે.

પ્રશ્નોરા નાગર જ્ઞાતિના નાનાભાઈનો જન્મ ભાવનગરના પચ્છે ગામે ગરીબ કુટુંબમાં ઈ.સ.1880ની 21મી ઑક્ટોબરે થયો હતો. તેમનું બાળપણનું હુલામણું નામ 'નથુ ભટ્ટ' હતું. ગુજરાતના લોકહૈયે તેઓ **'નાનાભાઈ ભટ્ટ'**ના વ્હાલસોયા નામથી અમર બની ગયા. બી.એ., એ.ટી.સી., એમ.એ. સુધીનું શિક્ષણ લીધા પછી ત્રણેક મહિના મહુવાની શાળામાં હેડ માસ્તરની નોકરી કરી. ભાવનગરની જાણીતી શામળદાસ કૉલેજમાં આસિ. પ્રૉફેસર તરીકે તેમને નિમણૂક મળી. આ ગાળામાં તેઓ શ્રી પ્રભાશંકર પટ્ટણી, મહાત્મા શ્રીમન્નથુરામ અને હરગોવિંદદાસ પંડ્યાના પરિચયમાં આવ્યા અને જીવનમૂલ્યો પ્રત્યેની નિષ્ઠાનું ભાથું મેળવ્યું. તેમણે **'દક્ષિણામૂર્તિ'**ની સ્થાપના કરી. ભાવનગરના ભાવસિંહજી મહારાજાની મદદ લીધી અને થોડા વખતમાં તો તેઓ સંસ્થાના પ્રાણ બની ગયા. આમ, તેમણે ઈ.સ. 1910માં 'દક્ષિણામૂર્તિ' સંસ્થાની સ્થાપના કરી.

'આપણા દેશનો ઇતિહાસ', 'હિંદુ ધર્મની આખ્યાયિકાઓ', 'રામાયણનાં પાત્રો', 'મહાભારતનાં પાત્રો' જેવાં સુંદર પુસ્તકો તેમણે આપ્યાં છે. 'ઘડતર અને ચણતર' નામે તેમણે આત્મકથા પણ લખી છે. ગુજરાતમાં કેળવણીના નવ પ્રસ્થાનનો પ્રારંભ એમનાથી થયો. કૉલેજના પ્રૉફેસર (ઉપાધ્યાપક) પદેથી રાજીનામું આપી મહિને બસો રૂપિયાનો એ સમયનો પગાર જતો કરી પચાસ રૂપિયાના પગારથી **'દક્ષિણામૂર્તિ'**માં પંદર-વીસ બાળભૂલકાંઓથી પ્રારંભી ભણતર, ઘડતર અને ચણતરનું મૂલ્યલક્ષી કામ કર્યું. ગુજરાતને આદર્શ ગ્રામસેવકો અને ગ્રામશિક્ષકો આપ્યા. તેમણે ગાંધીજીની 'પાયાની કેળવણી'ને ચરિતાર્થ કરી બતાવી. ખભે ઝોળી ભેરવી ફંડફાળા એકઠા કર્યા પરંતુ કદી કોઈ મહારાજાની કે દીવાનની લાગવગનો લાભ ન લીધો. તેમણે સૌરાષ્ટ્રના લૂંટારાઓને સુધાર્યા અને **'દક્ષિણામૂર્તિ'** (ભાવનગર) પછી છેલ્લે, આપણા રાજ્યમાં નવી જ જાતની 'લોકભારતી' નામની ગ્રામવિદ્યાપીઠ સણોસરા મુકામે ઊભી કરી આપી. આમ, શિક્ષણ સાથે સમાજસેવા, લોકઘડતર, સમાજસુધારણાનું મૂલ્યવાન કાર્ય પાર પાડ્યું. ભારત સરકારે **'પદ્મશ્રી'**નો ઍવૉર્ડ આપી તેમનું વિશિષ્ટ બહુમાન કર્યું.

''નાનાભાઈ એક મહેતાજી નહોતા, એક નિશાળ નહોતા, એક પુસ્તક નહોતા, એક શિક્ષક નહોતા, એક આચાર્ય નહોતા, એક કુલપતિ પણ નહોતા, પરંતુ તેઓ એક 'મહાન વૃક્ષ' હતા, જેમાંથી ઘણી બધી ડાળશાખા ફૂટી ને જેણે ઘણાં બધાં મીઠાં ફળફૂલ આપ્યાં. તેમણે પચાસ-પચાસ વર્ષ સુધી ભેખ લીધો, નભાવ્યો અને એમાંથી શિક્ષણના ભેખધારી ઊભા કર્યા.''

81 વર્ષનું સુદીર્ઘ અને નિરામય જીવન જીવીને તેઓ 1961માં 31 ડિસેમ્બરે દિવંગત થયા હતા. ગુજરાત આવા શિક્ષક-પ્રાધ્યાપકો અને સ્થાપકોથી ઊજળું છે.

**(સંકલન)**

**શિક્ષકનું જીવન ખુલ્લી કિતાબ જેવું હોવું જોઈએ. શિક્ષકનું નિષ્કલંક ને બિનદંભી જીવન જ વિદ્યાર્થીઓ માટે પ્રેરણાસ્થાન બની રહે છે. - ગાંધીજી**

# મેઘાણી વંદના

## 'રાષ્ટ્રીય શાયર' સ્વ. ઝવેરચંદ મેઘાણીની 125ની જન્મજયંતી નિમિત્તે

**સંકલન**

આઝાદીનો અમૃત મહોત્સવ અને 'રાષ્ટ્રીય શાયર' સ્વ. ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતીના સુભગ સમન્વય અને ગરિમામય ઉજવણી નિમિત્તે વીરોની છલોછલ રાષ્ટ્રભક્તિ અને મેઘાણીની સાહિત્યકૃતિઓ, શૌર્ય રચનાઓ, લોકસાહિત્ય, ગદ્ય-પદ્ય તેમજ અનેક સાહિત્ય કૃતિઓ દ્વારા ત્યાગ, બલિદાન, સમર્પણ તેમજ ખમીરવંતી વીરરસની વાર્તાઓ કહી છે. આઝાદીના અમૃતમહોત્સવ નિમિત્તે ભારતની આઝાદીના 75મા વર્ષે સૌ સાથે મળીને ભારતને વધુ આત્મનિર્ભર અને સમૃદ્ધ બનાવવા માટે સંકલ્પબદ્ધ થઈએ.

સ્વ. ઝવેરચંદ મેઘાણીએ આઝાદીની લડત વખતે અમૂલ્ય યોગદાન આપ્યું હતું. ગાંધીજી દ્વારા 'રાષ્ટ્રીય શાયર' તરીકે ખ્યાતિ પામેલા સ્વ. ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતી નિમિત્તે રાજ્યભરમાં સાંસ્કૃતિક કાર્યક્રમ 'કસુંબીનો રંગ' ઉજવવામાં આવ્યો હતો.

આઝાદીનો અમૃત મહોત્સવ અને સ્વ. ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતી નિમિત્તે શાળાકક્ષાએ આચાર્યો અને શિક્ષકોના માર્ગદર્શનથી વિવિધ કાર્યક્રમો યોજાય તેમજ સ્વ. ઝવેરચંદ મેઘાણીએ સાહિત્યકૃતિઓ થકી આઝાદીની લડતમાં અવનવી રચનાઓ દ્વારા યુવાનોમાં નવા જોમ અને જુસ્સા સાથે દેશદાઝનો માહોલ ઊભો કર્યો હતો તેનાથી વિદ્યાર્થીઓ પરિચિત થાય તે આવશ્યક છે. સમગ્ર વર્ષ દરમ્યાન સાંસ્કૃતિક કાર્યક્રમો, વિવિધ સ્પર્ધાઓ તેમજ મેઘાણીના જીવન-કવન આધારિત પ્રવૃત્તિઓનું આયોજન કરી વિદ્યાર્થીઓને માહિતગાર કરી શકાય તેમજ ભારતના આઝાદીના સંગ્રામમાં યોગદાન આપનાર આઝાદીના ઘડવૈયાઓના જીવન અને બલિદાન વિશે વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરી વિદ્યાર્થીઓમાં દેશભક્તિ માટે સંસ્કારોનું સિંચન કરી શકાય તેવું આયોજન શાળા કક્ષાએ થાય તે જરૂરી છે.

ગરવી ગિરા ગૂર્જરીના કંઠ, કહેણી અને કથનીના લોકકવિ એટલે ઝવેરચંદ કાલિદાસ મેઘાણી. ગાંધીયુગના પ્રભાવે એમનો સર્જનફાલ સોળે કળાએ ખીલેલો. ક્રાંતિકારી અને સુધારક કવિ મેઘાણીનો જન્મ મા ચામુંડાના સાંનિધ્યે સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ખાતે 28-ઑગસ્ટ 1896ના રોજ થયો હતો. પિતા કાલિદાસ મેઘાણી અને માતા ધોળીબાઈના સંસ્કારોના સિંચનથી એમનો બાળ ઉછેર થયો. પિતા વ્યવસાયે પોલીસ હતા. તેઓનું મૂળ વતન અમરેલી પાસે બગસરા હતું. ચુસ્ત જૈન પિતા કાઠિયાવાડી પોલીસ અધિકારી હતા. અવારનવાર વિવિધ સ્થાનોમાં બદલી થવાથી વિવિધ સ્થાનોનો પરિચય અને અનુભવો થતા રહ્યા. મેઘાણીએ પ્રાથમિક શિક્ષણ રાજકોટ, દાઠા, પાળિયાદ, બગસરા વગેરે જગ્યાએ લીધું. માધ્યમિક શિક્ષણ વઢવાણ, બગસરા અને અમરેલીમાં મેળવેલું હતું. તે વખતની સરકારી હાઈસ્કૂલ, અમરેલીમાં 1910 થી 1912 માધ્યમિક શિક્ષણ મેળવી 1912માં મેટ્રિકની પરીક્ષા પાસ કરી. એ પછી ભાવનગરની શામળદાસ કૉલેજમાંથી 1916માં અંગ્રેજી અને સંસ્કૃત વિષય સાથે સ્નાતક થયા.

સ્નાતક થયા પછી નોકરી વ્યવસાય અર્થે 1917માં કલકત્તામાં આવેલ જીવણલાલ ઍલ્યુમિનિયમ કંપનીમાં જોડાયા. ત્રણ વર્ષમાં નોકરી સાથે ઇંગ્લેન્ડનો પ્રવાસ કર્યો. એ પછી વતનના આકર્ષણથી નોકરી છોડી બગસરા આવ્યા. એ પછી 1922માં જેતપુરમાં દમયંતી બહેન સાથે પ્રથમ લગ્ન થયા. કલકત્તાના સમય દરમિયાન બંગાળી સાહિત્ય અને ટાગોરના પરિચયમાં આવ્યા અને બંગાળી ભાષાથી પ્રભાવિત થયાં. બગસરા આવી રાણપુરમાંથી પ્રસિદ્ધ થતા 'સૌરાષ્ટ્ર' વર્તમાનપત્રમાં લખવાની શરૂઆત કરી. 1922 થી 1935 સુધી તેઓએ તંત્રી પદ નિભાવ્યું

**શિક્ષક સતત શીખતો ન રહે, તો એ કદી શીખવી ન શકે. - કવિવર ટાગોર**

અને પ્રથમ પુસ્તક 'કુરબાનીની કથાઓ' લખ્યું તેમજ 'સૌરાષ્ટ્રની રસધાર'નું સંકલન કર્યું. તે પછી બંગાળી સાહિત્યનો ગુજરાતીમાં અનુવાદ કરવાનું કાર્ય આરંભ્યું. 1926માં 'વેણીના ફૂલ' કાવ્યસંગ્રહ બહાર પાડ્યો. 1928માં લોકસાહિત્ય ક્ષેત્રનો સર્વોચ્ચ ઍવોર્ડ રણજીતરામ સુવર્ણચંદ્રક આપવામાં આવ્યો. સ્વાતંત્ર્ય સંગ્રામની પ્રેરણા આપતા 'સિંધુડો'નાં ગીત રચ્યા, જેમને બ્રિટિશ સરકારે પ્રતિબંધિત કર્યા જેથી 1930માં બે વર્ષ માટે જેલવાસ ભોગવ્યો. આ સમયમાં ગાંધીજીની ગોળમેજી પરિષદ માટે લંડનની મુલાકાત પર 'છેલ્લો કટોરો' કાવ્યનું સર્જન કર્યું. આ સમયે ગાંધીજીએ એમને 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ આપ્યું. એ પછી લઘુકથાઓનું લેખન શરૂ કર્યું. આ સમયમાં 1933માં દમયંતી બહેને અગ્નિસ્નાન કરી જીવન સમેટી લીધું. મેઘાણીના જીવનના આ સંઘર્ષમાં તેઓ સૌરાષ્ટ્ર છોડી મુંબઈ ચાલ્યા ગયા. 1934માં મુંબઈ સ્થાયી થઈ મેઘાણીએ નેપાળી યુવતી ચિત્રાદેવી સાથે ફરી જીવનસંસાર શરૂ કર્યો. 'ફૂલછાબ'માં લઘુકથાઓ તેમજ 'જન્મભૂમિ' વર્તમાનપત્રમાં 'કલમ અને કિતાબ' નામે લેખ લખવાની તથા નવલકથાઓ લખવાની શરૂઆત કરી. 1936થી 1945 સુધી તેઓ 'ફૂલછાબ' વર્તમાનપત્રમાં સંપાદક પદે આરૂઢ રહ્યા. આ સમય દરમિયાન 'મરેલાના રુધિર' (1942) 'માણસાઈના દીવા' (1946)ની રચના કરી. 1946માં 'માણસાઈના દીવા' પુસ્તકને મહિડા પારિતોષિક આપવામાં આવ્યું. તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના વડા બન્યા. મેઘાણીએ લોકસાહિત્યના અઢળક પુસ્તકો લખ્યાં. 50 વર્ષનું ટૂંકુ આયુષ્ય ભોગવી 9 માર્ચ 1947ના રોજ બોટાદ ખાતે તેમનું દેહાવસાન થયું.

સ્વ. ઝવેરચંદ મેઘાણીની અવિરત સર્જનયાત્રામાં ચાર નાટ્યસંગ્રહ, તેર નવલકથાઓ, તેર જીવનચરિત્રો, સાત નવલિકા સંગ્રહ, આઠ લોકગીત સંગ્રહ, સોળ લોકકથા સંગ્રહ, સાત કાવ્યસંગ્રહો, દશ લઘુકથા સંગ્રહો, પાંચ લોકસાહિત્ય ગ્રંથો, ચાર પ્રવાસ ગ્રંથો સહિત અઢળક સાહિત્ય સંશોધન ક્ષેત્રે પદાર્પણ કરી ગુજરાતી સાહિત્યના અનુગામી સર્જકો માટે દીવાદાંડી રૂપ બની લોકસાહિત્ય ક્ષેત્રને નવો ઉઘાડ આપ્યો છે, નવી કેડી કંડારી આપી છે.

- ગુજરાત સરકાર દ્વારા 'રાષ્ટ્રીય શાયર' સ્વ. ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતી ઉજવણી નિમિત્તે રાજ્યના 300 સરકારી પુસ્તકાલયમાં 80 પુસ્તકોનું મેઘાણી સાહિત્યસંપુટ ભેટ આપવામાં આવેલ છે. ગુજરાત સાહિત્ય અકાદમીના નવા ભવનનું નિર્માણ સૅકટર-10, ગાંધીનગરમાં થઈ રહ્યું છે, જેનું નામ 'ઝવેરચંદ મેઘાણી સાહિત્ય અકાદમી ભવન' આપવામાં આવનાર છે. જેનો શિલાન્યાસ મેઘાણીજીની જન્મજયંતીના રોજ થયેલ છે.
- ગુજરાત સરકાર દ્વારા 'રાષ્ટ્રીય શાયર' ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતીની ઉજવણી સમગ્ર રાજ્યમાં કરવામાં આવી. ઝવેરચંદ મેઘાણીની રચનાઓ સ્વતંત્રતા સંગ્રામના સૈનિકો માટે પ્રેરક બની ગઈ. મેઘાણીજીની રચનાઓમાં રાષ્ટ્રગૌરવ ઉપરાંત ગરીબ, શોષિત, પીડિત માટે સમભાવ પણ અનુભવાતો હતો. મેઘાણીજીએ 'શિવાજીનું હાલરડું' એવી રીતે લખ્યું કે એ માત્ર શિવાજી માટે નહીં, પ્રત્યેક ભારતીય માટે પરાક્રમ, સમર્પણ અને દેશપ્રીતિનું ગાન બની ગયું. 'કસુંબીનો રંગ' કાવ્ય શહાદત અને જીવનનાં તમામ ક્ષેત્રની ઉદારતાનું પ્રતીક બની ગયું.

## કસુંબીનો રંગ (કાવ્ય પરિચય)

કસુંબલ લોકગાયક કવિ સ્વ. ઝવેરચંદ મેઘાણી ગુજરાતી સાહિત્યમાં સૌથી વધુ ચર્ચિત છે. એમની સાહિત્યકૃતિઓની સમીક્ષા કરીએ છીએ ત્યારે કઈ કૃતિને સૌથી વધુ શ્રેષ્ઠ અને ઉત્તમોત્તમ ગણવી એ મૂંઝવણ ઊભી કરે છે. મેઘાણીએ કદાચ કશું જ ન લખ્યું હોત અને માત્ર 'કસુંબીનો રંગ', 'કોઈનો લાડકવાયો', 'છેલ્લો કટોરો' કે 'ચારણ કન્યા' કૃતિઓનું જ સર્જન કર્યું હોત તો પણ કવિ તરીકે અમર બન્યા હોત. 'કસુંબીનો રંગ' મેઘાણીભાઈની સૌથી વધુ લોકપ્રિય અને લોકપ્રચલિત રચના છે. મેઘાણીની 'સિંધુડો'ની રચનાઓ પર બ્રિટિશ સરકારે પાબંધી ફરમાવેલી. એ પછી 1925માં 'યુગવંદના' કાવ્યસંગ્રહ બહાર પાડ્યો. 'યુગવંદના' કાવ્યસંગ્રહની જ નહીં પરંતુ ગુજરાતી સાહિત્યની શ્રેષ્ઠ શૌર્ય નીતરતી કૃતિ તરીકે સર્વત્ર તેનાં પોંખણા થયા છે.

**જે પુસ્તકમાંથી શીખી શકાતું નથી તે શિક્ષકનાં જીવન દ્વારા શીખી શકાય છે. - સ્વામી વિવેકાનંદ**

**'લાગ્યો કસુંબીનો રંગ,**
**રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ !**

કાવ્યનો ઉઘાડ જ સ્વતંત્રતા પ્રાપ્તિ માટે મથામણ કરતા નવ યુવાનોને પ્રોત્સાહન અને પ્રેરણા આપે છે. નર્મદ પછી કોઈ ગીતમાં ખુમારી અને જુસ્સો કોઈ કવિતામાં પડઘાયો હોય તો તે 'કસુંબીનો રંગ'માં છે. કસુંબીનો રંગ એટલે પ્રેમ અને શૌર્યનો રંગ. ગૂર્જરી ભોમમાં વસતી કામણગારી નવવધૂની કસુંબલ ચૂંદડીમાં કવિને પ્રણયભાવ તો નજરે પડે છે જ પરંતુ એની સાથે વીરતા, શૌર્ય, ખુમારી, નેક, ટેક, બહાદુરીનો પ્રચંડ જયઘોષ પણ સહજ પડઘાતો પ્રતિબિંબિત થાય છે. નવવધૂની પ્રેમથી ભરેલ ચૂંદડી, એની કસુંબલ આંખ, બહારવટિયાના લાલ રંગ ધરાવતાં લૂગડાં, સર્વત્ર પ્રેમ અને શૌર્યની મહેંક અંતે ભક્તિના સૂરમાં તલ્લીન થાય છે. જીવનમાં ઘૂંટાયેલો કસુંબલ રંગ ઉત્તમ ગણાય છે. જીવનના સર્વ ભાવો નિચોવાયા હોય એવો કોઈ વીરગતિને પામેલ, માતૃભૂમિને કાજે પોતાનું સ્વાર્પણ કરેલ હોય એવા કોઈ વિરલ સર્મપિતને ઉદ્દેશીને લખાયેલું આ ગીત છે.

**'જનનીના હૈયામાં પોઢંતા પોઢંતા**
**પીધો કસુંબીનો રંગ'**

પ્રેમશૌર્યનો રંગ શબ્દે શબ્દે ટપકે છે. શૌર્યના સંસ્કાર માતાના ધાવણ, ખોળામાંથી જ મળે છે. માતૃભૂમિ માટે બલિદાન આપવાની તૈયારી ન હોય. જન્મથી મૃત્યુ સુધીની અવિરત યાત્રામાં પરાક્રમ સહજ છે. આ ગીત ભગતસિંહ, રાજગુરુ સુખદેવની શહીદી પછીની મેઘાણીની સંવેદનાની અભિવ્યક્તિ છે. કસુંબલ રંગ જન્મથી મૃત્યુ સુધી ચિરસ્થાયી છે. માનવ અસ્તિત્વ અખંડ અને ગર્વીલું બની શકે, ઉદ્દાત અને ત્યાગભાવનાનું દર્શન પ્રગટાવે છે. માતાના હૈયામાં, માતાના ધાવણમાં, બહેનીના હાલરડામાં, ભીષણ રાત્રિએ, પહાડોની ત્રાડોમાં, દુનિયાના વીરોના બલિદાનોમાં, સ્વાધીનતાની કબરોમાં, ભક્તોના તંબૂરમાં, પ્રિયાની મહેંદીમાં, કવિઓના શૌર્યગાનમાં, પીડિતોના આંસુમાં, શહીદોના નિઃશ્વાસમાં, ભૂખ્યા કંગાળ લોકોમાં કવિને કસુંબીનો રંગ લાગ્યો છે. કેસૂડા ઘૂંટીને બનાવેલ રંગને લોહીના રંગ સાથે કવિ જોડે છે. વતન અને સમાજ માટે, દેશ માટે ફના થઈ જનારાને આહ્‌વાન કરતું ગીત છે.

'કસુંબીનો રંગ લોકહૃદયની સરવાણી સમી અમર રચના છે. ગીતમાં વટ, વચન, વહેવાર અને ખુમારીને વ્યક્ત કરવામાં આવી છે. 'રાગ' ભૈરવીમાં ગવાતું આ ગીત ગૂર્જર અસ્મિતાનું ગાન છે.

## કસુંબીનો રંગ

લાગ્યો કસુંબીનો રંગ -
રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ !
જનનીના હૈયામાં પોઢંતાં પોઢંતાં
પીધો કસુંબીનો રંગ;
ધોળાં ધાવણ કેરી ધારાએ ધારાએ,
પામ્યો કસુંબીનો રંગ. - રાજ૦
બહેનીને કંઠે નીતરતાં હાલરડાંમાં
ઘોળ્યો કસુંબીનો રંગ;
ભીષણ રાત્રિ કેરા પહાડોની ત્રાડોએ
ચોળ્યો કસુંબીનો રંગ. - રાજ૦
દુનિયાના વીરોનાં લીલાં બલિદાનોમાં,
ભભક્યો કસુંબીનો રંગ;
સાગરને પારે સ્વાધીનતાની કબરોમાં
મહેક્યો કસુંબીનો રંગ. - રાજ૦
ભક્તોના તંબૂરથી ટપકેલો મસ્તીભર
ચાખ્યો કસુંબીનો રંગ;
વહાલી દિલદારાના પગની મેંદી પરથી
ચૂમ્યો કસુંબીનો રંગ. - રાજ૦
નવલી દુનિયા કેરાં સ્વપ્નોમાં કવિઓએ
ગાયો કસુંબીનો રંગ;
મુક્તિને ક્યારે નિજ રક્તો રેડણહારે
પાયો કસુંબીનો રંગ. - રાજ૦
પીડિતની આંસુડાધારે- હાહાકારે
રેલ્યો કસુંબીનો રંગ;
શહીદોના ધગધગતા નિઃશ્વાસે નિઃશ્વાસે
સળગ્યો કસુંબીનો રંગ. - રાજ૦
ધરતીનાં ભૂખ્યાં કંગાલોને ગાલે
છલકાયો કસુંબીનો રંગ;
બિસ્મિલ બેટાઓની માતાને ભાલે
મલકાયો કસુંબીનો રંગ. - રાજ૦

**સફળ ને શ્રેષ્ઠ શિક્ષક સતત જાગતો, સારું શીખતો, નવા અભિગમો સ્વીકારતો અને બાળકોને નવું નવું પીરસતો હોય.**

ઘોળી ઘોળી પ્યાલા ભરિયા : રંગીલાં હો !
પીજો કસુંબીનો રંગ;
દોરંગાં દેખીને ડરિયાં : ટેકીલાં હો !
લેજો કસુંબીનો રંગ! - રાજ૦
રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ -
લાગ્યો કસુંબીનો રંગ.
**('યુગવંદના'માંથી સાભાર) - ઝવેરચંદ મેઘાણી**

## કોઈનો લાડકવાયો (કાવ્ય પરિચય)

મેઘાણીની દર્દ, પીડાને સાંગોપાંગ અભિવ્યક્તિ કોઈ કાવ્યમાં સાંપડી હોય તો તે રચના છે - 'કોઈનો લાડકવાયો'. માતૃભૂમિને ખાતર યુવાન વયે કોઈ માતાનો જુવાનજોધ પુત્ર શહાદત વહોરી લે અને માતા જે વેદના અનુભવે તે આ કાવ્યમાં ઝીલાઈ છે. ગામ પંથકમાં ગામના પાદરે વીરતાને વરેલ ખોડાયેલા પાળિયા (ખાંભી) પાછળની ઇતિહાસ ગાથા કંઈક અનેરી છે.

**રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે**
**કેસરવરણી સમરસેવિકા કોમલ સેજ બિછાવે.**

કાવ્યને વાંચતા સહેજ પણ ન ખ્યાલ આવે કે આ અનુવાદિત કાવ્ય છે. મેઘાણીનું આ કથાગીત, એમના કારાવાસ દરમિયાન 'સમબડીઝ ડાર્લિંગ' નામના મેરી લા કોસ્ટેના રચેલા એક અંગ્રેજી કાવ્ય પરથી 'કોઈનો લાડકવાયો' કાવ્ય રચ્યું છે. એ સમયે શ્રી દેવદાસ ગાંધીએ 'સમબડીઝ ડાર્લિંગ' તરફ મેઘાણીનું ધ્યાન ખેંચ્યું હતું. એ પછી મેઘાણીએ કાવ્યનો કથાનુવાદ કર્યો. મેઘાણીભાઈની અમર કૃતિઓમાંની આ એક છે. હૃદયમાં આરપાર નીકળી જાય, હૃદયને વીંધી નાખે એવા ભાવસભર શબ્દપ્રયોગોથી કાવ્ય ઝળહળી ઊઠે છે. ગીતનો હાર્દ એવો છે કે યુદ્ધ ભૂમિમાંથી અનેક લાશોનો ખડકલો આવે છે. પરંતુ તે લાશો પૈકી એક લાશ કોની છે તે ઓળખી શકાઈ નથી અને એમને એમ પડી છે. એ વીર જવાન પણ કોઈ માતાનો લાડકવાયો છે એ વાત અહીં અદ્‌ભુત રીતે સંવેદનસભર મૂકી છે. આ ગીત સ્વદેશાભિમાનથી છલકતું દેશભક્તિ ગીત છે .ગીતનો મૂળ ઢાળ મરાઠી સાખીમાં રચાયેલો છે. કાવ્યનો અંત પણ એટલો જ ચમત્કૃતિસભર રજૂ થયો છે. કરુણાર્દ્ર ભાવે ઓળખ મળી નથી ત્યારે એને કોઈ રીતે યાદ રાખવો, જીવંત રાખવો એ વાત અંતમાં મૂકી છે.

**'એની ભસ્માંકિત ભૂમિ પર ચણજો ! આરસ ખાંભી,**
**એ પથ્થર પર કોતરશો નવ કોઈ કવિતા લાંબી,**
**લખજો : ખાખ પડી આંહીં કોઈકના લાડકવાયાની.**

મૂળ વર્ણન અંગ્રેજી કાવ્યનું છે. અમેરિકામાં યુદ્ધ થયું ત્યારે મરી રેવનાલે પોતાના પતિને યુદ્ધમાં મરતા જોયો. જ્યોર્જિયાની હૉસ્પિટલના વોર્ડમાં બીજા અનેકને વીરગતિ પામતા પણ જોયા એ અસહ્ય દુઃખનું વર્ણન મૂળ કાવ્યમાં છે, જે મેઘાણીએ અનુવાદ કરતા કહીએ તો તેનું અનુસર્જન કરી મૂકી આપ્યું છે. કાવ્યનો સાર આ પ્રમાણે છે. લોહી નીગળતી હાલતમાં લાશો ખડકાઈને આવે ત્યારે એના માટે પથારી પાથરે, આવા સમયે પણ ઘાયલ મરતા મરતા પણ આઝાદીનું ગાન કરે છે. ગામની ભાગોળે સ્ત્રીઓ એકઠી થાય ત્યારે કોઈની માતા, બહેન, પત્ની ટોળે વળી વાર્તા માંડે છે કે, કોણ રણમેદાનમાં રણશૈયા પર લડી રહ્યું છે એ જાણી દુઃખનાં ઓવારણા લઈ 'ખમ્મા', 'ખમ્મા' આર્તનાદ કરે છે. લોકો પણ આ રણયોદ્ધાઓને જોવા ઉમટી પડે છે અને પોતાના હોવાનું ગૌરવગાન અનુભવે છે. આવા સમયે અનેક યુવાનોએ આત્મબલિદાન આપ્યા પણ એમાં એક યુવાનને ખોળામાં લેવા કોઈ માતા કે બહેન પણ ન આવી. લાડકવાયાની ખબર પૂછનાર પણ કોઈ ન આવ્યું. કોઈના કપાળે તિલક, કોઈને ચૂમી, કોઈની આંખોમાંથી આંસુ વરસ્યા પણ આ લાડકવાયાનું કોઈ નહીં ત્યારે કવિ કહે છે એના ભાલે કોઈ તિલક કરજો, એને ચુંબન કરજો, એને ખોળામાં લેજો, એનું પૂજન કરજો, પ્રભુનું નામ લેજો આવા યુવાનની માતા કોઈક છાના ખૂણે આંસુ સારતી હશે ત્યારે એની ખાંભી પર નામ નથી ત્યારે 'ખાખ પડી કોઈકના લાડકવાયાની' એવું લખજો. માનવજાતને કાયમ ઉત્તમ દર્શન કરાવતું આ કાવ્ય કરુણાથી ભરેલું અને ભાવસભર છે. અણજાણ માતાના હૃદયની સંવેદના અને ઘૂંટાતી પીડાનું ગાન કરી કાવ્યને માર્મિક બનાવ્યું છે. શહીદની માતાની વેદના, દુઃખ, દર્દ, પીડા, વ્યથાની મેઘાણીએ સંવેદન સભર રજૂઆત કરી. અનુવાદને અનુસર્જનમાં ફેરવી શૌર્યગીતની યશકલગી બનાવી આપ્યું છે.

**શિક્ષક એટલે મૂલ્યોનો રખેવાળ, દ્યોતક અને ચારિત્ર્ય દ્વારા ચરિતાર્થ કરનાર આચાર્ય. - વિનોબા ભાવે**

## કોઈનો લાડકવાયો

(ઢાળ : મરાઠી સાખીનો)

રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે,
કેસરવરણી સમરસેવિકા કોમલ સેજ બિછાવે :
ઘાયલ મરતા મરતા રે
માતની આઝાદી ગાવે.
કો'ની વનિતા, કો'ની માતા, ભગિની ટોળે વળતી,
શોણિતભીના પતિ-સુત-વીરની રણશય્યા પર લળતી,
મુખથી ખમા ખમા કરતી
માથે કર મીઠો ધરતી.
થોકે થોકે લોક ઊમટતા રણજોદ્ધા જોવાને,
શાહબાશીના શબ્દ બોલતા પ્રત્યેકની પિછાને :
નિજ ગૌરવ કેરે ગાને,
જખ્મી જન જાગે અભિમાને.
સહુ સૈનિકનાં વહાલાં જનનો મળિયો જ્યાં સુખમેળો,
છેવાડો ને એકલવાયો અબોલ એક સૂતેલો :
અણપૂછયો અણપ્રીછેલો
કોઈનો અજાણ લાડીલો.
એનું શિર ખોળામાં લેવા કોઈ જનેતા ના'વી,
એને સીંચણ તેલ-કચોળાં નવ કોઈ બહેની લાવી :
કોઈના લાડકવાયાની
ન કોઈએ ખબરે પુછાવી.
ભાલે એને બચીઓ ભરતી લટો સુંવાળી સુતી,
સનમુખ ઝીલ્યા ઘાવો મહીંથી ટપટપ છાતી ચૂતી :
એની કૂચકદમ જોતી અભિમાનભરી મલકાતી,
જોતી એની રુધિર-છલકતી ગજ ગજ પહોળી છાતી,
અધબીડ્યાં બારણિયાંથી,
રડી કો' હશે આંખ રાતી.
એવી કોઈ પ્રિયાનો પ્રીતમ આજ ચિતા પર પોઢે,
એકલડો ને અણબૂઝેલો અગન-પિછોડી ઓઢે :
કોઈના લાડકવાયાને
ચૂમે પાવકજ્વાલા મોઢે.
એની ભસ્માંકિત ભૂમિ પર ચણજો આરસ-ખાંભી,
એ પથ્થર પર કોતરશો નવ કોઈ કવિતા લાંબી;
લખજો : 'ખાક પડી આંહીં,
કોઈના લાડકવાયાની.'

- ઝવેરચંદ મેઘાણી
('યુગવંદના' માંથી સાભાર)

## છેલ્લો કટોરો (કાવ્ય પરિચય)

'છેલ્લો કટોરો' એ મેઘાણીનું પ્રસિદ્ધ પ્રાર્થનાગીત છે. 1931માં ગાંધીજીએ ગોળમેજી પરિષદમાં સહભાગી થવાની વાઈસરોયને ના પાડી પરંતુ સ્વદેશી આંદોલનના સહભાગી દેશસેવકોએ ગાંધીજીને આગ્રહભરી વિનંતી કરી. આવા સમયે ગાંધીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા જાય છે ત્યારે મેઘાણીએ એમના અંતરની વેદના, દર્દ પ્રાર્થના રૂપે જણાવ્યા અને જે સર્જન થયું તે 'છેલ્લો કટોરો'. ગાંધીજી ગોળમેજી પરિષદમાં જવા નીકળ્યા ત્યારે તેમને સંબોધન રૂપે લખેલું. સૌરાષ્ટ્રમાંથી ઈંગ્લેન્ડ જવા દર ગુરૂવારે સ્ટીમર ઉપડતી. ગાંધીજીને સ્ટીમરમાં બેસવા જતાં છેલ્લા કલાકમાં રચાયેલું આ ગીત એમની સર્વોત્તમ રચના છે. અમૃતલાલ શેઠે 'બંધુ', 'બંધુ' શબ્દોના સ્થાને 'બાપુ', 'બાપુ' શબ્દો સૂચવ્યા અને થોડો ફેરફાર થયો. ગાંધીજી શનિવારે ઈંગ્લેન્ડ જવાના હતા. અમૃતલાલ શેઠે આર્ટ કાર્ડ બોર્ડ પર જુદી જુદી પ્રતો કઢાવી. તે સાંજે જ મુંબઈ મોકલી આપી અને બંદર પર આ ગીત વહેંચવામાં આવ્યું.

**'છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો, બાપુ !**
**સાગર પીનારા ! અંજલિ નવ ઢોળજો, બાપુ !**

જાણે મેઘાણીએ ઊર્મિનો સાગર ભરી આપ્યો હોય એમ ભાવનાં મોજાંઓ ઊછળે છે. એ સમયની તાદશ તસવીર ઝીલાઈ છે. ગાંધીજીએ કહ્યું છે કે 'મારી સ્થિતિનું આમાં જે વર્ણન થયું છે તે તદ્દન સાચું છે.' મેઘાણી સંબોધન કરતા કાવ્યમાં લખે છે કે, "તમારું જીવન અણખૂટ વિશ્વાસે વહ્યું છે. દગાબાજો, છળ, પ્રપંચી અને ઘાતકી અવિશ્વાસુઓ તમારા પનારે અનેકવાર પડ્યા છે છતાં પણ તમે અડગ અને અડીખમ બની કામગીરી કરતા રહ્યા છો. હવે, આખરી સમય છે. શત્રુનું મન માપી લેજો. ભલે શિર સોંપવું પડે, પણ થોડું વધુ સહન કરી લેજો. જેમ શિવ ઝેર પીને પણ અમર બન્યા છે એ સૂર-અસુરના ઉદધિનો વિચાર કર્યા વિના સાગરમાંથી રત્ન નીકળ્યા તેમ તમે રત્ન શોધી લાવો, સૌમ્ય, રૌદ્ર, કોમળ અને કઠોર એવા વિવિધ રૂપોને

**સારો શિક્ષક મોંઘો હોય છે પરંતુ ખરાબ શિક્ષકની અસરો વધારે મોંઘી હોય છે.**

હૈયા સુધી ગળી જાઓ. દુનિયા શું વાતો કરશે એ વિચારશો નહીં. જગત મેણાં-ટોણાં મારશે પણ આત્મજ્ઞાની ક્યાંય પાછો પડતો નથી. જેમ તોફાની આખલાઓને નાથવા પડે, અંકુશમાં રાખવા પડે એમ તમે જાઓ અને બ્રિટિશરોને અંકુશમાં લો પણ તમે જાઓ અને સારા સમાચાર મોકલો.''

કવિ પ્રેરણા અને નિશ્ચિત ધ્યેય સામે આગળ વધવા બાપુને જણાવે છે. જેમ મીરાંબાઈએ રાણાજીના ઝેરના કટોરાનું પાન કરેલું. એમ તમે પણ આ કાર્ય પૂર્ણ કરો. નમ્ર ભાવે આ પ્રાસંગિક ગીતમાં કવિએ એમના અંતરમનને વાચા આપી છે. ભાવ નિરૂપણના કાવ્યતત્ત્વથી પ્રેરાઈને સ્વયંસ્ફુરણા આ ગીતમાં પ્રગટી છે. જાણે હૃદયમાંથી જ્વાલામુખી રૂપે ઝરતો અગ્નિરસ હોય એવું લાગ્યા વિના ન રહે.

મુંબઈના બંદર પર આ ગીત વહેંચાયું ત્યારે તેનો રમૂજી ઈતિહાસ બની ગયેલો. કેટલીક પારસી કોમની બહેનોને ઝેર, કટોરો, જેવા શબ્દરૂપકોથી લાગ્યું કે આ તો ગાંધીજીનું અપમાન છે. એમના માટે ઘસાતું બોલાયું છે, આ ક્રૂર કટાક્ષ છે. એમનાં હૃદયો દુભાયા. આવા સમયે એક ગુજરાતી બહેને સઘળી હકીકત કહી કાવ્યમાંનો સાચો હૃદયભાવ અને અર્થઘટન સમજાવ્યું ત્યારે એ પારસી બહેનો આનંદિત બની ઊઠી. સ્વ. મેઘાણીની ગાંધીજી પ્રત્યેની તીવ્ર ભાવના, ઝંખના અને પ્રીતિભાવ દેશભાવના રૂપે ભારોભાર પ્રગટયાં છે. મેઘાણીએ ગાંધીજીના મનના ભાવોનું આકંઠ ગાન અહીં મૂક્યું છે.

('છેલ્લો કટોરો' કાવ્ય ટાઈટલ પેજ-3 ઉપર મૂકેલ છે.)

## ચારણ કન્યા (કાવ્ય પરિચય)

'વેણીના ફૂલ' કાવ્યસંગ્રહની જ નહીં પણ ગુજરાતી સાહિત્યની પ્રસિદ્ધ અમર રચના એટલે 'ચારણ કન્યા'. આ ગીત રચના સર્જન પાછળ મેઘાણી પોતે જ જણાવે છે કે, ''ગીર વિસ્તારના ચારણનેસમાં હું લોકસાહિત્ય સંશોધન અર્થે ગયેલો એવા સમયે ગીરના નેસમાં અમે બેઠા બેઠા વાતો કરી રહ્યા હતા. સંધ્યાનો સમય નજીક આવતો હતો. આવા સમયે નેસમાં ભેંસો ઊભી હતી ત્યાં એકાએક ખખડાટ થયો, ભંસો ઊભી થઈ ગઈ. ત્યાં જોયું તો એક ડાલા મથ્થો સિંહ ભેંસના શિકાર માટે આગળ વધી રહ્યો હતો. તે જોઈ નેસની એક ચારણ દીકરી દોડતી દોડતી આવી અને સાવજ... સાવજ... એવી બૂમ પાડી. ઘાસના બનેલા ઝૂંપડામાંથી હાથમાં લાકડી (ડાંગ) લઈ સાવજ તરફ દોડવા લાગી, પડકારવા લાગી. આ દૃશ્ય મેં જોયું.'' સાવજ ચાલ્યો ગયો એ ચારણ કન્યા માટે સહજ વાત હતી. આ બાબત એના જીવન સાથે વણાયેલી પરંતુ તેમને અજાયબ, આશ્ચર્યકારક નવાઈ પમાડે તેવી લાગી. એ ચારણ કન્યાના સાહસ શૌર્યની ગાથા રૂપે મારા મનમાંથી જે કવિતા જન્મી તે **'ચારણ કન્યા'**. તુલસીશ્યામ થી બે ગાઉ દૂર ખજૂરી નેસમાં આ ઘટના બની હતી. હીરબાઈ નામની ચારણબાઈની વોડકી ને નેસના પાદરમાં શિકાર બનાવી. મરેલી વોડકી પર આ ચારણ કન્યા ચડીને સાવજ સામે સોટા વીંઝતી હતી. સામે સાવજ બે પગે સામો થઈ હોંકારા કરતો હતો. બાઈએ શિકાર ખાવા ન દીધો. મેઘાણીનું શરીર કંપી ઊઠ્યું. એમાંથી સર્જાયેલું ચારણ કન્યાં.

ઉપાડ જ આગવા શબ્દ ચિત્રથી થાય છે. જેમકે,

**સાવજ ગરજે !**
**વનરાવનનો રાજા ગરજે**
**ગીરકાંઠાનો કેસરી ગરજે.**

અહીં ગીર કેસરી સિંહની વિશિષ્ટતા વર્ણવી તેને રાજા ગણાવ્યો છે. ગીર વનનો રાજા કેડયેથી પાતળો વીર યોદ્ધા જેવો છે. ઐરાવતનો શત્રુ જોગંદર જેવો સમુદ્રની જેમ ઘુઘવાટ કરે છે. એ પછી કવિ સાવજ ક્યાં ક્યાં ગરજે છે તે શબ્દ ચિત્ર મૂક્યું છે. બાવળના ઝાળામાં, ડુંગરના ગાળામાં, કણબીના ખેતરમાં, ગામના પાદરમાં, નદીઓની ભેખડમાં, ગિરિ કંદરાઓમાં, ઊગમણો-આથમણો નજીક અને દૂર, વિવિધ સ્થાનોમાં ગીર કેસરી ગર્જના કરે છે. સિંહની આવી વિકરાળ ત્રાડથી સર્વત્ર ધ્રૂજવા

**રોટલો કેમ રળવો તે નહિ પરંતુ દરેક કોળિયાને વધુ મીઠો કેમ બનાવવો તેની કેળવણી આપે તે શિક્ષક.**

લાગે છે. વાડામાં રહેલા વાછરડાં, કૂબામાં રહેલા નાનાં બાળકો, મધરાતે પંખીઓ, ઝાડનાં પાંદડાઓ, પહાડોના પથ્થરો, સરિતાના જળ કંપી ઊઠે છે. સૂતેલા માણસો અને જાગતા માણસો, જડ અને ચેતન સૌ કંપી ઊઠે છે. આ કેસરી સિંહની આંખને દર્શાવતા એની આંખ જાણે વાદળોમાં વીજળી ઝબૂકતી હોય, હીરાના શણગાર, અંગાર જોગંદરની ઝાળ, વીરની ઝંઝાળ, ટમટમતી જ્યોત, સામે ઊભું મોત ઝબૂકતું હોય એમ લાગે છે. આ સિંહના મુખને કવિ વર્ણવતા જણાવે છે.

**ડુંગર જાણે ડાચાં ફાડે**
**જોગી જાણે ગુફા ઉઘાડે !**

જાણે યમનું દ્વાર ઊઘડતું હોય, પૃથ્વીનું પાતાળ ઊઘડતું હોય એવું લાગે છે. એના દાંત બરછી જેવા છે, એની જીભ ઝૂલી રહી છે. આવા સિંહને જોઈ બધા સફાળા જાગી ઊઠે છે. બહાદુર ઊઠે છે, બિરાદરો ઊઠે છે. હાથમાં શસ્ત્ર લેતા ચારણ, આહીર, કાઠી એક એક ઘરમાંથી માણસ ઊઠે છે. ઘરની નારીઓ ઊઠે છે. ગાયના રખેવાળ ગોવાળો ઊઠે છે, મૂછે વળ દેનારા ઊઠે છે. ખોંખારા ખાનારા, માતાનું દૂધ પીનારા ઊઠે છે અને સિંહને હાંકોરે છે.

**ઊભો રે' જે !**
**ત્રાડ પડી કે ઊભો રે' જે !**

આમ કહી સિંહને જુદી જુદી સરખામણી કરે છે. ગીરના કાયર કુત્તા, પેટભરા, ચોર-લૂંટારા, ગોઝારા જેવા શબ્દ પ્રયોગથી 'સિંહ કરતા' સિંહ સાથે રહેનારા માણસો બહાદુર છે એ વાત સ્થાપે છે અને એ પછી મેઘાણી આ બહાદુર કન્યાનું વર્ણન કરે છે.

**ચારણ કન્યા !**
**ચૌદ વરસની ચારણ કન્યા**

આમ કહી પછી આ કન્યાનું વીરતા અને સાહસથી ભરેલા વ્યક્તિત્વના પાસાંઓનું વર્ણન કરે છે. ચૂંદડિયાળી, શ્વેત સુંવાળી, બાળ, ભોળી, લાલ ચટક ચહેરો ધરાવતી, ઝાડ પર ચડતી, પહાડ પર ફરતી, જોબનવંતી, આગ ઝરતી, સાક્ષાત્ જગદંબા હોય એવી નેસડામાં રહેતી કન્યા છે. હવે પછીના શબ્દ ચિત્રમાં ચારણ કન્યા સિંહને કેવી રીતે ભગાડે છે તે વર્ણવે છે.

**ડાંગ ઊઠાવે ચારણ કન્યા**
**ત્રાડ ગજાવે ચારણ કન્યા**

સિંહની પાછળ દોડતા હાથ હિલોળે છે અને સિંહની પાછળ પાછળ દોડતી દોડતી જાય છે અને આવા સમયે સિંહને જણાવે છે.

**'સિંહણ તારો ભડવીર ભાગ્યો'**

રણનો કાયર, ડુંગરનો રમનાર, હાથીનો હણનાર, જટાળો જોગી, વીર મૂછાળો ભાગ્યો અને કાવ્યના અંતે સિંહના ભાગવાનું કારણ જણાવે છે. નાનકડી છોકરીથી સિંહ ભાગી જવા પાછળની નેસડાં વાસીઓની સ્ત્રીઓની પવિત્રતા ને મેઘાણી ઊજાગર કરે છે.

**અસ્ત્રીના સત્‌થી એ ભાગ્યો**
**સાચી હિમ્મતથી એ ભાગ્યો !**

મેઘાણીએ ગીતમાં વિવિધ શબ્દાવલીઓનો પ્રયોગ કરી શબ્દ ચિત્રો ઊભા કર્યા છે. જાણે કોઈ પડદા પર ફિલ્મ નિહાળતા હોઈએ પ્રથમ સાવજની ગરિમા, એની ગરિમા ભર્યો અવાજ (ત્રાડ) એની ત્રાડથી ઊભી થતી સ્થિતિ અને થર થર ધ્રુજે છે પણ એની આંખને વિવિધ ઉપમાઓ આપી એનું મુખ કેટલું વિકરાળ છે અને એના અવાજથી કોણ કોણ જાગે છે અને સિંહને ભગાડે છે. એ સહજ ભાવો મેઘાણી એ મૂક્યા છે. આવા સિંહને એક ચૌદ વર્ષની સામાન્ય છોકરી ભગાડી મૂકે એનાથી કઈ મોટી વાત હોય. સિંહ પાછળ જુસ્સાથી દોડતી કન્યા અને એ કન્યાનું વર્ણન જાણે આપણે કાવ્ય વાંચતા જ ગીરના જંગલમાં વિહરતા હોય એવો અનુભવ થયા વિના રહેતો નથી.

મેઘાણીની આ કૃતિ ગાયન અને નર્તન સાથે અભિનયથી પણ ચોટદાર રીતે રજૂ કરી શકાય તેવી છે.

મેઘાણીના શબ્દો, શબ્દચિત્રો અને લોકસંસ્કૃતિનું જીવંત પ્રતિબિંબ એમની કવિતા અને અન્ય સર્જનોમાં સહજ પ્રગટતું જોવા મળે છે.

**પ્રત્યેક પળે ખીલતો, વિકસતો રહે તે શિક્ષક.**

## સાવજ ગરજે !

વનરાવનનો રાજા ગરજે
ગીરકાંઠાનો કેસરી ગરજે
ઐરાવત કુળનો અરિ ગરજે
કડ્યપાતળિયો જોદ્ધો ગરજે
મોં ફાડી માતેલો ગરજે
જાણે કો જોગંદર ગરજે
નાનો એવો સમંદર ગરજે !
ક્યાં ક્યાં ગરજે ?

## બાવળના જાળામાં ગરજે

ડુંગરના ગાળામાં ગરજે
કણબીના ખેતરમાં ગરજે
ગામ તણા પાદરમાં ગરજે
નદીઓની ભેખડમાં ગરજે
ગિરિઓની ગોહરમાં ગરજે
ઉગમણો, આથમણો ગરજે
ઓરો ને આઘેરો ગરજે

## થર થર કાંપે !

વાડામાં વાછડલાં કાંપે
કૂબામાં બાળકડાં કાંપે
મધરાતે પંખીડાં કાંપે
ઝાડ તણાં પાંદડલા કાંપે
પહાડોના પથ્થર પણ કાંપે
સરિતાઓના જળ પણ કાંપે
સૂતાં ને જાગંતાં કાંપે
જડ ને ચેતન સૌ કાંપે

## આંખ ઝબૂકે

કેવી એની આંખ ઝબૂકે
વાદળમાંથી વીજ ઝબૂકે
જોટે ઊગી બીજ ઝબૂકે
જાણે બે અંગાર ઝબૂકે
હીરાના શણગાર ઝબૂકે
જોગંદરની ઝાળ ઝબૂકે
વીર તણી ઝંઝાળ ઝબૂકે
ટમટમતી બે જ્યોત ઝબૂકે

## જડબાં ફાડે !

ડુંગર જાણે ડાચાં ફાડે !
જોગી જાણે ગુફા ઉઘાડે !
જમરાજાનું દ્વાર ઉઘાડે !
પૃથ્વીનું પાતાળ ઉઘાડે !
બરછી સરખા દાંત બતાવે
લસ લસ કરતી જીભ ઝુલાવે.

## બ્હાદર ઊઠે !

બડકંદાર બિરાદર ઊઠે
ફરસી લેતો ચારણ ઊઠે
ખડગ ખેંચતો આહીર ઊઠે
બરછી ભાલે કાઠી ઊઠે
ઘર ઘરમાંથી માટી ઊઠે
ગોબો હાથ રબારી ઊઠે
સોટો લઈ ઘરનારી ઊઠે
ગાય તણા રખવાળો ઊઠે
દૂધમલા ગોવાળો ઊઠે
મૂછે વળ દેનારા ઊઠે
ખોંખારો ખાનારા ઊઠે
માનું દૂધ પીનારા ઊઠે !
જાણે આભ મિનારા ઊઠે !

## ઊભો રે'જે

ત્રાડ પડી કે ઊભો રે'જે !
ગીરના કુત્તા ઊભો રે'જે !
કાયર દુત્તા ઊભો રે'જે !
પેટભરા ! તું ઊભો રે'જે !
ભૂખમરા ! તું ઊભો રે'જે !
ચોર લૂંટારા ઊભો રે'જે !
ગા-ગોઝારા ઊભો રે'જે !

## ચારણ કન્યા

ચૌદ વરસની ચારણ કન્યા
ચૂંદડીયાળી ચારણ કન્યા
શ્વેતસુંવાળી ચારણ કન્યા
બાળી ભોળી ચારણ કન્યા
લાલ હિંગોળી ચારણ કન્યા
ઝાડ ચડંતી ચારણ કન્યા
પહાડ ઘૂમંતી ચારણ કન્યા
જોબનવંતી ચારણ કન્યા
આગ ઝરંતી ચારણ કન્યા
નેસ નિવાસી ચારણ કન્યા
જગદમ્બા શી ચારણ કન્યા
ડાંગ ઉઠાવે ચારણ કન્યા
ત્રાડ ગજાવે ચારણ કન્યા
હાથ હિલોળી ચારણ કન્યા
પાછળ દોડી ચારણ કન્યા

## ભયથી ભાગ્યો !

સિંહણ, તારો ભડવીર ભાગ્યો
રણ મેલીને કાયર ભાગ્યો
ડુંગરનો રમનારો ભાગ્યો
હાથીનો હણનારો ભાગ્યો
જોગીનાથ જટાળો ભાગ્યો
મોટો વીર મૂછાળો ભાગ્યો
નર થઈ તું નારીથી ભાગ્યો
નાનકડી છોડીથી ભાગ્યો !

**('યુગવંદના' અને 'વેણીના ફૂલ' કાવ્યસંગ્રહમાંથી સાભાર)**

**શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનો સ્નેહસંબંધ એ શિક્ષણનું સર્વોત્તમ સાધન છે. - જે.કૃષ્ણમૂર્તિ**

# શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક (વર્ષ : 2021) મેળવનાર માધ્યમિક શિક્ષકોનો પરિચય

**(શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક (વર્ષ-2021)ના વિશેષ સમારોહ અંગે)**

(ગુજરાત સરકાર દ્વારા વિશિષ્ટ કામગીરી કરનારા કર્મનિષ્ઠ શિક્ષકોને પ્રતિવર્ષ "શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક" સન્માનનીય રાજ્યપાલશ્રીના વરદ્ હસ્તે અર્પણ કરવામાં આવે છે. સન્માનનીય રાજ્યપાલશ્રીના અધ્યક્ષ સ્થાને વર્ષ-2021 માટેનો શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક વિતરણ સમારોહ પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઓડીટોરીયમ, બોડકદેવ, અમદાવાદ ખાતે રાખવામાં આવેલ હતો. ઉક્ત સમારોહમાં સન્માનનીય રાજ્યપાલશ્રી સાથે માનનીય મુખ્યમંત્રીશ્રી તેમજ શિક્ષણમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. બાળકમાં રહેલી શક્તિઓને બહાર લાવવાનું મહત્ત્વનું કાર્ય તેમજ દેશના ઉજ્જવળ ભાવિનું ઘડતર કાર્ય શિક્ષકો દ્વારા થાય છે. શિક્ષકોનું કર્તવ્ય શિક્ષણની સાથે બાળકમાં સંસ્કારનું સિંચન કરવાનું પણ છે. ઉક્ત સમારોહમાં ઍવોર્ડ મેળવનાર પ્રતિભાશાળી શિક્ષકો દ્વારા કરવામાં આવેલ નવીન પ્રવૃત્તિ, શૈક્ષણિક સંશોધન તેમજ વર્ગખંડ પ્રવિધિની વિગતો અન્ય શિક્ષકો માટે પ્રોત્સાહક અને પ્રેરણાદાયક બની રહે તે હેતુથી રાજ્ય પારિતોષિક શ્રેષ્ઠ શિક્ષકોની વિગતો અત્રે રજૂ કરવામાં આવેલ છે.)

(1) 

**શ્રી જીતુભાઈ ઉકાભાઈ ખુમાણ**
મદદનીશ શિક્ષક,
સ્વ. ટી.એલ.વાળા કન્યા વિદ્યાલય,
જૂનાગઢ.

શ્રી જીતુભાઈ ઉકાભાઈ ખુમાણનો જન્મ તા. 25-07-1976ના રોજ થયો હતો. તેઓ ઉચ્ચ શૈક્ષણિક લાયકાતો મેળવી પોતાના જ્ઞાનમાં સતત વધારો કરતા રહેલા છે. શિક્ષક તરીકે પોતાની આગવી વિશેષતાઓથી શાળામાં બાળકોના માર્ગદર્શક બની રાજ્યકક્ષાએ ગૌરવ પ્રદાન કરેલ છે. એમના જીવનનું મુખ્ય લક્ષ્ય વિદ્યાર્થીની પ્રગતિ અને વિદ્યાર્થીની સફળતા રહી છે.

તેઓએ તેમના બાળકોને સારું શિક્ષણ મળી શકે તે માટે શાળામાં પ્રૉજેક્ટર દ્વારા શિક્ષણકાર્યનો પ્રારંભ કરેલો છે. તેઓએ જિલ્લાકક્ષાએ સામાજિક વિજ્ઞાનની તાલીમમાં તજ્જ્ઞ તરીકે સુંદર કાર્ય કરેલ છે. તેઓએ સામાજિક વિજ્ઞાન વિષયમાં ધોરણ-10ના પેપરસેટ પ્રકાશિત કરેલ છે અને આ બાબતે વિદ્યાર્થીઓને વિસ્તૃત માર્ગદર્શન આપેલ છે. પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વારસામાં જતન અને રક્ષણની કામગીરી પણ કરેલ છે. તેઓએ પર્યાવરણ ક્ષેત્રે પણ સુંદર કામગીરી કરેલ છે. શાળામાં અને શાળાની બહાર સ્વચ્છતા અભિયાન દ્વારા બાળકોને સ્વચ્છતાના પાઠ પણ ભણાવેલ છે. જેમ કે, પાણી બચાવો, વીજળી બચાવો વગેરે બાબતોમાં તેમણે સુંદર કામગીરી કરેલ છે.

તેમણે શાળાના બુલેટિન બોર્ડનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાના પ્રયત્નો કરેલા છે. તેમણે શૈક્ષણિક ઉપરાંત સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા બાળકોના જ્ઞાન ટકાઉ અને ઉપયોગી બને તેવી ભાવના પર ભાર આપેલો છે. એમને વર્ષ-2011માં રાષ્ટ્રીય કામગીરીમાં વસ્તીગણતરી, મતદાર અધિકારીની કામગીરી અને મતદાન જાગૃતિ રેલી દ્વારા લોકોને પોતાની ફરજો પ્રત્યે સભાન કરેલા છે. આ ઉપરાંત તેમણે V TV ના માધ્યમથી "શિક્ષણ પર ચિંતન" વિષય પર મહામંથનનું આયોજન કર્યું. આજ માધ્યમથી બોર્ડના વિદ્યાર્થીઓમાંથી પરીક્ષાનો હાઉ કેવી રીતે દૂર થાય ? વિદ્યાર્થીઓ કેવી રીતે તણાવમુક્ત રહીને પરીક્ષા આપી શકે ? તે માટે તજ્જ્ઞ તરીકે LG FM રેડિયો પર જૂનાગઢમાં ઑનલાઈન ઍજ્યુકેશન વિષય પર વિદ્યાર્થીઓ અને વાલીઓને માર્ગદર્શન આપેલ છે. તેમણે જનરલ નૉલેજ ફોર એવરની બુકના સંપાદક તરીકે કાર્ય કરેલ છે. શાળાની વિવિધ જયંતિ પ્રસંગે પ્રસિદ્ધ થયેલ સફળ અંકમાં લેખનકાર્ય કરેલ છે. તેમણે મૅગેઝિનમાં માર્ગદર્શક લેખનકાર્ય કરેલ છે. 20 સ્થાનિક સંસ્થાઓમાં પણ માર્ગદર્શનરૂપ તરીકે કાર્ય કરેલ છે. તેઓએ વિવિધ સેવાકીય હોદ્દા પર રહી સુંદર કામગીરી કરેલ છે.

આમ, શૈક્ષણિક, સામાજિક ક્ષેત્રે તેમણે કરેલ વિવિધ પ્રવૃત્તિઓને ધ્યાને લઈ રાજ્ય સરકારે સને 2021ના શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક માટે તેમની પસંદગી કરતાં ખૂબ-ખૂબ અભિનંદન.

**કોઈપણ રાષ્ટ્રના રક્ષણ અને વિકાસ માટે શિક્ષક અને સૈનિક મહત્ત્વનાં પરિબળો છે.**

**(2)** 

**ડૉ. અંજનાબેન સોમાલાલ મોદી**

મદદનીશ શિક્ષિકા,
શ્રી આદિપુર સરકારી હાઈસ્કૂલ,
આદિપુર-ગાંધીધામ, જિ. કચ્છ

ડૉ. અંજનાબેન અંબાલાલ મોદીની શિક્ષણયાત્રાની શરૂઆત તા. 02-08-1996 સરકારી હાઈસ્કૂલ, કાંડાગરા, તાલુકો મુન્દ્રા, જિ. કચ્છ ખાતે મદદનીશ શિક્ષિકા તરીકે થઈ હતી. ગ્રામીણ વિસ્તારની આ શાળામાં વિદ્યાર્થીઓ સાથે આત્મીયતા કેળવી અને વિદ્યાર્થીઓના અભ્યાસમાં હંમેશાં ઉપયોગી થવાની તત્પરતા દાખવી છે. તેઓએ વિવિધ સંસ્થામાં શિક્ષિકા તરીકે તેમજ ઈન્ચાર્જ આચાર્ય તરીકેની જવાબદારી સુપેરે નિભાવેલ છે. તેઓએ તા. 08-01-2015થી 09-09-2015 સુધી અંજારનગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અંજારમાં શાસનાધિકારી તરીકે પણ ચાર્જ સંભાળેલ અને આ સમયગાળામાં અંજારની નગર પ્રાથમિક શાળાઓમાં શિક્ષણસ્તર ખૂબ જ સારું રહેવા પામેલ છે.

જૂન-2017થી અમલમાં આવેલ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર દ્વારા પ્રકાશિત 'ગુજરાતી' પ્રથમ ભાષા ધોરણ-10 અને 'ગુજરાતી' દ્વિતીય ભાષા ધોરણ-10ના નવાં પાઠ્યપુસ્તકોમાં લેખન-સંપાદનની કામગીરી કરેલ છે. શૈક્ષણિક તાલીમોમાં તાલીમ લેવા ઉપરાંત આર.પી. અને કે.આર.પી. તરીકે અનેક તાલીમોમાં સફળતાપૂર્વક કાર્ય કરેલ છે. ભાષા નિયામકશ્રીની કચેરી દ્વારા તથા ચિલ્ડ્રન યુનિવર્સિટી, ગાંધીનગર સાથે જોડાયેલા રહીને ગુજરાતી ભાષાના પ્રચાર-પ્રસાર અર્થે વિવિધ વર્કશોપ અને નેશનલ કૉન્ફરન્સમાં સહભાગી બનેલ છે. ધોરણ-9 અને 10ના ગુજરાતી વિષયના તાલીમ મૉડ્યુલ તૈયાર કરવાની, લેખન સંપાદનની કામગીરી, S.T.T.I. ખાતે કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરેલ છે. શિક્ષણ વિભાગ, ગાંધીનગર અને ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-9માં NCERT અને CBSE નાં પાઠ્યપુસ્તકોનો અમલ કરવાના પાયલોટ પ્રૉજેક્ટ સમિતિમાં પ્રતિનિધિત્વ કરેલ છે.

બાયસેગ પ્રસારણ વર્ષ-2013 થી આજદિન સુધીમાં ગુજરાતી વિષયના ધોરણ-9 અને 10માં તજ્જ્ઞ તરીકે ઉપસ્થિત રહીને વંદે ગુજરાત ચેનલ-10 દ્વારા ગુજરાતના લાખો વિદ્યાર્થીઓ સમક્ષ શિક્ષણકાર્ય કરીને અમૂલ્ય યોગદાન આપેલ છે. ગુજરાત રાજ્યના શિક્ષણજગતમાં કર્મનિષ્ઠ, સમર્પિત અને અનુભવી શિક્ષક તરીકે ઉમદા છાપ વિકસાવેલ છે.

વર્ગખંડમાં ગુજરાતી વિષયને વધુ સરળ બનાવવા પદ્યવિભાગનું અધ્યયન સરળતાથી કરાવવા 'ગુજરાતી' વિષયનાં કાવ્યોને ડિજિટલ સ્વરૂપે વીડિયો બનાવડાવી ઈન્ટરનેટના માધ્યમ થકી યુ-ટ્યુબ પર અપલોડ કરીને સમગ્ર ગુજરાત અને દુનિયાભરના લોકોને જ્ઞાનથી પલ્લવિત કરેલા છે. ઈનોવેશનફેર, વર્ગખંડમાં ટૅક્નોલોજીનો ઉપયોગ એ એમની આગવી કુશળતા દર્શાવે છે.

આમ, શૈક્ષણિક, સામાજિક ક્ષેત્રે તેમણે કરેલ વિવિધ પ્રવૃત્તિઓને ધ્યાને લઈ રાજ્ય સરકારે સને 2021ના શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક માટે તેમની પસંદગી કરતાં ખૂબ-ખૂબ અભિનંદન.

---

**(3)** 

**શ્રી વિનોદકુમાર પરસોત્તમભાઈ પ્રજાપતિ**

મદદનીશ શિક્ષક,
શ્રી સાર્વજનિક વિવિધલક્ષી વિદ્યાલય, પાંચ લીમડી,
કૃષ્ણ સિનેમાનો ઢાળ, મહેસાણા

શ્રી વિનોદકુમાર પરસોત્તમભાઈ પ્રજાપતિની શિક્ષણયાત્રાનો શુભારંભ મહેસાણાના ઈતિહાસનો ભવ્ય વારસો ધરાવતી શાળા ટી. જે. હાઈસ્કૂલથી તા. 29-11-2001 થી શરૂ થયો. શ્રી વિનોદકુમારે મુશ્કેલીઓ સામે કંઈક નવું કરવાનું બીડું ઝડપ્યું. રમત-ગમતના માધ્યમથી, શૈક્ષણિક પ્રવાસ, પિકનિકના માધ્યમથી દરરોજ શાળા છૂટ્યા બાદ બે કલાક રમત-ગમતની સઘન પ્રૅક્ટિસ શરૂ કરાવડાવીને બાળકોને પ્રોત્સાહિત કર્યા છે. તેઓના પ્રયાસોને કારણે શાળાનું રમત-ગમતનું પરિણામ તે શાળાની આગવી ઓળખ બનવા લાગી. દર વર્ષે 60 થી 70 બાળકો રાજ્ય કક્ષાએ વિજેતા બનવા લાગ્યા તેમજ આઠથી

દસ બાળકો રાષ્ટ્રકક્ષાએ ભાગ લઈ વિજેતા થયેલા છે.

રાજ્ય ખેલ મહાકુંભમાં પણ તેમની શાળાના ખેલાડીઓએ મેદાન મારવાનું શરૂ કર્યું. પ્રથમ ખેલ મહાકુંભ રૂા. 7000 ઈનામથી શરૂ થયેલ તેની રફતાર રૂા. 1,50,000/- પહોંચી છે. તો રાજ્યકક્ષાએ પ્રથમ મેડલની વણજાર 15 થી 18 મૅડલ સુધી પહોંચી છે. અહીં દીકરીઓને ખાસ માર્શલ તાલીમ આપવાનું શરૂ કર્યું છે. જે વાલીઓ પોતાની દીકરીઓને એક દિવસીય પ્રવાસમાં મોકલતા પણ ડરતા હતા તેઓ દિલ્હી, આસામ, મધ્યપ્રદેશ, હરિયાણાના 10-10 દિવસીય પ્રવાસ માટે મોકલતા થયા. શાળામાં પાંચ વર્ષમાં 500 જેટલાં વૃક્ષો વાવીને શાળાને નયનરમ્ય-મનોહર બનાવેલ છે. વિદ્યાર્થીઓના જન્મદિવસની ઉજવણી અનોખી રીતે કરેલ છે. બાળકો શાળાને છોડનાં કૂંડાં આપીને કે પોતાના ઘરે વૃક્ષ વાવીને કરવા લાગ્યા છે. જેની નોંધ પર્યાવરણ વિભાગે લીધી. શ્રેષ્ઠ પર્યાવરણ શાળા તથા શ્રેષ્ઠ પર્યાવરણ શિક્ષકનો ઍવોર્ડ વર્ષ-2012માં મળ્યો. આ સાથે રાજ્યના રમતગમત ક્ષેત્રની વાચા આપતું મૅગેઝિન 'રમત-ગમત' દ્વારા રાજ્યકક્ષાએ તેમનું સન્માન કરેલ છે.

શ્રી સાર્વજનિક વિવિધલક્ષી વિદ્યાલય, મહેસાણામાં કામ કરવાની તક મળી અને ત્રણેય માધ્યમના 2800 કરતાં વધારે બાળકો આ સંસ્થામાં અભ્યાસ કરે છે. દરેક બાળકની રસ, રૂચિ પારખીને તે વિદ્યાર્થીઓને દરરોજ બે કલાક પ્રૅક્ટિસ શરૂ કરાવડાવી. વિદ્યાર્થીઓના સખત પરિશ્રમથી તેમની શાળા ખેલ મહાકુંભમાં છેલ્લાં ત્રણ વર્ષથી પ્રથમ / તૃતીય આવે છે. રમત એ બાળકોમાં સેવા, શિસ્ત અને ચારિત્ર્યનું નિર્માણ કરતી પ્રવૃત્તિ છે. અત્યાર સુધી કુલ 56 વિદ્યાર્થીઓએ રાષ્ટ્રકક્ષા સુધી પહોંચીને ભાગ લીધેલ છે. ખેલ મહાકુંભમાં અત્યાર સુધી ગોલ્ડ , સિલ્વર, બ્રોન્ઝ મૅડલ મેળવીને 76 મૅડલ તેમના ખેલાડીઓએ પ્રાપ્ત કર્યા છે. તેઓની ચાલુ વર્ષે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા યોજાતા ઈનોવેશનફેરમાં રાજ્યકક્ષા માટે પસંદગી થયેલ છે. તેઓ દ્વારા વિવિધ મહાન વિભૂતિઓની જન્મજયંતીઓની ભવ્ય ઉજવણી શાળા કક્ષાએ વિવિધ સંસ્થાઓ સાથે રહીને કરેલ છે.

આમ, શૈક્ષણિક, સામાજિક ક્ષેત્રે તેમણે કરેલ વિવિધ પ્રવૃત્તિઓને ધ્યાને લઈ રાજ્ય સરકારે સને 2021ના શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક માટે તેમની પસંદગી કરતાં ખૂબ-ખૂબ અભિનંદન.

---

**(4)** 

**શ્રી વિષ્ણુભાઈ હરિભાઈ પટેલ**
મદદનીશ શિક્ષક,
સ્વસ્તિક હાયર સૅકન્ડરી સ્કૂલ,
મોટેરા, તા. જિ. ગાંધીનગર

શ્રી વિષ્ણુભાઈ હરિભાઈ પટેલ જૂન-1994 થી સૅન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, ડીસા ખાતે શિક્ષક તરીકે જોડાયા. વર્ષ-1995માં શાળાનાં બાળકોના સહકારથી રૂા. 4072/- 'HELPAGE INDIA' સંસ્થાને આર્થિક સહાય કરેલ છે.

શિક્ષક તરીકે પોતાની આગવી વિશેષતાઓથી શાળામાં બાળકોને માર્ગદર્શકરૂપ બન્યા છે. શિક્ષક તરીકે પોતાની શૈક્ષણિક કારકિર્દી દરમિયાન શૈક્ષણિક કામગીરીમાં સમર્પણ, તાર્કિક અને પ્રવૃત્તિસભર શિક્ષણના હિમાયતી રહ્યા છે. તેઓએ વર્ષ-2008માં ધોરણ-10ના ગણિત વિષયનું પરિણામ સુધારણા માટે દત્તક યોજનાનો અમલ કરી તેમજ ગણિત વિષયમાં નબળાં બાળકો માટે બોર્ડની પરીક્ષા પૂર્વે વધારાના શૈક્ષણિક વર્ગ યોજનાનું આયોજન કરેલ છે.

શાળા તેમજ શાળા બહારના શૈક્ષણિક કાર્યક્રમો, શિબિરો તથા તાલીમ વર્ગમાં સંપૂર્ણ હાજરી આપી બાળકોના જ્ઞાનમાં વિનિયોગ કરેલ છે. 'રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ'માં યોજાતી સ્પર્ધાઓમાં છેલ્લાં ચાર વર્ષથી રાજ્ય કક્ષાએ ભાગ લઈ શાળાનું ગૌરવ વધારેલ છે. જેમાં ગત વર્ષે શાળા રાજ્યકક્ષા માટે ત્રણ પ્રૉજેક્ટ પસંદગી પામેલ છે. ધોરણ-10 ગણિત અને વિજ્ઞાન વિષયના તજ્જ્ઞ તરીકે સેવાઓ આપી છે. વર્ષ-2007થી ધોરણ-10નું પરિણામ 100 ટકા આવેલ છે. જેમાં બે વખત સો ટકા પરિણામ પ્રાપ્ત કરેલ છે. જિલ્લા કક્ષાએ યોજાયેલ ઈન્ટરનેશનલ ઈનોવેશન ફેરમાં ભાગ લઈ સંસ્થાનું ગૌરવ

**શિલ્પી પથ્થરમાંથી પ્રભુની પ્રતિમા કંડારે તેમ શિક્ષકે વિદ્યાર્થીની તેજસ્વી પ્રતિભા ઊભી કરવાની છે.**

વધાર્યું છે. તેઓ વર્ષ-2018-19 ગાંધીનગર જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિકથી સન્માનિત થયેલ છે. તેઓએ રાજકોટ ખાતે યોજાયેલ 13મા રાષ્ટ્રીય ગણિત મહોત્સવ મૉડલને રજૂ કરી ગોલ્ડ મૅડલ પ્રાપ્ત કરેલ છે. રાજસ્થાન ખાતે રાષ્ટ્રીય સાયન્સ ટૅક્નોલોજી ફેર મૉડલ પર સંશોધન પેપર્સ રજૂ કરેલ છે. જેમાં તેઓને શિલ્ડ તેમજ પ્રમાણપત્ર પણ એનાયત થયેલ છે.

આ ઉપરાંત હળવદ ખાતે યોજાયેલી ચોથી ટેસ્ટ સાયન્સ ટૅક્નોલોજી ફેરમાં મૉડલ પ્રેઝન્ટેશન તેમજ સંશોધન પેપર રજૂ કરેલ છે. જેમાં ગુજરાતના વતની અને જાણીતા વૈજ્ઞાનિક ડૉ. જે. જે. રાવલના વરદ્હસ્તે ગોલ્ડ મૅડલ પ્રાપ્ત થયેલ છે. શ્રી વિષ્ણુભાઈ દ્વારા કમ્પ્યૂટર કમ્યૂનિટી સાયન્સ સૅન્ટર દ્વારા આયોજિત બાલ ઊર્જા કાર્યક્રમ અંતર્ગત ઊર્જા બચત દ્વારા ઑનલાઈન બાળ ઊર્જા બચતદિન ઉજવણી કરવામાં આવેલ છે. જેમાં સૌથી વધારે બાળકોએ ભાગ લીધેલ છે. કોરોના વૈશ્વિક મહામારીમાં ધોરણ-10ના વિદ્યાર્થીઓને ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા આયોજિત હેલ્પલાઈન દ્વારા માર્ગદર્શન સેવાઓ આપેલ છે. શાળામાં સો ટકા પરિણામ મેળવવા બદલ શાળાને રૂપિયા 50,000 નો રોકડ પુરસ્કાર મુખ્યમંત્રીના વરદ્ હસ્તે પ્રાપ્ત થયેલ છે. વર્ષ : 2017-18માં ગાંધીનગર જિલ્લાની શાળાને "શ્રેષ્ઠ શાળા"નો ઍવોર્ડ પ્રાપ્ત થયેલ છે. ગુજરાતના બાળકોમાં ગણિત વિષય પ્રત્યે રસ-રુચિ વધે તેવા આશયથી ગણિત પુસ્તક લખેલ છે. તેઓએ શૈક્ષણિક ઉપરાંત સામાજિક કાર્યો કરેલ છે. રાષ્ટ્રીય પર્વની ઉજવણી, સ્વચ્છતા અભિયાન, પર્યાવરણ બચાવો અભિયાન, વ્યસનમુક્તિ કાર્યક્રમો કરેલા છે.

આમ, શૈક્ષણિક, સામાજિક ક્ષેત્રે તેમણે કરેલ વિવિધ પ્રવૃત્તિઓને ધ્યાને લઈ રાજ્ય સરકારે સને 2021ના શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક માટે તેમની પસંદગી કરતાં ખૂબ-ખૂબ અભિનંદન.

(5)



**શ્રી રોહન પ્રિયકાંત ત્રિવેદી**

મદદનીશ શિક્ષક,
સરદાર વલ્લભભાઈ વિદ્યાલય,
આજવા રોડ,
વડોદરા

શ્રી રોહન પ્રિયકાંત ત્રિવેદી જેઓ તા. 02-02-1992થી સરદાર વલ્લભભાઈ વિદ્યાલય, વડોદરા ખાતે નિષ્ઠાવાન તથા સમર્પિત શિક્ષક તરીકે કાર્યરત છે.

તેઓ અંગ્રેજી અને સંસ્કૃત વિષયોનું શાળામાં વિદ્યાર્થીઓની ક્ષમતા, કક્ષા, ગ્રહણશક્તિ મુજબ વિવિધ પદ્ધતિઓ તથા ટૅક્નોલોજીના માધ્યમથી શિક્ષણકાર્ય કરે છે.

વર્તમાન પરિસ્થિતિમાં પણ એક વર્ષમાં ઑનલાઈન રેગ્યુલર ટીચિંગ, ટેસ્ટ એસેસમેન્ટ ઉપરાંત ઈન્ટરનેશનલ, નેશનલ અને સ્ટેટ લેવલના ઘણા વેબિનાર, કૉન્ફરન્સ, વર્કશોપ તથા વિવિધ કોર્સ એટેન્ડ આયોજિત 200થી વધુ ક્વિઝ એટેન્ડ કરી છે. વિદ્યાર્થીઓને, અન્ય શાળાઓના શિક્ષકોને દેશ-પરદેશમાં મોકલેલ છે.

શાળામાં થતી પ્રાર્થના, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સ્પોર્ટસ, સંમેલન, સહઅભ્યાસિક અને ઈતર પ્રવૃત્તિઓ, અંગ્રેજી અને સંસ્કૃત માટે લેંગ્વેજ લૅબ.નો ઉપયોગ કરી તેમના વિષયોનું ધોરણ-10ના વિદ્યાર્થીઓનું પરિણામ સતત 97 ટકાથી 100 ટકા સુધી જાળવી રાખવા સઘન આયોજન કરેલ છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ ગુજરાત દ્વારા લેવાતી NMMS પરીક્ષા માટે વિદ્યાર્થીઓના પરિણામ સુધારણા માટે અંગ્રેજી, ગુજરાતી તથા સામાન્ય જ્ઞાનના 15 જેટલા એપિસોડ / લેશનનાં રેકોર્ડિંગ તૈયાર કર્યા. વડોદરા જિલ્લાના સૌથી વધારે 45 જેટલા વિદ્યાર્થીઓ સ્કોલરશીપને પાત્ર થયા.

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળમાં ધોરણ-7 થી 12ના અંગ્રેજી વિષયના લેખક તથા પરામર્શક તરીકે સેવા આપેલી છે તથા વી.એસ. ગવર્મેન્ટના વેબિનારના કોર્સ પણ કરેલ છે. બ્રિટિશ કાઉન્સિલ ઈન્ટરનેશનલ અને

**શિક્ષક એ સંસ્કૃતિનો સંક્રમક છે.**

નેશનલ કક્ષાએ અંગ્રેજી અને સંસ્કૃતની અનેક કૉન્ફરન્સમાં ભાગ લીધો છે. તેમાં તેઓ ચેરપર્સન પણ રહ્યા છે. મૂકબધિર વિદ્યાલયમાં ધોરણ-12ના વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન તથા અંધ વિદ્યાલયના બાળકોને ક્રિકેટ અને ઈંગ્લિશ સ્પીકિંગ શીખવેલ છે તથા અન્ય વિષયોનું ઓડિયો રેકોર્ડિંગ કરેલ છે. વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો, સેમિનાર અને વર્કશોપમાં કે.આર.પી. તથા માસ્ટર કે.આર.પી. તરીકે સમગ્ર ગુજરાત, દમણ, સેલવાસના શિક્ષકોને પદ્ધતિસરની તાલીમ આપેલ છે. બાયસેગના માધ્યમથી માધ્યમિક તથા પ્રાથમિક કક્ષાનાં બાળકો માટે ઉત્તમ નમૂનારૂપ પાઠનિદર્શન આપેલા છે. વર્તમાન કોવિડ-19માં પણ ઑનલાઈન કોર્ષ તેમજ વિવિધ સ્પર્ધાઓમાં પ્રમાણપત્ર મેળવ્યા છે. તેઓ વિવિધ સંસ્થાઓ દ્વારા સન્માનિત થયેલા છે. તેઓને વડોદરા જિલ્લાનો જિલ્લા કક્ષાએ "શ્રેષ્ઠ શિક્ષક ઍવોર્ડ" આપી સન્માનિત કરાયા છે.

"સતત શીખતા રહેવું એ શિક્ષકનો જન્મજાત સ્વભાવ છે." એ ઉક્તિને સાર્થક કરવાનો પ્રયાસ કરેલ છે.

આમ, શૈક્ષણિક, સામાજિક ક્ષેત્રે તેમણે કરેલ વિવિધ પ્રવૃત્તિઓને ધ્યાને લઈ રાજ્ય સરકારે સને 2021ના શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક માટે તેમની પસંદગી કરતાં ખૂબ-ખૂબ અભિનંદન.

---

(6)



**ડૉ. રામદેભાઈ કાનાભાઈ ગોજિયા**
મદદનીશ શિક્ષક,
શ્રી પી. આર. એસ. હાઈસ્કૂલ,
મુ. ભાટિયા, તા. કલ્યાણપુર,
જિ. દેવભૂમિ દ્વારકા

ડૉ. રામદેભાઈ કાનાભાઈ ગોજિયાએ તેમની સત્તર વર્ષની શૈક્ષણિક કારકિર્દીમાં ખૂબ જ સફળતા પ્રાપ્ત કરેલ છે. તેઓ પોતે ભાષા શિક્ષક છે. તેઓએ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને ભાષાસજ્જતા કેળવણી આપવામાં મોટી સિદ્ધિ હાંસલ કરી છે, જેના ફળ સ્વરૂપે વિદ્યાર્થીઓમાં પણ ભાષા વિષય પ્રત્યેના લગાવમાં વધારો થયો છે.

ડૉ. રામદેભાઈ કે. ગોજિયા શાળાના વર્ગખંડમાં હિન્દી અને ગુજરાતી વિષયના તાસ દરમિયાન પદ્ય વિભાગમાં શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓને તે પદ્યનું તાલબદ્ધ ગાન કરાવે છે. ત્યારબાદ લયબદ્ધ અને ભાવબદ્ધ રીતે અભ્યાસ કરાવે છે. તેઓએ ગદ્ય અને પદ્ય પઠનની ભાવવાહિતા જેવી અનેક ભાષાગત વિશિષ્ટતા વિદ્યાર્થીઓ સુધી પહોંચાડી હિન્દી-ગુજરાતી વિષય પ્રત્યે બાળકોનો પ્રેમ વધાર્યો છે. ભાષામાં પદ્ય-ગદ્યના અભ્યાસક્રમ ઉપરાંત વ્યાકરણનો અભ્યાસ પણ ખૂબ સરસ રીતે કરાવેલ છે. શબ્દ, શબ્દનો અર્થ, જોડણી, રૂઢિપ્રયોગો, કહેવતો, પ્રત્યેક વાક્યપ્રકાર, પદક્રમ અને પદ-સંવાદ, સંજ્ઞા, વિશેષણ, સર્વનામ, નિપાત, સંયોજક, સાદું-સંકુલ સંયુક્ત વાક્યરચના જેવા વ્યાકરણના મુદ્દાઓ વિદ્યાર્થીઓને સરળ રીતે સમજાવે છે. કોરોનાના કપરા કાળમાં વિદ્યાર્થીઓ ઘરે રહીને સરળતાથી અભ્યાસ કરી શકે તે માટે તેઓએ ધોરણ-12ના ગુજરાતી વિષયના અભ્યાસક્રમમાં આવતા મહત્ત્વપૂર્ણ કાર્યો તથા મહત્વપૂર્ણ વ્યાકરણના ટોપિક્સની સરળતાપૂર્વક સમજૂતી આપતા વીડિયો youtube ચેનલ પર તેઓ Ramde Sir Gojiya નામથી લિંક બનાવી મૂકેલ છે.

ડૉ. રામદેભાઈ કે. ગોજિયા બહુમુખી વ્યક્તિત્વ ધરાવે છે. તેઓ માત્ર પોતાના વિષયોમાં જ નિષ્ણાત હોય તેવું નહિ પરંતુ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં પણ તેઓ બે-મિશાલ છે. શાળામાં યોજાતા રાષ્ટ્રીય ઉત્સવો, ગાંધી જયંતિ, શિક્ષક દિન, કારકિર્દી સપ્તાહ જેવા કાર્યક્રમોનું સંચાલન કરે છે. આ ઉપરાંત તેઓએ પર્યાવરણ જાગૃતિ, વૃક્ષ વાવો, પાણી બચાવો, સ્વચ્છ ભારત-સ્વસ્થ ભારત, વ્યસનમુક્તિ જેવા કાર્યક્રમોનું સફળતાપૂર્વક સંચાલન કરી વિદ્યાર્થીઓ અને લોકોમાં જાગૃતિ લાવવાનું કાર્ય કરેલ છે.

ડૉ. રામદેભાઈ ગોજિયા સાહિત્યપ્રેમી વ્યક્તિ છે. તેઓ એક સારા વક્તા છે. આ ઉપરાંત પ્રસંગોપાત દૈનિકપત્રો અને મૅગેઝિનોમાં પણ તેમના લેખો પ્રકાશિત થયેલા છે. વિદ્યાર્થીઓ પણ વાંચન-લેખનકાર્ય તરફ વળે તે માટે શાળામાં રહેલા જુદાં-જુદાં પુસ્તકોનો પરિચય કરાવે છે. તેઓએ રાષ્ટ્રીય કામગીરીમાં પોતાનું યોગદાન આપેલ છે. જેમાં ચૂંટણી સમયે નિષ્ઠાથી કાર્ય કરેલ છે, જેના ફળ

**શિક્ષક તો સાધુસંત, જ્ઞાની અને મા ત્રણેયની ભૂમિકામાં રહે. - વિનોબા ભાવે**

સ્વરૂપે, વર્ષ-2020માં શ્રેષ્ઠ કામગીરી બદલ કલેક્ટરશ્રીના હસ્તક શ્રેષ્ઠ સૅક્ટર ઑફિસરનું સન્માન અને પ્રમાણપત્ર મળેલ છે.

આમ, શૈક્ષણિક, સામાજિક ક્ષેત્રે તેમણે કરેલ વિવિધ પ્રવૃત્તિઓને ધ્યાને લઈ રાજ્ય સરકારે સને 2021ના શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક માટે તેમની પસંદગી કરતાં ખૂબ-ખૂબ અભિનંદન.

---

**(7)** 

**શ્રી સ્નેહલ અરૂણકુમાર વૈદ્ય**
મદદનીશ શિક્ષક,
સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા
લોડાઈ, તા. ભૂજ, જિ. કચ્છ

ડૉ. સ્નેહલ અરૂણકુમાર વૈદ્ય કેળવણી અને સામાજિક ક્ષેત્રે ગરિમાપૂર્ણ કામગીરી દ્વારા બહુમૂલ્ય પ્રદાન કરનાર એક સમર્થ સારસ્વત છે.

શિક્ષક તો હંમેશાં શીખતો જ રહેવો જોઈએ એવી વિચારસરણીમાં માનતા શ્રી સ્નેહલ વૈદ્ય સતત સર્જનાત્મક કાર્ય કરતા રહ્યા છે. નોકરીમાં પ્રથમ વર્ષથી જ પ્રતિભાનું ઓજસ પાથરનારા આજે સેવાના 28મા વર્ષે પણ વિદ્યાર્થીઓના જીવનમાં અજવાળું પ્રગટાવી રહ્યા છે. કચ્છમાં આવેલા વિનાશક ભૂકંપ 2001 પછી જાપાન અને કોરિયાની વિદેશી સંસ્થાઓ સાથે પુનર્વસનની કામગીરી માટે જિલ્લા શિક્ષણ કચેરીની ટીમના એક સભ્ય તરીકે "ઈન્ટરપ્રીટર" દુભાષિયાની ભૂમિકા અદા કરી છે. શ્રી વૈદ્યે પોતાનો સાહિત્ય તેમજ રંગમંચ કલાનો લગાવ વિદ્યાર્થીઓમાં રેડીને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી તાલુકા અને જિલ્લાકક્ષાએ ભાગ લેતા કર્યાં છે.

કચ્છ જિલ્લાની શિક્ષણાધિકારી કચેરીમાં 2009થી 2013 સુધી એમ ચાર વર્ષ દરમ્યાન મદદનીશ શિક્ષણ નિરીક્ષક તરીકે ઉત્કૃષ્ટ અને યાદગાર કામગીરી કરી છે. તેઓ વિવિધ સામાજિક-સાંસ્કૃતિક સંસ્થાઓ સાથે જોડાઈને સામાજિક-સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પણ ભાગ લેતા રહ્યા છે. તેઓએ "પહેલવૃત્તિ" અને "ઈનોવેશન" બંને બાબતે આજપર્યંત ધગશ દાખવેલ છે. વિવિધ તાલીમોમાં તજ્જ્ઞની ભૂમિકા સ્વીકારીને જિલ્લાના શિક્ષકોને માર્ગદર્શન પૂરું પાડેલ છે. વર્ષ-2009થી શરૂ થયેલ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા લોડાઈ (જિ. કચ્છ) ખાતે શ્રી વૈદ્ય વર્ષ-2015માં જોડાયા ત્યારથી શાળાને નવી ઊંચાઈઓ પર લઈ જવામાં તેમની પ્રમુખ ભૂમિકા રહી છે. તેઓની વિશિષ્ટ કામગીરી જોતાં વર્ષ-2013થી 2015 એમ બે વર્ષ દરમિયાન દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ પર મૂકવામાં આવેલા જ્યાં શ્રી વૈદ્યે શિક્ષણતંત્ર, પ્રશાસન તેમજ વિદ્યાર્થીઓમાં અને સાથી સભ્યોમાં ખૂબ જ લોકચાહના મેળવી છે. તેઓએ કરેલ જિલ્લાની વિશિષ્ટ કામગીરીને બિરદાવીને જિલ્લા કક્ષાએ "શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક-2020" એનાયત થયેલ છે.

કોવિડ-19 મહામારીના પ્રથમ તેમજ બીજા તબક્કા દરમિયાન શ્રી વૈદ્યે વિષય-શિક્ષણ અને જીવન શિક્ષણની જ્યોત અખંડ રાખેલ છે.

આમ, શૈક્ષણિક, સામાજિક ક્ષેત્રે તેમણે કરેલ વિવિધ પ્રવૃત્તિઓને ધ્યાને લઈ રાજ્ય સરકારે સને 2021ના શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક માટે તેમની પસંદગી કરતાં ખૂબ-ખૂબ અભિનંદન.

---

**(8)** 

**ડૉ. સોનલબેન માવજીભાઈ ફળદુ**
આચાર્યા,
શ્રીમતી સરોજિની નાયડુ ગર્લ્સ
હાઈસ્કૂલ, રાજકોટ.

જૂનાગઢમાં પ્રયોજાયેલ "બેટી બચાવો, બેટી પઢાઓ" સમારોહમાં પટેલ કેળવણી મંડળ દ્વારા "ઉમા નારીરત્ન" ઍવોર્ડથી વિભૂષિત મહિલાશક્તિ ડૉ. સોનલબેન ફળદુ. ડૉ. સોનલબેને શિક્ષણ અને સમાજ સેવા ક્ષેત્રે રાત-દિવસ કાર્યરત રહી લોકચાહના મેળવેલ છે.

તેઓ વિદ્યાર્થીકાળથી તેજસ્વી કારકિર્દી ધરાવે છે. તેઓ વર્ષ-1995માં સંસ્કૃત વિષય સાથે સ્નાતક થયા. વર્ષ-1997માં સંસ્કૃત વિષય સાથે જ અનુસ્નાતક અને યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. તેમણે વર્ષ-1999માં બી.એડ્. કરેલ. જેમાં તેઓએ સંસ્કૃત વિષય સાથે

**શિક્ષકે કીમિયાગર, ક્રાંતિના અગ્રદૂત અને કર્તવ્યનિષ્ઠ કે કર્મયોગી બનવાનું છે.**

યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. તેઓ સને 2000માં મોરબીની શ્રીમતી ડી. જે. પટેલ કન્યા વિદ્યાલયમાં શિક્ષક તરીકે જોડાયા. ત્યાં પૂર્ણ ખંતથી વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપ્યો. ત્યારબાદ તેઓ 2008માં રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત શ્રીમતી સરોજિની નાયડુ ગર્લ્સ હાઈસ્કૂલમાં આચાર્યા તરીકે જોડાયા. તેઓએ વર્ષ 2012માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી ''મહર્ષિ દયાનંદ રચિત્ ઋગ્વેદભાષ્ય'' વિવેચનાત્મક અધ્યયન વિષયમાં ડૉકટરની પદવી હાંસલ કરેલ છે. સરોજિની નાયડુ ગર્લ્સ હાઈસ્કૂલમાં આચાર્યા તરીકે તેમની કામગીરી હંમેશાં પ્રભાવક રહી છે. આચાર્યા તરીકે જોડાયા ત્યારે શાળાનું પરિણામ 10 ટકા નીચે હતું તે અત્યારે છેલ્લાં દસ વર્ષથી બોર્ડના પરિણામની સાથે શાળાના પરિણામમાં પણ ઉત્તમ દેખાવ કરેલ છે. શાળાના વિદ્યાર્થીઓના અભ્યાસ ઉપરાંતની તમામ પ્રકારની પારિવારિક સમસ્યાઓમાં પણ તેઓ સહભાગી બનેલ છે. તેઓ તેમની આદર્શ કામગીરી બદલ અનેક ઍવોર્ડોથી સન્માનિત થયેલા છે. ફૂલછાબ દ્વારા ''નારી ગૌરવ ઍવોર્ડ'', વલ્લભ કન્યા કેળવણી મંડળ રાજકોટ દ્વારા ''બેસ્ટ પ્રિન્સિપાલ ઍવોર્ડ'', 'ધ ઓપન પેઈઝ' દ્વારા રાજ્યપાલશ્રીના હસ્તે ''બેસ્ટ પ્રિન્સિપાલ ઍવોર્ડ'' આમ વિવિધ સંસ્થાઓ દ્વારા તેમના ઉમદા કાર્યની નોંધ લેવાઈ છે.

શિક્ષણ ઉપરાંત ડૉ. સોનલબેન ફળદુએ સમાજસેવા ક્ષેત્રે પણ સક્રિય રહી અનેકિવધ સામાજિક પ્રવૃત્તિઓમાં લોકસેવાનો જીવનમંત્ર બનાવેલ છે. હાલમાં તેઓ ''દીકરાનું ઘર'' વૃધ્ધાશ્રમમાં કારોબારી સમિતિમાં તેમજ રાજકોટની વિવેકાનંદ યુથ કલબમાં સમાજસેવાની વિવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યા છે.

આમ, શૈક્ષણિક, સામાજિક ક્ષેત્રે તેમણે કરેલ વિવિધ પ્રવૃત્તિઓને ધ્યાને લઈ રાજ્ય સરકારે સને 2021ના શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક માટે તેમની પસંદગી કરતાં ખૂબ-ખૂબ અભિનંદન.

(9) 

**શ્રી રણજીતસિંહ છત્રસિંહ ઝાલા**
આચાર્ય,
શ્રી શેઠ એન. વી. હાઈસ્કૂલ,
મુ.પો. કોટડા (રોહા),
તા. નખત્રાણા, જિ. કચ્છ

શિક્ષક તરીકે પોતાની શૈક્ષણિક કારકિર્દી દરમિયાન શૈક્ષણિક કામગીરીમાં સમર્પણ, તાર્કિક અને પ્રવૃત્તિથી સભર શિક્ષણના હિમાયતી શ્રી રણજીતસિંહ ઝાલા શિક્ષણનો પ્રચાર અને પ્રસાર સર્વાંગી રીતે થાય તેવા ઉમદા હેતુથી "LOOK POSITIVE, THINK POSITIVE"ના ધ્યેય સાથે શૈક્ષણિક કાર્ય કરાવતા રહ્યા છે. તેઓ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં રસ ધરાવતા, વિનયી શિક્ષક તરીકેની પ્રતિભા ધરાવે છે.

શ્રી રણજીતસિંહ ઝાલા શેઠ એન.વી. હાઈસ્કૂલ, કોટડા (રોહા), તાલુકો-નખત્રાણા, જિલ્લો-કચ્છમાં આચાર્ય તરીકે ફરજ બજાવે છે. એમની શિક્ષણયાત્રાનો પ્રારંભ વર્ષ-1998 થી થયો હતો. લખપત તાલુકાના નરા ખાતે શ્રી અમીર ફૈઝલ ઉત્તર બુનિયાદી હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ પર જોડાયા. તેઓનું શિક્ષક ઘડતર કરવામાં સંચાલક સમિતિના શ્રી મીરખાનભાઈ મુતવા અને સહકર્મી શ્રી રણજીતસિંહ જાડેજા તરફથી સંપૂર્ણ સહયોગ મળ્યો છે. એમને જીવનઘડતર સાથે શિક્ષકત્વ માટે ખુલ્લું આકાશ આપ્યું. શાળાના ગુણાત્મક વિકાસ માટે ચોક્કસ સૂચકતાથી કાર્ય કરેલ છે. શાળાના વર્ગખંડમાં શિક્ષક તરીકેની ભૂમિકા પણ ઉત્તમ રહી છે.

વિદ્યાર્થીઓને રોજે-રોજ કંઈક નવું શીખવા અને શીખવવા પર ભાર મૂકેલ છે. બાળકોની રૂચિને ધ્યાનમાં રાખી વર્ગકાર્ય કરાવવામાં માને છે.

તેઓની ઉન્નત શિક્ષણ ભાવના અને ઉચ્ચ જીવન કૌશલ્યોની ઉદાર વિચારધારા, બાળકો પ્રત્યેની આત્મીયતા અજોડ છે.

''ખૂણેખૂણે પ્રગટે જ્ઞાનના દીપક, અજ્ઞાનના તિમિર થાય દૂર'' એવી ઉચ્ચ શિક્ષણ અને અડગ નિષ્ઠાના ત્રિવેણી સંગમ રૂપે વર્ષ 2013-14માં શાળાનું પરિણામ 92.14 ટકાની સિદ્ધિ સાથે પ્રસ્થાપિત કરી સૌનો આદર જીતી

**શિક્ષકનો પહેલો ધર્મ એનું સત્યનિષ્ઠપણું છે.**

શક્યા છે. તેઓ વર્ગશિક્ષણ પહેલાં એકમના મુદ્દાઓને સમજી કઠિન મુદ્દાઓને અલગ તારવીને બાળકોમાં શિક્ષણકાર્ય કરાવે છે.

ઉમદા વ્યક્તિત્વ ધરાવતા શ્રી રણજીતસિંહની દીર્ઘદૃષ્ટિ, ખંત, નિષ્ઠા અને મિલનસાર સ્વભાવને કારણે શાળા સર્જનાત્મક વાતાવરણથી ધમધમી રહેલ છે. શાળામાં આચાર્યની જવાબદારી ધીરજ અને કુનેહથી નિભાવેલ છે. વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ થકી તેઓ લોકોના હૃદયમાં સ્થાન પામેલા છે.

આમ, શૈક્ષણિક, સામાજિક ક્ષેત્રે તેમણે કરેલ વિવિધ પ્રવૃત્તિઓને ધ્યાને લઈ રાજ્ય સરકારે સને 2021ના શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક માટે તેમની પસંદગી કરતાં ખૂબ-ખૂબ અભિનંદન.

---

**(10)** 

**શ્રી કિરણકુમાર જયચંદભાઈ પટેલ**
આચાર્ય,
શ્રી કે. એમ. પટેલ વિદ્યામંદિર,
ઈડર, જિ. સાબરકાંઠા

શ્રી કિરણકુમાર જયચંદભાઈ પટેલની શિક્ષણયાત્રાનો પ્રારંભ તા. 05-09-1990થી મદદનીશ શિક્ષક તરીકે નવજીવન વિદ્યાવિહાર, દરામલી, તાલુકો-ઈડર, જિલ્લો-સાબરકાંઠાથી થયો હતો. તેઓને બી.એડ્. કૉલેજમાં મળેલ સર્વાંગી કેળવણીએ તેમના શિક્ષકત્વને ઘડ્યું છે. તેઓએ સેવાકાળ દરમિયાન જ સરદાર પટેલ યુનિવર્સિટી એમ.બી. પટેલ કૉલેજ ઑફ ઍજ્યુકેશન, વિદ્યાનગરથી એમ.એડ્.ની લાયકાત મેળવી તા. 06-03-1997થી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ઈડરમાં જુનિયર લેક્ચરર તરીકે જોડાયા.

ચાર વર્ષ દરમિયાન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ઈડરમાં (I.F.I.C.) શાખામાં જિલ્લાના પ્રાથમિક શાળાના શિક્ષકોની તાલીમી કાર્યક્રમોમાં અસરકારક ભૂમિકા અદા કરી છે. જેમ કે, તરંગ ઉલ્લાસમય અભિગમ, બાલમિત્ર વર્ગ, M.L.L. સિદ્ધિ કસોટી, નિદાન કસોટી, વ્યાવસાયિક સજ્જતા તાલીમ કાર્યક્રમો, આચાર્ય નવસંસ્કરણ તાલીમ, ગણિત વિજ્ઞાન પ્રદર્શન, DPEP પ્રૉજેક્ટ સહિત અનેકવિધ નૂતન અભિગમો સાથે જિલ્લાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોને માર્ગદર્શન પૂરું પાડેલ છે.

તેઓશ્રી કે. એમ. પટેલ વિદ્યામંદિરમાં ઈડર ખાતે આચાર્ય તરીકે પસંદગી પામ્યા. ત્યાં તેમણે ખૂબ જ ઉત્તમ કામગીરી કરેલ છે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના માર્ગદર્શન હેઠળ શિક્ષણ ગુણવત્તા સુધારણા કાર્યક્રમ અંતર્ગત શાળાવિકાસ સંકુલ, ગુણવત્તા વિકાસવર્તુળની નવી સંકલ્પના ધરી તાલુકાની 62 શાળાઓમાં શાળા વિકાસ સંકુલ કન્વીનર તરીકે 10 વર્ષ સુધી અસરકારક કામ કરેલ છે. તાલુકા કક્ષાનું ગણિત-વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન જિલ્લા કક્ષાએ પણ સંસ્થામાં સફળતાપૂર્વક કાર્ય કરેલ છે. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગમાં પણ તેઓની ઉત્કૃષ્ટ કામગીરી રહી છે. તેઓ દર વર્ષે વિશ્વ યોગ દિનની ઉજવણી, રાષ્ટ્રીય અને ધાર્મિક તહેવારોની ઉજવણી, જન્મજયંતી વિશેષ તેમજ મહિલા સશક્તિકરણ પખવાડિયું આ કાર્યક્રમ અંતર્ગત 181 અભયમ મહિલા હેલ્પલાઈન કચેરી દ્વારા શાળાના વિદ્યાર્થીઓનું જરૂરી કાઉન્સિલીંગ કરવામાં આવે છે. ઈકો કલબ N.S.S. ના સંયુક્ત ઉપક્રમે શાળામાં વૃક્ષારોપણ, પર્યાવરણ જતન અને જાળવણી માટે સતત પ્રયત્નો કરવામાં આવે છે. રાજ્ય ખેલ મહાકુંભ અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓ તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાએ ઉત્તમ શિખરો સર કરી રહ્યા છે. દર વર્ષે સંસ્કૃત અને અંગ્રેજીની શિબિરોનું આયોજન શાળા કક્ષાએ કરવામાં આવે છે. આ ઉપરાંત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આયોજિત નેશનલ મીન્સ કમ મેરીટ તથા માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં આ સંસ્થાના વિદ્યાર્થીઓએ મેરિટમાં સ્થાન મેળવેલ છે. ''જ્ઞાન સપ્તાહ''ની ઉજવણી, વર્ગ સુશોભન, વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવે છે. આ ઉપરાંત સમાજના શ્રેષ્ઠીઓનો લાભ લઈ શાળાની ભૌતિક સુવિધાઓમાં વધારો કરેલ છે.

આમ, શૈક્ષણિક, સામાજિક ક્ષેત્રે તેમણે કરેલ વિવિધ પ્રવૃત્તિઓને ધ્યાને લઈ રાજ્ય સરકારે સને 2021ના શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક માટે તેમની પસંદગી કરતાં ખૂબ-ખૂબ અભિનંદન.

**શિક્ષકનું જીવન તો અનેક દીપકોને પ્રગટાવવાનું છે.**

(11) 

**શ્રી સહદેવસિંહ સામંતસિંહ સોનગરા**

આચાર્ય, નવદીપ વિદ્યાલય,
સી.એસ.પટેલ એન્કલેવ
ભીમજીપુરા, નવા વાડજ,
અમદાવાદ

શ્રી સહદેવસિંહ સામંતસિંહ સોનગરાનો જન્મ અને ઉછેર સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના બોલુન્દ્રા (સોનગરા)માં થયેલો. એમનું પ્રાથમિક શિક્ષણ અને કૉલેજ સુધીનો અભ્યાસ ગ્રામીણ વિસ્તારોમાં થયેલ છે. સામાન્ય પરિવાર અને ઓછી જરૂરિયાતોની વચ્ચે અભ્યાસ કરતાં-કરતાં પણ શાળામાં ધોરણ-10 સામાન્ય પ્રવાહમાં પ્રથમ નંબરે આવ્યા. અંગ્રેજી વિષયમાં રસ-રૂચિને કારણે અંગ્રેજી વિષય પસંદ કરી, સ્નાતક, અનુસ્નાતક ગુજરાત યુનિવર્સિટીમાંથી થયા. આ સમય દરમ્યાન એમના મોટાભાઈ અને શિક્ષણવિદ્ શ્રી જયદેવસિંહ સોનગરાનો સહકાર, હૂંફ અને માર્ગદર્શન એમના માટે પથદર્શક બન્યા.

શિક્ષક એ આજીવન વિદ્યાર્થી જ હોય છે એટલે શિક્ષકની નોકરી મળ્યા પછી અનુસ્નાતક અભ્યાસ અને અંગ્રેજી વિષયના શિક્ષણમાં ખેડાણ ચાલુ રહ્યું. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિભાગ દ્વારા કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં ઑનલાઈન અભ્યાસ કરવાની તક મળી. શાળાના બધા જ વિદ્યાર્થીઓ દસમા ધોરણમાં અંગ્રેજી વિષય પસંદ કરીને જ પાસ થાય એવા પ્રયત્નો શરૂ કર્યા. આ સખત પરિશ્રમને પરિણામે તે શક્ય બન્યું અને સતત બાર વર્ષમાંથી આઠ વર્ષ સુધી શાળાનું અંગ્રેજીનું પરિણામ 100 ટકા આવ્યું છે.

શાળામાં સારા પરિણામ અને લખવાની આદતના કારણે તે સમયે ‘‘ગુજરાત સમાચાર’’ના મુખ્ય પેપરમાં સ્યોર-સજેશન લખવાની તક મળી. વર્ષ 2005 થી 2008 સુધી એચ.એમ.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈંગ્લીશ લૅંગ્વેજ, વિદ્યાનગરમાં સમયાંતરે કામ કરવાની તક મળેલ છે. જેમાં તજ્જ્ઞ તરીકે, મોડ્યુલ તૈયાર કરવામાં, કર્મયોગી તાલીમ દરમિયાન વિશાળ ફલક પર કામ કરવાની તક મળી. એમની વિષયસજ્જતા માટેનો કાર્યક્ષમતાનો લાભ જિલ્લાના શિક્ષકો થકી વિદ્યાર્થી સુધી પહોંચાડી શક્યા છે. બાયસેગના માધ્યમથી તેમજ વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નો "HOW TO FACE INTERVIEW" પર પણ સુંદર કાર્ય કરેલ છે. ધોરણ-10 અને 12માં બોર્ડની પરીક્ષા અગાઉ મૂંઝવતા પ્રશ્નો અંગે માર્ગદર્શન માટે ‘‘જ્ઞાનવાણી’’ રેડિયો પર લાઈવ ફોનઈન કાર્યક્રમમાં કામ કરેલ છે.

જાન્યુઆરી-2008માં નજીકના વિસ્તારમાં જ નવદીપ વિદ્યાલયમાં આચાર્ય તરીકે જોડાયા. શરૂઆતથી પ્રાથમિકમાંથી માધ્યમિકમાં આવતાં નબળાં બાળકો માટે વિશેષ પ્રયત્નો કર્યા. શાળામાં અનિયમિત આવતા બાળકો માટે મોનીટરીંગ શરૂ કર્યું. નિયમિત આવતા બાળકોને ટ્રોફી અને પ્રમાણપત્રથી નવાજવાની શરૂઆત કરવામાં આવી. સતત પ્રવૃત્તિ અને એસ.એસ.સી. બોર્ડના સારા પરિણામોને કારણે વર્ષ 2016-17માં અમદાવાદ શહેરની ‘‘શ્રેષ્ઠ શાળા’’નો ઍવોર્ડ મળ્યો છે.

આમ, શૈક્ષણિક, સામાજિક ક્ષેત્રે તેમણે કરેલ વિવિધ પ્રવૃત્તિઓને ધ્યાને લઈ રાજ્ય સરકારે સને 2021ના શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક માટે તેમની પસંદગી કરતાં ખૂબ-ખૂબ અભિનંદન.

---

(12) 

**શ્રી જિજ્ઞેશકુમાર રમેશચંદ્ર શાહ**

આચાર્ય,
શેઠ એચ.એચ. શિરોલાવાલા
હાઈસ્કૂલ, જૈન મંદિર સામે,
મુ.પો. બોડેલી,
તા. જિ. છોટાઉદેપુર

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના દેલોલ ગામના વતની જિજ્ઞેશકુમાર રમેશચંદ્ર શાહ હાલ છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાં જિલ્લાની સૌથી મોટી અને તમામ સુવિધાયુક્ત શેઠ એચ.એચ. શિરોલાવાલા હાઈસ્કૂલમાં આચાર્ય તરીકે ફરજ બજાવે છે. માતા-પિતાના સંસ્કારો તેમને વારસામાં મળેલ છે. માતા પણ પ્રાથમિક શાળામાં શિક્ષક અને આચાર્ય તરીકે નિવૃત્ત થયા છે અને પિતા પણ પ્રાથમિક શાળાના શિક્ષક ત્યારબાદ વિવિધ તાલુકામાં બીટ કેળવણી નિરીક્ષક તરીકે સફળ કામગીરી કરેલ છે.

**શિક્ષકનું સાધન સોટી નહિ, સ્નેહ કે હૂંફ છે.**

તેઓ શિક્ષક તરીકે ઉચ્ચતર માધ્યમિક વિભાગ વિજ્ઞાન પ્રવાહમાં ગણિતશાસ્ત્રના શિક્ષક તરીકે અને ત્યારબાદ વર્ષ-2008થી આચાર્ય તરીકેની આજપર્યંત ફરજ બજાવી રહ્યા છે.

તેમની શૈક્ષણિક કારકિર્દી દરમિયાન કન્યા કેળવણી, વાંચે ગુજરાત, શાળા પ્રવેશોત્સવ, વિશ્વ યોગદિન, સ્વચ્છતા અભિયાન, RUN FOR UNITY, વિવેકાનંદ સાર્ધ શતાબ્દી મહોત્સવ, ગાંધીજયંતિ, શતાબ્દી મહોત્સવ, ઈકો કલબ, પ્રવાસ-પર્યટન શાળામાં વિદ્યાર્થીઓમાં શિસ્ત અને સંસ્કાર પેદા થાય તે માટે શિક્ષણના માધ્યમથી અને અન્ય માધ્યમોથી જાણકારી દ્વારા વિવિધ રીતે જીવનમાં શિસ્ત, સંસ્કાર સાથે આગળ કેમ વધવું તેની મથામણ કરેલ છે. વિવિધ સેવાકીય કાર્યો તેમજ જાગૃતિ અભિયાનનાં કાર્યો કરેલા છે. રક્તદાન કેમ્પ, આયુર્વેદિક કેમ્પ, ઓર્થોપેડિક કેમ્પનું આયોજન કરી ગામમાં લોકજાગૃતિ માટેનું કાર્ય કરેલ છે. તેઓ તા. 01-09-1995થી 7-11-2001 સુધી વડોદરામાં શ્રી કૃષ્ણ હિન્દી વિદ્યાલયમાં અને 08-11-2001થી 9-6-2008 સુધી શેઠ એચ. એચ. શિરોલાવાલા હાઈસ્કૂલ બોડેલી, જિ. છોટાઉદેપુરમાં ઉચ્ચ માધ્યમિક વિભાગમાં વિજ્ઞાન પ્રવાહમાં ગણિતશાસ્ત્રના શિક્ષક તરીકે અને તા. 10-6-2008થી આજપર્યંત આજ શાળામાં માધ્યમિક વિભાગમાં આચાર્ય તરીકે ફરજ બજાવે છે.

શિક્ષક તરીકે ગણિત વિષયની વિવિધ તાલીમો અને આચાર્ય તરીકે પણ વિવિધ તાલીમોમાં રિસોર્સ પર્સન તરીકે ફરજ બજાવેલ છે. ક્યુ.ડી.સી.માં કન્વીનર તરીકે તમામ કામગીરી સફળતાપૂર્વક કરેલ છે.

કોવિડ-19 જેવી પરિસ્થિતિમાં કોરોના વોરિયર્સ તરીકેની ઉત્કૃષ્ટ કામગીરી કરેલ છે. જિલ્લામાં દર વર્ષે મહિલા સશક્તિકરણ કાર્યક્રમો કરેલા છે. શાળામાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત શાળાની સ્વચ્છતાની સૌથી વિશેષ કામગીરી કરેલ છે અને તેના માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરેલ છે. ઈકો કલબ, ટેરેસ ગાર્ડન, કિચન ગાર્ડન અને આયુર્વેદિક ગાર્ડન અને શાળામાં ગ્રીનરી બનાવવાનો પ્રયત્ન કરેલ છે. તેમના દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ માટે શાળાઓમાં રમતોત્સવ, યુવા મહોત્સવ, વાર્ષિક દિનની ઉજવણી કરી બાળકોના સર્વાંગી વિકાસ માટે જરૂરી એવા તમામ પ્રયત્નો થયા છે. તેઓ શિક્ષણ, શિસ્ત, સંસ્કારના આધારસ્તંભોને વરેલા છે. તેઓ વિવિધ એવોર્ડ, પ્રમાણપત્રોથીપણ સન્માન પામેલા છે.

આમ, શૈક્ષણિક, સામાજિક ક્ષેત્રે તેમણે કરેલ વિવિધ પ્રવૃત્તિઓને ધ્યાને લઈ રાજ્ય સરકારે સને 2021ના શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક માટે તેમની પસંદગી કરતાં ખૂબ-ખૂબ અભિનંદન.

---

**(13)** 

**શ્રી જીવનભાઈ દામજીભાઈ ખુંટ**
આચાર્ય,
શ્રી સ્વામિનારાયણ વિદ્યામંદિર,
મુ. નાહિયેર, તા. આમોદ,
જિ. ભરૂચ

શ્રી જીવનભાઈ દામજીભાઈ ખુંટ એ બહુમુખી વ્યક્તિત્વ ધરાવતા વ્યક્તિ છે. શિક્ષણના ક્ષેત્રમાં હંમેશાં તેમણે ઉત્તમ કાર્ય કરેલ છે. તેઓએ સરકારશ્રી દ્વારા આયોજિત કર્મયોગી તાલીમોમાં સક્રિય કામગીરી કરેલ છે. તેમની શાળામાં અને ગુરુકુળમાં અત્યાર સુધી 3000 કરતાં પણ વધારે કર્મયોગી તાલીમાર્થીઓ તાલીમ લઈ ચૂક્યા છે. આ તાલીમાર્થીઓ માટે રહેવા તથા જમવાની ઉત્તમ વ્યવસ્થા તેમની સંસ્થા દ્વારા કરવામાં આવે છે. આ તાલીમોમાં તેમણે અનેકવાર તજ્જ્ઞ તરીકે પણ ઉત્તમ કાર્ય કરેલ છે.

તેમની શાળામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસના તાલુકા કક્ષાનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે. આ ઉપરાંત તાલુકા કક્ષાના કલા ઉત્સવ અને ખેલ મહાકુંભનું આયોજન પણ સુંદર અને સફળતાપૂર્વક કરવામાં આવે છે. જિલ્લા અને એસ.વી.એસ. કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શન અને યુવા ઉત્સવોના આયોજનો પણ સફળતાપૂર્વક કરેલ છે.

શ્રી જીવનભાઈ ભારત સરકારના આયુષ્યમાન ભારત કાર્યક્રમ અંતર્ગત યુનેસ્કો અને જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા આયોજિત માધ્યમિક શાળા આરોગ્ય કાર્યક્રમમાં સક્રિય તાલીમ લઈ જિલ્લા નૉડલ આરોગ્ય તજ્જ્ઞ તરીકે કામ કરી રહેલ છે. આ

**બાળક એક જ્યોત છે, જેને શિક્ષકે પેટાવવાની છે.**

ઉપરાંત HEALTH EDUCATION AND LIFE SKILLS કાર્યક્રમ અંતર્ગત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ભરૂચ દ્વારા આયોજિત વ્યાયામ શિક્ષકો માટે ત્રણ દિવસના બિનનિવાસી તાલીમમાં તજ્જ્ઞ તરીકે શ્રેષ્ઠ સેવા આપેલ છે. તેમની શાળામાં રાષ્ટ્રીય પર્વો, સાંસ્કૃતિક તહેવારો અને અન્ય પ્રસંગોની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ માટે રાખડી બનાવવાની સ્પર્ધા, મહેંદી સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, પ્રશ્નોત્તરી સ્પર્ધા જેવા કાર્યક્રમો નિયમિત રીતે કરવામાં આવે છે.

આ ઉપરાંત તેમણે CENTER FOR CULTURAL RESOURCES AND TRAINING - NEW DELHI દ્વારા આયોજિત બાવીસ દિવસના તાલીમ કાર્યક્રમમાં ભાગ લઈ ઉદેપુર ખાતે તાલીમ મેળવેલ જેનો લાભ ભરૂચ જિલ્લાની શાળાનાં બાળકોને મળી રહેલ છે. આ ઉપરાંત એન.સી.ઈ.આર.ટી., ન્યૂ દિલ્હી અને જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા પ્રાયોજિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભરૂચ દ્વારા આયોજિત શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા આયોજિત સ્કૂલ ઑફ ઍક્સલન્સ ઍજ્યુકેશન પ્રોગ્રામના નૉડલ ટીચર તરીકેની જવાબદારી નિભાવી રહેલ છે. આચાર્યશ્રી જીવનભાઈના નેતૃત્વ હેઠળ આ શાળાને વર્ષ-2009માં ભરૂચ જિલ્લાની "શ્રેષ્ઠ શાળાનો ઍવૉર્ડ" પ્રાપ્ત થયેલ છે. પંડિત ઓમકારનાથ શાળાવિકાસ સંકુલની શાળાઓ માટેનું પુસ્તક વિતરણ કેન્દ્ર પણ આ શાળામાં આવેલ છે. અહીંથી આ સંકુલની શાળાઓ માટેનું પુસ્તક વિતરણ પણ આ શાળામાંથી કરવામાં આવે છે. અહીંથી આ સંકુલની શાળાઓ માટેનાં પુસ્તકોનું વિતરણ સમયસર અને સુંદર આયોજનપૂર્વક કરવામાં આવે છે.

આમ, શૈક્ષણિક, સામાજિક ક્ષેત્રે તેમણે કરેલ વિવિધ પ્રવૃત્તિઓને ધ્યાને લઈ રાજ્ય સરકારે સને 2021ના શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક માટે તેમની પસંદગી કરતાં ખૂબ-ખૂબ અભિનંદન.

**('શિક્ષક પરિચય' પુસ્તિકામાંથી સાભાર)**

## આઝાદીનો અમૃત મહોત્સવ : પ્રેરક પ્રસંગ - લાલબહાદુર શાસ્ત્રી

ભૂતપૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીજી જ્યારે પ્રાથમિક શાળામાં ભણતા હતા ત્યારે એમના પિતાજીનું અવસાન થયું હતું. એ વખતે એમના ઘરની સ્થિતિ ઘણી નાજુક હતી. એમાં પિતાની છત્રછાયા માથેથી જતી રહેતાં મુશ્કેલી વધી ગઈ. ગુજરાન ચલાવવું જ મુશ્કેલ બની ગયું. શાસ્ત્રીજી ભણવામાં ઘણા હોશિયાર હતા.

આર્થિક સ્થિતિ સારી ન હોવાને કારણે તેઓ જરૂરી પુસ્તકો ખરીદી શકતા નહોતા. એક શિક્ષક એમને રોજ પુસ્તકો લઈને શાળામાં આવવાનું કહેતા પણ શાસ્ત્રીજી રોજ પુસ્તકો લીધા વિના જ શાળાએ જતા. શિક્ષક એમને રોજ ટકોરતા. એક દિવસ તો શિક્ષકે કહી દીધું કે કાલે જો પુસ્તક નહીં લાવે તો ક્લાસમાં બેસવા દેવામાં નહીં આવે. એ દિવસે શાસ્ત્રીજી એમના એક મિત્રને ત્યાં ગયા અને તેની પાસેથી પુસ્તક લીધું, સાથે એવી પણ શરત કરી કે શાળામાં એ પુસ્તક પાછું આપી દેશે. રાત્રે સ્ટ્રીટલાઈટના થાંભલા નીચે જઈને બેઠા. તેના ઉજાસમાં આખી રાત જાગીને એ પુસ્તકની નકલ કરી નાખી. પછી તો શાસ્ત્રીજીની એ નકલ પુસ્તક બની ચૂકી હતી. બીજા દિવસે શાળાએ પહોંચ્યા તો શિક્ષકે પુસ્તક જોવા માગ્યું. શાસ્ત્રીજીએ તેની પોતે કરેલી નકલ શિક્ષક સામે ધરી દીધી. શિક્ષકે ગુસ્સે થઈ કહ્યું કે હું પુસ્તક માગું છું અને તું એની નકલ બતાવે છે ? શાસ્ત્રીજીએ પુસ્તકની એ નકલ ખોલીને બતાવી. એ જોઈને શિક્ષક દંગ થઈ ગયા. શાસ્ત્રીજીએ તે પુસ્તકનો એકએક શબ્દ બરાબર એ જ રીતે લખ્યો હતો. શાસ્ત્રીજીએ કહ્યું કે મારા પાસે એટલા પૈસા નથી કે હું આ પુસ્તકને ખરીદી શકું. શાસ્ત્રીજીની આ વાત સાંભળીને શિક્ષકની આંખોમાં આંસુ આવી ગયાં.

શિક્ષકે કહ્યું કે મને વિશ્વાસ છે કે એક દિવસ આખો દેશ તારા પર ગર્વ કરશે. સૌ કોઈ શાસ્ત્રીજી માટે આજે ગૌરવ અનુભવે છે કે આવા એક વ્યક્તિ આ દેશના વડાપ્રધાન બન્યા હતા. અભ્યાસ પ્રત્યેની નિષ્ઠા વ્યક્તિને સફળતાના માર્ગે અચૂક લઈ જાય છે.

**('માનવતાની મહેંક'માંથી સાભાર)**

**ઈજનેરો અને હુન્નર ઉદ્યોગોના પારંગતો પર નહિ પરંતુ શિક્ષકો પર જ સાચી સંસ્કૃતિનો આધાર છે. - જે કૃષ્ણમૂર્તિ**

# શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક (વર્ષ : 2021) મેળવનાર પ્રાથમિક શિક્ષકોની યાદી

**(1) શ્રી દિનેશભાઈ મોહનભાઈ ભેંસદડિયા**
પ્રાથમિક શિક્ષક,
શ્રી રાજપર તાલુકા શાળા,
મુ. રાજપર, તા. જિ. મોરબી

**(2) શ્રી રંજનબેન મોહનભાઈ નિમાવત**
પ્રાથમિક શિક્ષક,
શ્રી વડાળી પ્રાથમિક શાળા,
તા. ઉપલેટા, જિ. રાજકોટ

**(3) શ્રી રાજેશકુમાર ગંગદાસભાઈ બરોચિયા**
પ્રાથમિક શિક્ષક,
શ્રી બ્રાન્ચ શાળા નં.1,
જામજોધપુર, જિ. જામનગર

**(4) શ્રી ભારતીબેન શામળભાઈ પટેલ**
પ્રાથમિક શિક્ષક,
ભટેળા પ્રાથમિક શાળા, મુ. પો. ભટેળા,
તા. ભિલોડા, જિ. અરવલ્લી

**(5) શ્રી મનિષાબેન પુંજાલાલ શાહ**
પ્રાથમિક શિક્ષક,
પાદરી ફળિયા પ્રાથમિક શાળા,
બી.આર.સી. ભવન પાસે, સંતરામપુર,
જિ. મહીસાગર

**(6) શ્રી જિજ્ઞેશકુમાર ગૌતમભાઈ પ્રજાપતિ**
પ્રાથમિક શિક્ષક,
પ્રાથમિક શાળા, ડાલી, તા.સોજીત્રા, જિ.આણંદ

**(7) શ્રી હસમુખભાઈ પરાગભાઈ વણકર**
પ્રાથમિક શિક્ષક,
પાનેવાલ પ્રાથમિક શાળા, મુ. પાનેવાલ,
પો. તાજપુરા, તા. હાલોલ, જિ. પંચમહાલ

**(8) શ્રી સંજયકુમાર ભગાભાઈ જણસારી**
પ્રાથમિક શિક્ષક,
અનોડિયા પ્રાથમિક શાળા નં.2, ડોડીપાળ,
તા. માણસા, જિ. ગાંધીનગર

**(9) શ્રી ગોવિંદભાઈ માધાભાઈ રોહિત**
પ્રાથમિક શિક્ષક,
ઓરવાડા પ્રાથમિક શાળા,
તા. બોડેલી, જિ. છોટાઉદેપુર

**(10) શ્રી વિમલકુમાર દાઉદભાઈ ગામીત**
પ્રાથમિક શિક્ષક,
પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળા,
મુ.બીલીઆંબા, પો.કેશબંધ, તા.સુબીર, જિ.ડાંગ

**(11) શ્રી કપિલાબેન વીરસીંગભાઈ ચૌધરી**
પ્રાથમિક શિક્ષક,
પ્રાથમિક શાળા સુરાલી,
તા. બારડોલી, જિ. સુરત

**(12) શ્રી પીયૂષકુમાર પ્રાગજીભાઈ જોટાણિયા**
મુખ્ય શિક્ષક (HTAT),
ગાવડકા પ્રાથમિક શાળા,
મુ. ગાવડકા, વાયા બાબાપુર, તા.જિ. અમરેલી

**(13) શ્રી ગીતાબા દેવુજી વાઘેલા**
મુખ્ય શિક્ષક (HTAT),
શ્રી ગઢશીશા કુમાર પંચાયતી પ્રાથમિક શાળા,
મુ. ગઢશીશા, તા. માંડવી, જિ. કચ્છ

**(14) શ્રી ધર્માંશુ શિવરામ પ્રજાપતિ**
મુખ્ય શિક્ષક (HTAT),
ઈંગોલી પ્રાથમિક શાળા,
મું ઈંગોલી, તા. ધોળકા, જિ. અમદાવાદ

**(15) શ્રી પંકજકુમાર અમૃતલાલ પ્રજાપતિ**
મુખ્ય શિક્ષક (HTAT),
કપુરાઈ પ્રાથમિક શાળા, કપુરાઈ
ડભોઈ રોડ, વડોદરા, તા.જિ. વડોદરા

**(16) શ્રી નરેન્દ્રકુમાર ભાણજીભાઈ ઘઉઆ**
ખાસ શિક્ષક,
સી.આર.સી. તાલુકા શાળા નં. 1,
ભાણવડ, તા. ભાણવડ, જિ. દેવભૂમિ દ્વારકા

**(17) શ્રી ભરતભાઈ પ્રભુદાસ પ્રજાપતિ**
ખાસ શિક્ષક,
સદ્‌વિચાર પરિવાર પુનર્વાસ કેન્દ્ર,
મુ.પો. ઉવારસદ, તા. જિ. ગાંધીનગર

**શિક્ષક માટે દરેક દિવસ પોતાની લાયકાત વધારવાની એક અસાધારણ તક છે. - કાકા કાલેલકર**

# સામાન્ય જ્ઞાનકસોટી

દિવેકર અશ્વિનકુમાર એસ.

(1) ઝવેરચંદ મેઘાણીની કઈ નવલકથામાં 'ભૂચર મોરીના યુદ્ધ'નું વર્ણન કરવામાં આવ્યું છે ?
(A) સોરઠ તારાં વહેતાં પાણી (B) સમરાંગણ (C) વેવિશાળ (D) રા' ગંગાજળિયો

(2) અકબરના દરબારી સંગીતકાર તાનસેને કયો રાગ ગાવાથી તેમના શરીરમાં અતિશય દાહ ઉત્પન્ન થયો હતો ?
(A) મલ્હાર (B) ભૈરવ (C) દીપક (D) શ્રી

(3) એશિયન બોક્સિંગ વિમેન્સ ચૅમ્પિયનશીપ 2021માં ગોલ્ડ મૅડલ જીતનાર ભારતની એકમાત્ર મહિલા બોક્સર કોણ છે ?
(A) પૂજા રાની (B) મેરિકોમ (C) જાસ્મિન (D) સિમરનજીત કૌર

(4) ગુજરાતી ભાષાની સૌપ્રથમ જાનપદી નવલકથા 'સોરઠ તારાં વહેતાં પાણી'ના લેખક કોણ છે ?
(A) કનૈયાલાલ મુનશી (B) ઝવેરચંદ મેઘાણી (C) જોસેફ મૅકવાન (D) મનુભાઈ પંચોળી

(5) ફ્લોરિડા ખાતે યોજાયેલ મિસ યુનિવર્સ ઈવેન્ટમાં કઈ સુંદરી 'મિસ યુનિવર્સ-2020' નો ખિતાબ જીતી ?
(A) જુલિયા ગામા (B) એડલિન કાસ્ટેલી (C) એન્ડ્રીયા મેજા (D) જેનિક મકેટા

(6) ગુજરાત રાજ્યના બોટાદ જિલ્લાને નીચે દર્શાવેલ જિલ્લાઓ પૈકી કયા જિલ્લાની હદ સ્પર્શતી નથી ?
(A) અમદાવાદ (B) મોરબી (C) અમરેલી (D) રાજકોટ

(7) ભારતની કઈ મહિલા ખેલાડી 'ઢીંગ એક્સપ્રેસ' તરીકે ઓળખાય છે ?
(A) મેરિકોમ (B) હિમાદાસ (C) મીરાબાઈ ચાનૂ (D) સરિતા ગાયકવાડ

(8) ગુજરાતના નવા મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
(A) અનુપમ આનંદ (B) એલ.મુરલી ક્રિષ્ના (C) સુશીલ ચંદ્રા (D) ડૉ. મુરલી કૃષ્ણા

(9) સૌથી વધુ કેસર કેરી ઉત્પાદન માટે જાણીતું તલાલા કયા જિલ્લામાં આવેલ છે ?
(A) જૂનાગઢ (B) ભાવનગર (C) ગીર સોમનાથ (D) રાજકોટ

(10) શાહજહાંએ 'પંડિતરાજ'નું બિરૂદ કયા સંસ્કૃત કવિને આપ્યું હતું ?
(A) રૂપ ગોસ્વામી (B) વિમલકીર્તિ (C) નીલકંઠ દીક્ષિત (D) જગન્નાથ

(11) ગુજરાત સરકાર દ્વારા સૌપ્રથમ 'સાહિત્ય ગૌરવ પુરસ્કાર' કોને એનાયત કરવામાં આવ્યો હતો ?
(A) ઉમાશંકર જોશી (B) વિષ્ણુપ્રસાદ ત્રિવેદી (C) સુંદરમ્ (D) પન્નાલાલ પટેલ

(12) બ્રિટિશ સરકારે ગાંધીજીને એમની માનવ સેવા પ્રવૃત્તિઓને લક્ષ્યમાં લઈ કયો ઈલ્કાબ આપ્યો હતો ?
(A) વન મેન બાઉન્ડ્રી (B) કેસર-એ-હિંદ (C) અર્ધનગ્ન ફકીર (D) હિંદ મહાત્મા

(13) 'ઑનલાઈન ફ્લડ રિપોટિંગ સિસ્ટમ' શરૂ કરનાર દેશનું પ્રથમ રાજ્ય કયું છે ?
(A) ઉત્તરપ્રદેશ (B) પશ્ચિમ બંગાળ (C) ગુજરાત (D) આસામ

(14) ઑક્સિજન સિલિન્ડર સામાન્ય રીતે કયા રંગથી રંગવામાં આવે છે ?
(A) લાલ (B) લીલો (C) કાળો (D) વાદળી

(15) 'ચંદ્ર પૃથ્વીની ગોળ ફરે છે તથા પૃથ્વી સૂર્યની પરિક્રમા કરે છે.' કયા વૈજ્ઞાનિકે આ કહ્યું છે ?
(A) આર્યભટ્ટ (B) વરાહમિહિર (C) કોપરનિક્સ (D) જગદીશચંદ્ર બોઝ

**અનુભવ એ મહાન શિક્ષક છે.**

(16) ગુજરાત દિવ્ય જીવન સંઘના પ્રમુખ અને શિવાનંદ આશ્રમના અધ્યક્ષ સ્વામી અધ્યાત્માનંદજી કોના શિષ્ય હતા ?
(A) સ્વામી ચિદાનંદજી (B) સ્વામી ચિન્મયાનંદજી (C) સ્વામી સદાનંદ (D) સ્વામી બ્રહ્માનંદ

(17) સૌરમંડળનો કયો ગ્રહ પશ્ચિમમાં સૂર્યોદય અનુભવે છે ?
(A) મંગળ (B) બુધ (C) ગુરૂ (D) શુક્ર

(18) પ્રો. શરીફા વીજળીવાળાની કૃતિ 'વિભાજનની વ્યથા'ને વર્ષ-2018માં સાહિત્ય અકાદમી ઍવોર્ડ એનાયત થયો હતો તે કૃતિનો સાહિત્ય પ્રકાર જણાવો.
(A) નિબંધ (B) નવલિકા (C) વિવેચનગ્રંથ (D) નવલકથા

(19) 'આઈના મહેલ' કે 'હૉલ ઑફ મિરર્સ' બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?
(1) તે કચ્છ જિલ્લાના ભુજ ખાતે આવેલો છે અને તે ઈન્ડો-યુરોપીયન શૈલીમાં બનેલ છે.
(2) આ મહેલ રાવ લખપતજી દ્વારા બંધાવવામાં આવ્યો હતો.
(3) આ મહેલના કસબી રામસિંહ માલમ હતા.
(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 (D) 1, 2 અને 3

(20) સૌપ્રથમ સૂક્ષ્મદર્શક યંત્રમાં બૂચ નામની વનસ્પતિના મધપૂડાના આકારમાં ગોઠવાયેલ કોષની શોધ કરનાર વૈજ્ઞાનિક કોણ હતા ?
(A) રોબર્ટ હુક (B) રોબર્ટ બોઈલ (C) રોબર્ટ બ્રાઉન (D) રોબર્ટ હેક

(21) ગુજરાતમાં મંદિર બાંધવાની અને મૂર્તિઓ બનાવવાની કળા કયા સમુદાય દ્વારા સાચવી રાખવામાં આવી છે ?
(A) ભીલ (B) ક્ષત્રિય (C) સોમપુરા (D) વૈશ્ય

(22) પીલાજીરાવ ગાયકવાડ નિર્મિત સોનગઢનો કિલ્લો કયા જિલ્લામાં આવેલ છે ?
(A) ભરૂચ (B) તાપી (C) નર્મદા (D) સુરત

(23) જૂનાગઢનું સુદર્શન તળાવ કોના સમયમાં બાંધવામાં આવ્યું હતું ?
(A) મૌર્ય (B) સૈંધવ (C) પરમાર (D) સોલંકી

(24) પાણીપતનું પહેલું યુદ્ધ કોની વચ્ચે લડાયું હતું ?
(A) બાબર અને રાણાસંગ (B) અકબર અને હેમુ
(C) શેરશાહ અને હુમાયુ (D) બાબર અને ઈબ્રાહીમ લોદી

(25) ટોક્યો ઑલિમ્પિકમાં પેરા ટેબલટેનિસમાં અમદાવાદની કઈ મહિલા ખેલાડી ક્વોલિફાય થઈ છે ?
(A) માનસી જોશી (B) મધુરિકા પાટકર (C) ભાવના પટેલ (D) સોનલ પટેલ

(26) વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ 'નરેન્દ્ર મોદી સ્ટેડિયમ'માં પ્રથમ સદી ફટકારનાર ભારતીય ખેલાડી કોણ છે ?
(A) ઈશાંત શર્મા (B) રિષભ પંત (C) વિરાટ કોહલી (D) રોહિત શર્મા

(27) ભવાઈનો કયો વેશ સૌથી જૂનામાં જૂનો મનાય છે ?
(A) રંગલા-રંગલીનો વેશ (B) જસમા ઓડણનો વેશ (C) રામદેવપીરનો વેશ (D) ઝૂંડા ઝૂલણીનો વેશ

(28) 'પંજાબ સિનેમાના અમિતાભ બચ્ચન' તરીકે ઓળખાતા અભિનેતા સતિશ કૌલે મહાભારત સિરિયલમાં કયું પાત્ર ભજવ્યું હતું ?
(A) દુર્યોધન (B) ભગવાન રામ (C) દેવરાજ ઈન્દ્ર (D) યુધિષ્ઠિર

(29) 'ધરતીના ચિત્રકાર' કે 'લોકકલાના ઉપાસક' તરીકે કયા ચિત્રકાર જાણીતા છે ?
(A) ખોડીદાસ પરમાર (B) કાંતિભાઈ પરમાર (C) સોમાલાલ શાહ (D) જશુભાઈ નાયક

**અસ્ત થયા વિના સદાય પ્રકાશતો સૂરજ એટલે શિક્ષક.**

(30) 'ગાયનના તાલના કાલની સાથે જ તાળી પડવી તે' - શબ્દસમૂહ માટે એક શબ્દનો સાચો વિકલ્પ આપો.

(A) હરિપાણિ (B) સમપાણિ (C) સમન (D) સમપાણી

(31) 'હું સ્વપ્નોનો સુરમો લઈ જન્મ્યો હતો, પણ હવે તો મેશ પણ મળતી નથી.' આ પંક્તિ કયા કવિની છે ?

(A) ઉમાશંકર જોશી (B) નિરંજન ભગત (C) જગદીશ જોશી (D) હરિહર ભટ્ટ

(32) 'કજોડા' નાટકના લેખક કોણ છે ?

(A) રણછોડ દવે (B) ચં. ચી. મહેતા (C) કેશવલાલ પરીખ (D) જયંતિ દલાલ

(33) 'દાણો ચાંપી જોવો' - રૂઢિપ્રયોગનો સાચો અર્થ જણાવો.

(A) પ્રયત્ન કરી જોવો (B) પાણી માપવું (C) મદદ કરવી (D) દાણો કઠણ રહી જવો

(34) 'ઢાઈ અક્ષર પ્રેમ કે, પઢે સો પંડિત હોય' - સુપ્રસિદ્ધ પંક્તિ કોની છે ?

(A) દાદૂ દયાલ (B) કબીર (C) ગુરૂ નાનક (D) દયારામ

(35) કયા ગુજરાતી સાહિત્યકારનું ઉપનામ 'શ્રવણ' છે ?

(A) ઉમાશંકર જોશી (B) અનંતરાય રાવળ (C) જગન્નાથ ત્રિપાઠી (D) જન્મશંકર બૂચ

(36) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કોના વિશે એવું કહેવાતું કે 'રસ નિરૂપણમાં કોઈ કવિ તેમના પેંગડામાં પગ નાખી શકે તેમ નથી.'

(A) ભાલણ (B) નાકર (C) દયારામ (D) પ્રેમાનંદ

(37) PDF ફાઈલ નીચેનામાંથી કઈ બાબત દ્વારા બને છે અને એક્સેસ થાય છે ?

(A) માઈક્રોસોફ્ટ વર્ડ (B) એક્રોબેટ રીડર (C) ફોટોશોપ (D) માઈક્રોસોફ્ટ એક્સેલ

(38) ગુજરાત પંચાયત અધિનિયમ, 1933ની જોગવાઈઓ અનુસાર જિલ્લા પંચાયતમાં કઈ સમિતિ બનાવવાની રહેશે ?

(A) સામાજિક ન્યાય સમિતિ (B) શિક્ષણ સમિતિ (C) આરોગ્ય સમિતિ (D) આપેલ તમામ

(39) ગુજરાતના બહાદુરશાહના દરબારના સંગીતકાર કે જેમણે 'બહાદુરી' રાગની રચના કરી તેનું નામ શું હતું ?

(A) સારંગદેવ (B) બૈજુ બાવરા (C) તાનસેન (D) મર્દાના

(40) ગુજરાત સાહિત્ય અકાદમી સંસ્થા દ્વારા કયું સામયિક પ્રકાશિત કરવામાં આવે છે ?

(A) બુદ્ધિપ્રકાશ (B) પરબ (C) શબ્દસૃષ્ટિ (D) કુમાર

**: જવાબો :**

| Q | A | Q | A | Q | A | Q | A | Q | A |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | B | 9 | C | 17 | D | 25 | C | 33 | A |
| 2 | C | 10 | D | 18 | C | 26 | B | 34 | B |
| 3 | A | 11 | B | 19 | D | 27 | C | 35 | A |
| 4 | B | 13 | B | 20 | A | 28 | C | 39 | D |
| 5 | C | 13 | D | 21 | C | 29 | A | 37 | B |
| 6 | B | 14 | C | 22 | B | 30 | B | 38 | D |
| 7 | B | 15 | B | 23 | A | 31 | B | 39 | B |
| 8 | A | 16 | A | 24 | D | 32 | C | 40 | C |

સંપર્ક : 172/ એ, ઊર્જાનગર વિભાગ-2, પ્રતિક મોલની પાછળ, રાંદેસણ, તા.જિ. ગાંધીનગર.

**વિવિધ રૂપોમાં એકરૂપ બની જવાની ક્ષમતા ધરાવે તે શિક્ષક.**

## વહીવટી વિભાગ

**પરિપત્ર**

પત્રક્રમાંક : મઉમશબ/માધ્યમિક/2021/6820
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
માધ્યમિક વિભાગ,
ગાંધીનગર
તા. 07-09-2021

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ નોંધાયેલ માધ્યમિક શાળાઓ
ગુજરાત રાજ્ય

**વિષય :** ધોરણ-10 ગણિત વિષયમાં ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિકના વિષય કોડ ફાળવવા બાબત.

**સંદર્ભ :** (1) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : મઉમશબ/સંશોધન/2019/2046-80, તા. 04-06-2019
(2) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : મશબ/1119/857/છ, તા.14-07-2021

મહાશય,

જય ભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભ-2 દર્શિત શિક્ષણ વિભાગના ઠરાવથી જણાવ્યા મુજબ શૈક્ષણિક વર્ષ 2021-22 થી ધોરણ-10 ગણિત વિષયમાં ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિક એમ બે પ્રકારના પ્રશ્નપત્રોના વિકલ્પ આપવા અંગે સરકારશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. ઉક્ત ઠરાવમાં જણાવ્યા મુજબ ધોરણ-10 નું ગણિત વિષયનું પાઠ્યપુસ્તક એક જ રહેશે. શાળા કક્ષાએ કે વર્ગ ખંડ કક્ષાએ આ અંગેની શૈક્ષણિક પદ્ધતિમાં કંઈ ફેરફાર કરવાનો રહેશે નહિ. ધોરણ-10 ના ગણિત વિષયમાં ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિકના પ્રશ્નપત્ર અલગ અલગ રહેશે. બંને પ્રકારના પ્રશ્નપત્રના પરિપરૂમાં પ્રકરણવાર, ગુણભાર, પ્રશ્નોના પ્રકાર પ્રમાણે ગુણભાર તેમજ હેતુઓ પ્રમાણે ગુણભાર બોર્ડની સંશોધન શાખાએ જાહેર કરેલ પ્રશ્નપત્ર પરિરૂપ અનુસાર રહેશે. ઉક્ત ઠરાવની નકલ અત્રેથી તા.14-07-2021ના રોજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી મારફત તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને જરૂરી કાર્યવાહી કરવા સારુ મોકલી આપવામાં આવેલ છે.

આગામી વર્ષ-2022 ની એસ.એસ.સી. પરીક્ષા માટે ગણિત સ્ટાન્ડર્ડ માટે વિષય કોડ-12 અને ગણિત બેઝિક માટે વિષય કોડ-18 અમલી બનશે તો વર્ષ-2022ની પરીક્ષા માટે વિદ્યાર્થીઓના ઑનલાઈન ફોર્મ ભરતી વખતે સદર વિષય કોડ ધ્યાને લઈ ફોર્મ ભરવાના રહેશે. જે આપને જાણ સારુ.

**(ડૉ. બી. એ. ચૌધરી)**
નાયબ નિયામક (માધ્યમિક વિભાગ)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**નકલ સવિનય રવાના :**

1) માનનીય અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ
2) માનનીય સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ
3) માનનીય ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ
4) માનનીય સંયુક્ત નિયામકશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ
5) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગુજરાત રાજ્ય તમામ તાબાની માધ્યમિક શાળાઓને જાણ કરવા સારુ.

**નકલ રવાના :**

6) સંશોધન શાખા તરફ 'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ' આગામી માસિક અંકમાં પ્રસિદ્ધ કરવા બાબત.
7) આઈ.ટી.વિભાગ ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ જાણ તથા અમલ સારુ.

**માનવચેતનાને જગાડી તેમાં સંસ્કારોનું વાવેતર શિક્ષક જ કરી શકે.**

**અગત્યનું**

ક્રમાંક : મઉમશબ/સંશોધન/2021/4341-84
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સૅક્ટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા. 08-09-2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ),
ગુજરાત રાજ્ય

**વિષય :** શૈક્ષણિક વર્ષ 2021-22 માટે શૈક્ષણિક કૅલેન્ડરની વિગતો મોકલવા બાબત.

**સંદર્ભ :** અત્રેની તા. 26-08-2021ની સિંગલ ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ 2021-22માં કોવિડ-19ની પરિસ્થિતિને કારણે સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ નિર્ણય અન્વયે તા. 07-06-2021 થી હોમ લર્નિંગ અંતર્ગત ઑનલાઈન શિક્ષણકાર્ય શરૂ કરવામાં આવેલ હતું. ત્યારબાદ પરિસ્થિતિમાં સુધારો થતાં સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ નિર્ણય અન્વયે તા. 15-07-2021 થી ધોરણ-12માં તેમજ તા.26-07-2021 થી ધોરણ-9 થી 11 માં શાળાઓમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય શરૂ કરવામાં આવેલ છે.

સામાન્ય સંજોગોમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રતિવર્ષ શાળાકીય પ્રવૃત્તિ કૅલેન્ડર તૈયાર કરવામાં આવે છે અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને તેની વિગતો જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ મારફતે મોકલવામાં આવે છે. કોવિડ-19ની પ્રવર્તમાન પરિસ્થિતિને કારણે શૈક્ષણિક વર્ષ 2021-22 માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શાળાકીય પ્રવૃત્તિ કૅલેન્ડર નિયત થઈ શકેલ ન હતું. શાળાકીય પ્રવૃત્તિ કૅલેન્ડર બાબતે શાળાઓ દ્વારા વારંવાર પૃચ્છા કરવામાં આવે છે. સંદર્ભ દર્શિત ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે શૈક્ષણિક વર્ષ 2021-22 માટે શૈક્ષણિક સત્રના દિવસો, પરીક્ષાની તારીખની વિગતો, પરીક્ષાઓ અંગેની સૂચનાઓ, વૅકેશનના દિવસો, જાહેર રજાઓની વિગતો તેમજ બોર્ડની પરીક્ષાની તારીખોની વિગતો આ સાથે મોકલી આપવામાં આવે છે. આ તારીખોમાં કોવિડ-19ની પરિસ્થિતિને કારણે સરકારશ્રીની સૂચના અન્વયે કોઈ ફેરફાર થાય તો તે મુજબ ફેરફાર કરવાનો રહેશે.

ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારુ મોકલી આપશો.

**(બી. એન. રાજગોર)**
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

**બિડાણ : ઉપર મુજબ**

**નકલ સવિનય રવાના (જાણ સારુ) :**

- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી, શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-1, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી (રા.ક.), શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-2, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન. સચિવશ્રી, (પ્રા.શિ. અને મા.શિ.), શિક્ષણ વિભાગ, બ્લોક નં. 5/7મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- માન. અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં. 12, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સૅક્ટર-12, ગાંધીનગર.

**નકલ રવાના :**

- સચિવશ્રી, ગુ. મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર. (જાણ સારુ)
- પરીક્ષા સચિવશ્રી (વિજ્ઞાન પ્રવાહ), ગુ. મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર. (જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ)
- પરીક્ષા સચિવશ્રી (સામાન્ય પ્રવાહ), ગુ. મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર. (જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ)
- પરીક્ષા સચિવશ્રી (SSC), ગુ. મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર. (જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ)

**શિક્ષક તો સૂત્રધાર છે. તેણે બાળકોને ઓળખીને તેમની ગર્ભિત શક્તિઓને બહાર લાવવાની છે. - વિનોબા ભાવે**

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શાળાકીય કૅલેન્ડર : 2021-22**

**શૈક્ષણિક વર્ષ 2021-22 માટે વિવિધ પરીક્ષાની તારીખો**

| પરીક્ષા | ધોરણ | સમય |
|---|---|---|
| પ્રથમ પરીક્ષા | ધો-9 થી 12 તમામ | તા. 18-10-21 થી 27-10-21 |
| પ્રિલિમ / દ્વિતીય પરીક્ષા | ધોર-9 થી 12 તમામ | તા. 27-1-22 થી 4-2-22 |
| પ્રખરતા શોધ કસોટી | ધો-9 | તા. 7-2-22 |
| બોર્ડના વિષયની શાળા કક્ષાએ લેવાની પરીક્ષા સૈદ્ધાંતિક - પ્રાયોગિક | ધો-10 અને 12ની તમામ પરીક્ષા | તા. 9-2-22 થી 11-2-22 |
| પ્રાયોગિક પરીક્ષા | ધો-12 (વિ.પ્ર.) | તા. 14-2-22 થી 23-2-22 |
| SSC / HSC બોર્ડની પરીક્ષા | ધો-10 અને 12ની પરીક્ષા | તા.14-3-22 થી 30-3-22 |
| શાળાકીય વાર્ષિક પરીક્ષા | ધો-9 અને 11ની તમામ પરીક્ષા | તા.11-4-22 થી 21-4-22 |

**પરીક્ષાઓ અંગેની સૂચનાઓ :**

**ઉપરોક્ત પરીક્ષાઓ નીચે પ્રમાણે લેવાની રહેશે.**

1. આ તમામ પરીક્ષાઓ ઑફલાઈન લેવામાં આવશે. પરંતુ કોવિડ-19ની પરિસ્થિતિને કારણે સરકારશ્રી દ્વારા આ અંગે જો કોઈ નિર્ણય કરવામાં આવે તો તે મુજબ ઑફલાઈન / ઑનલાઈન લેવાની રહેશે.
2. શૈક્ષણિક વર્ષ 2021-22 માટે ધોરણ-9 થી 12ના અભ્યાસક્રમમાં કોઈપણ ઘટાડો કરવામાં આવશે નહિ.
3. ધોરણ-9 થી 12ની પ્રથમ પરીક્ષા માટે જૂનથી સપ્ટેમ્બર સુધીનો અભ્યાસક્રમ રહેશે.
4. ધોરણ-10 અને 12ની પ્રિલિમ. પરીક્ષા માટે સંપૂર્ણ અભ્યાસક્રમ રહેશે.
5. ધોરણ-9 અને 11ની દ્વિતીય પરીક્ષા માટે જૂનથી જાન્યુઆરી સુધીનો અભ્યાસક્રમ રહેશે. જેમાં જૂનથી સપ્ટેમ્બર સુધીના અભ્યાસક્રમમાંથી 30 ટકા અભ્યાસક્રમ અને ઑક્ટોબરથી જાન્યુઆરી સુધીના અભ્યાસક્રમમાંથી 70 ટકા અભ્યાસક્રમ રહેશે.
6. ધોરણ-10 અને 12ની બોર્ડની પરીક્ષા તેમજ ધોરણ-9 અને 11ની વાર્ષિક પરીક્ષા માટે સંપૂર્ણ અભ્યાસક્રમ રહેશે.
7. ઉપરોક્ત તમામ પરીક્ષાઓ માટે શૈક્ષણિક વર્ષ 2019-20થી અમલમાં આવેલ પરીક્ષા પદ્ધતિ યથાવત્ રહેશે. પરીક્ષા પદ્ધતિમાં કોઈ ફેરફાર કરવાનો રહેશે નહિ.
8. ધોરણ-9 થી 12ની પ્રથમ અને પ્રિલિમ./દ્વિતીય પરીક્ષાઓ તેમજ ધોરણ-9 અને 11ની વાર્ષિક પરીક્ષાના નીચે મુજબના વિષયોનાં પ્રશ્નપત્રો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ મારફતે તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મોકલવામાં આવશે.
   ધોરણ-9 અને 10 : ગુજરાતી, ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન
   ધોરણ-11 અને 12 : ગણિત, ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવવિજ્ઞાન, અંગ્રેજી, નામાનાં મૂળ તત્ત્વો, વાણિજ્ય વ્યવસ્થા, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર

- બાકીના વિષયોનાં પ્રશ્નપત્રો શાળા કક્ષાએથી / SVS કક્ષાએથી તૈયાર કરવાના રહેશે.

**શિ = શિક્ષણ, ક્ષ = ક્ષમા, ક = કર્મઠતા.**

## શૈક્ષણિક વર્ષ 2021-22 - કાર્યદિવસોની વિગત

| સત્ર | માસ | કામના દિવસો | રવિવાર | જાહેર રજા | વૅકેશન દિવસ | કુલ |
|---|---|---|---|---|---|---|
| | જૂન-21 | 21 | 3 | - | 06 (શૈ.વર્ષ 20-21) | 30 |
| પ્રથમ સત્ર | જુલાઈ-21 | 26 | 4 | 1 | | 31 |
| 118 | ઑગસ્ટ-21 | 23 | 5 | 3 | | 31 |
| કાર્ય દિવસો | સપ્ટેમ્બર-21 | 25 | 4 | 1 | | 30 |
| | ઑક્ટોબર-21 | 23 | 5 | 3 | | 31 |
| | **કુલ** | **118** | **21** | **8** | | |
| દિવાળી વૅકેશન | નવેમ્બર-21 | - | - | - | 21 | 21 |
| | નવેમ્બર-21 | 8 | 1 | 0 | | 09 |
| | ડિસેમ્બર-21 | 26 | 4 | 1 | | 31 |
| દ્વિતીય સત્ર | જાન્યુ.-22 | 24 | 5 | 2 | | 31 |
| 130 | ફેબ્રુ.-22 | 24 | 4 | 0 | | 28 |
| કાર્ય દિવસો | માર્ચ-22 | 25 | 4 | 2 | | 31 |
| | એપ્રિલ-22 | 23 | 4 | 3 | | 30 |
| | મે-22 | 0 | 1 | | | 01 |
| | **કુલ** | **130** | **23** | **8** | | |
| ઉનાળુ વૅકેશન | મે-22 | - | - | - | 30 | 30 |
| | જૂન-22 | - | - | - | 05 | 05 |
| **કુલ** | | **248** | **44** | **16** | **56** | |
| નવું સત્ર તા. 06-06-2022 થી શરૂ | | | | | | |

**કાષ્ઠને ચંદન કરે, ઉરને નંદન કરે, એવા શિક્ષક કે સંતને કોણ ન વંદન કરે ?**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શાળાકીય કૅલેન્ડર : 2021-22

### શૈક્ષણિક સત્ર અને વૅકેશનની વિગત

| | | |
|---|---|---|
| પ્રથમ સત્ર | તા. 7-06-21 થી 31-10-21 | કાર્ય દિવસ : 118 |
| દિવાળી વૅકેશન | તા. 1-11-21 થી 21-11-21 | રજાના દિવસ : 21 |
| દ્વિતીય સત્ર | તા. 22-11-21 થી 1-05-22 | કાર્ય દિવસ : 130 |
| ઉનાળુ વૅકેશન | તા. 2-05-22 થી 5-06-22 | રજાના દિવસ : 35 |
| નવું સત્ર - 2022 | તા. 06-06-22 થી શરૂ | |

### રજાઓનું વિવરણ

| | |
|---|---|
| દિવાળી વૅકેશન | દિવસ : 21 |
| ઉનાળુ વૅકેશન | દિવસ : 35 |
| જાહેર રજાઓ | દિવસ : 16 |
| સ્થાનિક રજાઓ | દિવસ : 08 |
| **કુલ** | **દિવસ : 80** |

### જાહેર રજાઓ

| ક્રમ | તારીખ | વાર | તહેવાર | રજાના દિવસો |
|---|---|---|---|---|
| 1 | 21-07-2021 | બુધવાર | બકરી ઈદ | 01 |
| 2 | 16-08-2021 | સોમવાર | પતેતી | 01 |
| 3 | 20-08-2021 | શુક્રવાર | મોહરમ | 01 |
| 4 | 30-08-2021 | સોમવાર | જન્માષ્ટમી | 01 |
| 5 | 10-09-2021 | શુક્રવાર | સંવત્સરી (ગણેશચતુર્થી) | 01 |
| 6 | 02-10-2021 | શનિવાર | ગાંધી જયંતિ | 01 |
| 7 | 15-10-2021 | શુક્રવાર | દશેરા | 01 |
| 8 | 19-10-2021 | મંગળવાર | ઈદ-એ-મિલાદ | 01 |
| 9 | 25-12-2021 | શનિવાર | નાતાલ | 01 |
| 10 | 14-01-2022 | શુક્રવાર | મકરસંક્રાંતિ | 01 |
| 11 | 26-01-2022 | બુધવાર | પ્રજાસત્તાક દિન | 01 |
| 12 | 01-03-2022 | મંગળવાર | મહાશિવરાત્રી | 01 |
| 13 | 18-03-2022 | શુક્રવાર | ધૂળેટી | 01 |
| 14 | 02-04-2022 | શનિવાર | ચેટીચાંદ | 01 |
| 15 | 14-04-2022 | ગુરૂવાર | ડૉ. આંબેડકર જયંતિ / મહાવીર જયંતિ | 01 |
| 16 | 15-04-2022 | શુક્રવાર | ગુડ ફ્રાઈડે | 01 |
| | | | કુલ રજાઓ | 16 |

નોંધ : ઉપરોક્ત જાહેર રજાઓની તારીખમાં સરકારશ્રી દ્વારા કોઈ ફેરફાર કરવામાં આવે તો તે મુજબ ફેરફાર કરવાનો રહેશે.

**આપણને જે કાંઈ શીખવવામાં આવ્યું હોય તે બધું ભૂલી ગયા પછી જે બાકી રહે તેનું નામ કેળવણી.**

**અગત્યનું**
**પ્રવેશ બાબત**

ક્રમાંક : મઉમશબ/સંશોધન/2021/4385-4420
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સૅકટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. 08-09-2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ),
ગુજરાત રાજ્ય.

વિષય : કોવિડ-19ની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈને પ્રવેશથી વંચિત રહેલ ધોરણ-9 થી 12ના વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ આપવા બાબત.

ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે અત્રેની કચેરીને મળેલ રજૂઆત અનુસાર રાજ્યમાં કોવિડ-19ની પ્રવર્તમાન પરિસ્થિતિને કારણે શૈક્ષણિક વર્ષ 2021-22માં કેટલાક વિદ્યાર્થીઓ શાળામાં પ્રવેશ મેળવવાથી વંચિત રહી ગયેલ છે. ઉક્ત વિગતે કોવિડ-19ની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ શૈક્ષણિક 2021-22 માટે ધોરણ-9 થી 12માં પ્રવેશથી વંચિત રહેલ વિદ્યાર્થીઓને તા. 20-09-2021 સુધી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરીથી શાળામાં પ્રવેશ આપી શકાશે તેમજ ઉક્ત તારીખ સુધીમાં પ્રવેશની કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે. ઉક્ત વિગતે શાળા પ્રવેશ માટેની છેલ્લી તક આપવામાં આવે છે. જે ધ્યાને લઈ પ્રવેશ અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

આ અંગેની વિગતો આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તેમજ અમલ સારુ મોકલી આપશો.

**(બી. એન. રાજગોર)**
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**નકલ સવિનય રવાના :**

- માન. અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુ. મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર. (જાણ સારુ)

**કેળવણી એટલે આપણો મિજાજ કે આત્મવિશ્વાસ ખોયા વિના લગભગ બધી વાત સાંભળવાની શક્તિ.**

**અગત્યનું**
**પ્રવેશ બાબત**

ક્રમાંકઃ મઉશબ/સંશોધન/2021/4431-67
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
સેક્ટર-10/બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા. 13-09-2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય : CBSE માંથી ધોરણ-10માંથી Mathematics Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીને ગુ.મા.ઉ.મા. શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળામાં ધોરણ-11 (વિ.પ્ર.)માં પ્રવેશ આપવા બાબત.

સંદર્ભ : 1) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : મઉમશબ/સંશોધન/2020/2083-2116, તા.11-08-2020

2) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : મઉમશબ/સંશોધન/2020/2228-62, તા.21-08-2020

3) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : મઉમશબ/સંશોધન/2021/4177-4211, તા.02-09-2021

4) અત્રેની કચેરીના તા.09-09-2021ની સિંગલ ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે.

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભ-(1) દર્શિત અત્રેના પત્રથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ મારફતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જણાવવામાં આવેલ હતું કે CBSE માંથી ધોરણ-10માંથી Mathematics Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળામાં ધોરણ-11 (વિ.પ્ર.)માં પ્રવેશ આપી શકાશે નહિ. સંદર્ભ-(2) દર્શિત અત્રેની કચેરીના પત્રથી CBSE માંથી ધોરણ-10માંથી Mathematics Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ 2020-21 માટે ધોરણ-11 (વિ.પ્ર.)માં 'B' ગૃપમાં પ્રવેશ માટે છૂટ આપવામાં આવેલ હતી.

સંદર્ભ-(3) દર્શિત અત્રેની કચેરીના પત્રથી તમામ જિલ્લાના શિક્ષણાધિકારીશ્રીઓ મારફતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને પુનઃ જણાવવામાં આવેલ હતું કે CBSE માંથી ધોરણ-10માંથી Mathematics Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળામાં ધોરણ-11 (વિ.પ્ર.)માં પ્રવેશ આપી શકાશે નહિ.

ઉક્ત બાબત અંગે પુનઃ વિચારણા કરવા માટે વાલીઓ તરફથી મળેલ રજૂઆત અન્વયે અત્રેથી રજૂ કરેલ સંદર્ભ-(4) દર્શિત તા.09-09-2021 ની સિંગલ ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે નિર્ણય કરવામાં આવેલ છે કે જે વિદ્યાર્થીઓએ CBSE બોર્ડમાંથી ધોરણ-10માંથી Mathematics Basic સાથે પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં અપવાદરૂપ સંજોગોમાં માત્ર શૈક્ષણિક વર્ષ 2021-22 પૂરતું જ ધોરણ-11 (વિ.પ્ર.)માં માત્ર 'B' ગૃપમાં પ્રવેશ મેળવી શકશે. અત્રેના તા.08-09-2021ના પત્રથી જણાવ્યા મુજબ વિદ્યાર્થીઓને તા. 20-09-2021 સુધી જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની મંજૂરીથી શાળામાં પ્રવેશ આપી શકાશે તેમજ ઉક્ત તારીખ સુધીમાં પ્રવેશની કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.

**ગુરુની કૃપા હોય તો શિષ્ય કોઈપણ ગ્રંથ વાંચ્યા સિવાય પંડિત થઈ શકે છે. - સ્વામી વિવેકાનંદ**

વિશેષમાં જણાવવાનું કે આપના જિલ્લાની જે માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા CBSE બોર્ડમાંથી ધોરણ-10માંથી Mathematics Basic સાથે પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ 2021-22માં ધોરણ-11 (વિ.પ્ર.)માં તા.13-09-2021 પહેલાં પ્રવેશ આપવામાં આવેલ હોય તેવી શાળાઓની વિગતો નીચે મુજબના પત્રકમાં અત્રેની કચેરીને તા.21-09-2021 સુધીમાં બિનચૂક મોકલી આપશો. આપના જિલ્લાની વિગતો આપની કક્ષાએથી અત્રે મોકલી આપવાની છે. શાળાઓ દ્વારા સીધે સીધી વિગતો અત્રે મોકલવાની નથી. જેની નોંધ લેશો.

| ક્રમ | શાળાનું નામ | આચાર્યનું નામ અને મોબાઈલ નં. | ધોરણ-11 (વિ.પ્ર.)માં પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓના નામ | પ્રવેશની તારીખ |
|---|---|---|---|---|
| 1. | | | | |

ઉક્ત બાબતે આપના જિલ્લાની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક/ઉચ્ચતર શાળાઓને યોગ્ય કાર્યવાહી માટે જાણ કરશો.

**(બી. એન. રાજગોર)**
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**નકલ સવિનય રવાના :**

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર

**નકલ રવાના :**

- સચિવશ્રી, ગુ.મા.ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- નાયબ નિયામકશ્રી, પરીક્ષા (વિજ્ઞાન પ્રવાહ), ગુ.મા.ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની યુટ્યુબ ચેનલ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની યુટ્યુબ ચેનલ 'GSHSEB Gandhinagar' છે. જેમાં ધોરણ-9 થી 12 ના મુખ્ય વિષયોના શૈક્ષણિક કાર્યક્રમો તેમજ JEE અને NEET ની પરીક્ષાના માર્ગદર્શન માટેના ખાસ શૈક્ષણિક કાર્યક્રમો અપલોડ કરવામાં આવેલા છે. યુટ્યુબ પર 'GSHSEB Gandhinagar' લખીને સર્ચ કરવાથી આ કાર્યક્રમો જોઈ શકાશે. આ ઉપરાંત, બાજુમાં દર્શાવેલ QR કોડ સ્કેન કરવાથી પણ બોર્ડની યુટ્યુબ ચેનલ 'GSHSEB Gandhinagar' જોઈ શકાશે. હાલમાં બોર્ડની યુટ્યુબ ચેનલના સબસ્ક્રાઈબર્સની સંખ્યા એક લાખને પાર થઈ ગઈ છે તથા વ્યૂઅર્સની સંખ્યા 90 લાખને આંબી ગઈ છે. આ અનોખી સિદ્ધિ મેળવવી એ બાબત આનંદદાયક અને ગૌરવપ્રદ છે. આ અંગે આપના સાથ-સહકાર માટે આપનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવે છે. હજુ પણ વધુને વધુ વિદ્યાર્થીઓ બોર્ડની યુટ્યુબ ચેનલના શૈક્ષણિક કાર્યક્રમોનો લાભ મેળવે તે માટે તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ અને શિક્ષકશ્રીઓ દ્વારા વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવે તે માટે તેમજ આ ચેનલ Subscribe અને Share કરવામાં આવે તે માટે વિનંતી કરવામાં આવે છે.

**બી.એન.રાજગોર**
સંયુક્ત નિયામક
ગુ. મા. અને ઉ. મા. શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનો સ્નેહસંબંધ એ શિક્ષણનું સર્વોત્તમ સાધન છે. - જે કૃષ્ણમૂર્તિ**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## વંદે ગુજરાત ચેનલ-9 'બાયસેગ'ના શૈક્ષણિક કાર્યક્રમો : ઑક્ટોબર-2021 ધોરણ-9

| તારીખ/વાર | સમય/વિષય | | | | |
|---|---|---|---|---|---|
| | વિજ્ઞાન (0-1) | ગણિત (1-2) | ગુજરાતી (2-3) | અંગ્રેજી (3-4) | સામાજિક વિજ્ઞાન (4-5) |
| 1.10.21 શુક્રવાર | બળ તથા ગતિના નિયમો પ્ર-9 ભાગ-1 | રેખાઓ અને ખૂણાઓ પ્ર-6 ભાગ-1 | ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ ગદ્ય-10 | The Useful Plough Poem-2 | ભારતની રાષ્ટ્રીય ચળવળો પ્ર-4 ભાગ-1 |
| 2.10.21 શનિવાર | બળ તથા ગતિના નિયમો પ્ર-9 ભાગ-2 | રેખાઓ અને ખૂણાઓ પ્ર-6 ભાગ-2 | મરજીવિયા પદ્ય-11 | The Night Train at Deoli Read-6 Part-1 | ભારતની રાષ્ટ્રીય ચળવળો પ્ર-4 ભાગ-2 |
| 3.10.21 રવિવાર | બળ તથા ગતિના નિયમો પ્ર-9 ભાગ-3 | રેખાઓ અને ખૂણાઓ પ્ર-6 ભાગ-3 | સખી માર્કંડી ગદ્ય-12 | The Night Train at Deoli Read-6 Part-2 | જળ-પરિવાહ પ્ર-15 ભાગ-1 |
| 4.10.21 સોમવાર | બળ તથા ગતિના નિયમો પ્ર-9 ભાગ-4 | રેખાઓ અને ખૂણાઓ પ્ર-6 ભાગ-4 | રસ્તો કરી જવાના પદ્ય-13 | Direct Indirect Part-1 | જળ-પરિવાહ પ્ર-15 ભાગ-2 |
| 5.10.21 મંગળવાર | બળ તથા ગતિના નિયમો પ્ર-9 ભાગ-5 | રેખાઓ અને ખૂણાઓ પ્ર-6 ભાગ-5 | સમાસ | Direct Indirect Part-2 | ભારત : આઝાદી તરફ પ્રયાણ પ્ર-5 |
| 6.10.21 બુધવાર | ગુરૂત્વાકર્ષણ પ્ર-10 ભાગ-1 | રેખાઓ અને ખૂણાઓ પ્ર-6 ભાગ-6 | વાક્યના પ્રકાર | The Useful Plough Poem-2 | ભારતનું ન્યાયતંત્ર પ્ર-11 ભાગ-1 |
| 7.10.21 ગુરૂવાર | ગુરૂત્વાકર્ષણ પ્ર-10 ભાગ-2 | ત્રિકોણ પ્ર-7 ભાગ-1 | ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ ગદ્ય-10 | The Night Train at Deoli Read-6 Part-1 | ભારતનું ન્યાયતંત્ર પ્ર-11 ભાગ-2 |
| 8.10.21 શુક્રવાર | ગુરૂત્વાકર્ષણ પ્ર-10 ભાગ-3 | ત્રિકોણ પ્ર-7 ભાગ-2 | મરજીવિયા ગદ્ય-11 | The Night Train at Deoli Read-6 Part-2 | ભારતની રાષ્ટ્રીય ચળવળો પ્ર-4 ભાગ-1 |
| 9.10.21 શનિવાર | ગુરૂત્વાકર્ષણ પ્ર-10 ભાગ-4 | ત્રિકોણ પ્ર-7 ભાગ-3 | સખી માર્કંડી ગદ્ય-12 | Direct Indirect Part-1 | ભારતની રાષ્ટ્રીય ચળવળો પ્ર-4 ભાગ-2 |
| 10.10.21 રવિવાર | બળ તથા ગતિના નિયમો પ્ર-9 ભાગ-1 | ત્રિકોણ પ્ર-7 ભાગ-4 | રસ્તો કરી જવાના પદ્ય-13 | Direct Indirect Part-2 | જળ-પરિવાહ પ્ર-15 ભાગ-1 |
| 11.10.21 સોમવાર | બળ તથા ગતિના નિયમો પ્ર-9 ભાગ-2 | ત્રિકોણ પ્ર-7 ભાગ-5 | સમાસ | The Useful Plough Poem-2 | જળ-પરિવાહ પ્ર-15 ભાગ-2 |
| 12.10.21 મંગળવાર | બળ તથા ગતિના નિયમો પ્ર-9 ભાગ-3 | રેખાઓ અને ખૂણાઓ પ્ર-6 ભાગ-1 | વાક્યના પ્રકાર | The Night Train at Deoli Read-6 Part-1 | ભારત આઝાદી તરફ પ્રયાણ પ્ર-5 |
| 13.10.21 બુધવાર | બળ તથા ગતિના નિયમો પ્ર-9 ભાગ-4 | રેખાઓ અને ખૂણાઓ પ્ર-6 ભાગ-2 | ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ ગદ્ય-10 | The Night Train at Deoli Read-6 Part-2 | ભારતનું ન્યાયતંત્ર પ્ર-11 ભાગ-1 |
| 14.10.21 ગુરૂવાર | બળ તથા ગતિના નિયમો પ્ર-9 ભાગ-5 | રેખાઓ અને ખૂણાઓ પ્ર-6 ભાગ-3 | મરજીવિયા ગદ્ય-11 | Direct Indirect Part-1 | ભારતનું ન્યાયતંત્ર પ્ર-11 ભાગ-2 |
| 15.10.21 શુક્રવાર | ગુરૂત્વાકર્ષણ પ્ર-10 ભાગ-1 | રેખાઓ અને ખૂણાઓ પ્ર-6 ભાગ-4 | સખી માર્કંડી ગદ્ય-12 | Direct Indirect Part-2 | ભારતની રાષ્ટ્રીય ચળવળો પ્ર-4 ભાગ-1 |
| 16.10.21 શનિવાર | ગુરૂત્વાકર્ષણ પ્ર-10 ભાગ-2 | રેખાઓ અને ખૂણાઓ પ્ર-6 ભાગ-5 | રસ્તો કરી જવાના પદ્ય-13 | The Useful Plough Poem-2 | ભારતની રાષ્ટ્રીય ચળવળો પ્ર-4 ભાગ-2 |
| 17.10.21 રવિવાર | ગુરૂત્વાકર્ષણ પ્ર-10 ભાગ-3 | રેખાઓ અને ખૂણાઓ પ્ર-6 ભાગ-6 | સમાસ | The Night Train at Deoli Read-6 Part-1 | જળ-પરિવાહ પ્ર-15 ભાગ-1 |

જ્ઞાનરૂપી પાક વહેંચવા માટે હું એક શિક્ષક જ બનવાનું પસંદ કરું. - સ્વામી રામતીર્થ

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## વંદે ગુજરાત ચેનલ-9 'બાયસેગ'ના શૈક્ષણિક કાર્યક્રમો : ઑક્ટોબર-2021 ધોરણ-9

| તારીખ/વાર | સમય/વિષય | | | | |
|---|---|---|---|---|---|
| | વિજ્ઞાન (0-1) | ગણિત (1-2) | ગુજરાતી (2-3) | અંગ્રેજી (3-4) | સામાજિક વિજ્ઞાન (4-5) |
| 18.10.21 સોમવાર | ગુરૂત્વાકર્ષણ પ્ર-10 ભાગ-4 | ત્રિકોણ પ્ર-7 ભાગ-1 | વાક્યના પ્રકાર | The Night Train at Deoli Read-6 Part-2 | જળ-પરિવાહ પ્ર-15 ભાગ-2 |
| 19.10.21 મંગળવાર | બળ તથા ગતિના નિયમો પ્ર-9 ભાગ-1 | ત્રિકોણ પ્ર-7 ભાગ-2 | ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ ગદ્ય-10 | Direct Indirect Part-1 | ભારત : આઝાદી તરફ પ્રયાણ પ્ર-5 |
| 20.10.21 બુધવાર | બળ તથા ગતિના નિયમો પ્ર-9 ભાગ-2 | ત્રિકોણ પ્ર-7 ભાગ-3 | મરજીવિયા ગદ્ય-11 | Direct Indirect Part-2 | ભારતનું ન્યાયતંત્ર પ્ર-11 ભાગ-1 |
| 21.10.21 ગુરૂવાર | બળ તથા ગતિના નિયમો પ્ર-9 ભાગ-3 | ત્રિકોણ પ્ર-7 ભાગ-4 | સખી માર્કંડી ગદ્ય-12 | The Useful Plough Poem-2 | ભારતનું ન્યાયતંત્ર પ્ર-11 ભાગ-2 |
| 22.10.21 શુક્રવાર | બળ તથા ગતિના નિયમો પ્ર-9 ભાગ-4 | ત્રિકોણ પ્ર-7 ભાગ-5 | રસ્તો કરી જવાના પદ્ય-13 | The Night Train at Deoli Read-6 Part-1 | ભારતની રાષ્ટ્રીય ચળવળો પ્ર-4 ભાગ-1 |
| 23.10.21 શનિવાર | બળ તથા ગતિના નિયમો પ્ર-9 ભાગ-5 | રેખાઓ અને ખૂણાઓ પ્ર-6 ભાગ-1 | સમાસ | The Night Train at Deoli Read-6 Part-2 | ભારતની રાષ્ટ્રીય ચળવળો પ્ર-4 ભાગ-2 |
| 24.10.21 રવિવાર | ગુરૂત્વાકર્ષણ પ્ર-10 ભાગ-1 | રેખાઓ અને ખૂણાઓ પ્ર-6 ભાગ-2 | વાક્યના પ્રકાર | Direct Indirect Part-1 | જળ પરિવાહ પ્ર-15 ભાગ-1 |
| 25.10.21 સોમવાર | ગુરૂત્વાકર્ષણ પ્ર-10 ભાગ-2 | રેખાઓ અને ખૂણાઓ પ્ર-6 ભાગ-3 | ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ ગદ્ય-10 | Direct Indirect Part-2 | જળ પરિવાહ પ્ર-15 ભાગ-2 |
| 26.10.21 મંગળવાર | ગુરૂત્વાકર્ષણ પ્ર-10 ભાગ-3 | રેખાઓ અને ખૂણાઓ પ્ર-6 ભાગ-4 | મરજીવિયા ગદ્ય-11 | The Night Train at Deoli Read-6 Part-1 | ભારત આઝાદી તરફ પ્રયાણ પ્ર-5 |
| 27.10.21 બુધવાર | ગુરૂત્વાકર્ષણ પ્ર-10 ભાગ-4 | રેખાઓ અને ખૂણાઓ પ્ર-6 ભાગ-5 | સખી માર્કંડી ગદ્ય-12 | The Night Train at Deoli Read-6 Part-2 | ભારતનું ન્યાયતંત્ર પ્ર-11 ભાગ-1 |
| 28.10.21 ગુરૂવાર | ગુરૂત્વાકર્ષણ પ્ર-10 ભાગ-1 | રેખાઓ અને ખૂણાઓ પ્ર-6 ભાગ-6 | રસ્તો કરી જવાના પદ્ય-13 | Direct Indirect Part-1 | ભારતનું ન્યાયતંત્ર પ્ર-11 ભાગ-2 |
| 29.10.21 શુક્રવાર | ગુરૂત્વાકર્ષણ પ્ર-10 ભાગ-2 | ત્રિકોણ પ્ર-7 ભાગ-1 | સમાસ | Direct Indirect Part-2 | ભારત : આઝાદી તરફ પ્રયાણ પ્ર-15 |
| 30.10.21 શનિવાર | ગુરૂત્વાકર્ષણ પ્ર-10 ભાગ-3 | ત્રિકોણ પ્ર-7 ભાગ-2 | વાક્યના પ્રકાર | Direct Indirect Part-1 | ભારતનું ન્યાયતંત્ર પ્ર-11 ભાગ-1 |
| 31.10.21 રવિવાર | ગુરૂત્વાકર્ષણ પ્ર-10 ભાગ-4 | ત્રિકોણ પ્ર-7 ભાગ-3 | રસ્તો કરી જવાના પદ્ય-13 | Direct Indirect Part-2 | ભારતનું ન્યાયતંત્ર પ્ર-11 ભાગ-2 |

જીવન મૂલ્યો અંગેના કાર્યક્રમ 'ટીમટીમ તારા'નું પ્રસારણ 'વંદે ગુજરાત' ચેનલ નંબર-9 પર દરરોજ 5:00 થી 6:00 અને પુનઃ પ્રસારણ 11 થી 12, 17 થી 18 અને 23 થી 24 વાગ્યે કરવામાં આવશે.
'વંદે ગુજરાત' ચેનલ નં. 10 પરથી મહાનુભાવોના વક્તવ્યોનું પ્રસારણ 5 થી 6 કરવામાં આવશે. જેનું પુનઃ પ્રસારણ 11 થી 12, 17 થી 18 અને 23 થી 24 કરવામાં આવશે.
પુનઃ પ્રસારણ અંગે અગત્યની નોંધ : 0 થી 5 નું પુનઃ પ્રસારણ 6 થી 11, 12 થી 17, 18 થી 23 કલાક રહેશે.
'વંદે ગુજરાત'ની 16 ચેનલ્સ દૂરદર્શનની ડી.ટી.એચ. સર્વિસ 'ડીડી ફ્રી ડિશ' પર ઉપલબ્ધ છે.

**Vande Gujarat 16 Channel Parameters :**

1. Satellite : GSAT-15
2. Satellite Location : 93.5 Degree East
3. Receive Frequency : 11550 MHz
4. Symbol Rate : 29500 KSPS
5. Polarization : Horizontal
6. FEC : 3/4

**જે શિક્ષક વર્ગની છેલ્લી પાટલી ઉપર બેઠેલા બાળકની આંગળી પકડે અને સફળ બનાવે તે સાચો શિક્ષક.**

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## વંદે ગુજરાત ચેનલ-10 'બાયસેગ'ના શૈક્ષણિક કાર્યક્રમો : ઑક્ટોબર-2021 ધોરણ-10

| | સમય/વિષય | | | | |
|---|---|---|---|---|---|
| તારીખ/વાર | ગણિત (0-1) | વિજ્ઞાન (1-2) | અંગ્રેજી (2-3) | ગુજરાતી (3-4) | સામાજિક વિજ્ઞાન (4-5) |
| 1.10.21<br>શુક્રવાર | રચના<br>પ્ર-11 ભાગ-1 | ધાતુઓ અને અધાતુઓ<br>પ્ર-3 ભાગ-1 | Playing with Fire<br>Read-5 Part-1 | ચોપડાની ઈન્દ્રજાળ<br>ગદ્ય-12 | ભારતનો વિજ્ઞાન અને ટૅક્નોલોજીનો વારસો<br>પ્ર-5 ભાગ-1 |
| 2.10.21<br>શનિવાર | રચના<br>પ્ર-11 ભાગ-2 | ધાતુઓ અને અધાતુઓ<br>પ્ર-3 ભાગ-2 | Playing with Fire<br>Read-5 Part-2 | વતનથી વિદાય થતાં<br>પદ્ય-13 | ભારતનો વિજ્ઞાન અને ટૅક્નોલોજીનો વારસો<br>પ્ર-5 ભાગ-2 |
| 3.10.21<br>રવિવાર | રચના<br>પ્ર-11 ભાગ-3 | ધાતુઓ અને અધાતુઓ<br>પ્ર-3 ભાગ-3 | I Love You, Teacher<br>Read-6 | જન્મોત્સવ<br>ગદ્ય-14 | ભારત : જળસંસાધન<br>પ્ર-17 ભાગ-1 |
| 4.10.21<br>સોમવાર | આંકડાશાસ્ત્ર<br>પ્ર-14 ભાગ-1 | ધાતુઓ અને અધાતુઓ<br>પ્ર-3 ભાગ-4 | Editing<br>Part-1 | બોલીએ ના કાંઈ<br>પદ્ય-15 | ભારત : જળસંસાધન<br>પ્ર-17 ભાગ-2 |
| 5.10.21<br>મંગળવાર | આંકડાશાસ્ત્ર<br>પ્ર-14 ભાગ-2 | ધાતુઓ અને અધાતુઓ<br>પ્ર-3 ભાગ-5 | Editing<br>Part-2 | અલંકાર<br>ભાગ-1 | ભારતના સાંસ્કૃતિક વારસાનાં સ્થળો<br>પ્ર-6 ભાગ-1 |
| 6.10.21<br>બુધવાર | આંકડાશાસ્ત્ર<br>પ્ર-14 ભાગ-3 | માનવ આંખ અને રંગબેરંગી દુનિયા<br>પ્ર-11 ભાગ-1 | Reported Speech | અલંકાર<br>ભાગ-2 | ભારતના સાંસ્કૃતિક વારસાનાં સ્થળો<br>પ્ર-6 ભાગ-2 |
| 7.10.21<br>ગુરૂવાર | ત્રિકોણ<br>પ્ર-6 ભાગ-1 | માનવ આંખ અને રંગબેરંગી દુનિયા<br>પ્ર-11 ભાગ-2 | Change the Voice | ચોપડાની ઈન્દ્રજાળ<br>ગદ્ય-12 | ભારતની સામાજિક સમસ્યાઓ અને પડકારો<br>પ્ર-20 |
| 8.10.21<br>શુક્રવાર | ત્રિકોણ<br>પ્ર-6 ભાગ-2 | કાર્બન અને તેનાં સંયોજનો<br>પ્ર-4 ભાગ-1 | Playing with Fire<br>Read-5 Part-1 | વતનથી વિદાય થતાં<br>પદ્ય-13 | ભારતનો વિજ્ઞાન અને ટૅક્નોલોજીનો વારસો<br>પ્ર-5 ભાગ-1 |
| 9.10.21<br>શનિવાર | ત્રિકોણ<br>પ્ર-6 ભાગ-3 | કાર્બન અને તેનાં સંયોજનો<br>પ્ર-4 ભાગ-2 | Playing with Fire<br>Read-5 Part-2 | જન્મોત્સવ<br>ગદ્ય-14 | ભારતનો વિજ્ઞાન અને ટૅક્નોલોજીનો વારસો<br>પ્ર-5 ભાગ-2 |
| 10.10.21<br>રવિવાર | ત્રિકોણ<br>પ્ર-6 ભાગ-4 | કાર્બન અને તેનાં સંયોજનો<br>પ્ર-4 ભાગ-3 | I Love You, Teacher<br>Read-6 | બોલીએ ના કાંઈ<br>પદ્ય-15 | ભારત : જળસંસાધન<br>પ્ર-11 ભાગ-1 |
| 11.10.21<br>સોમવાર | ત્રિકોણ<br>પ્ર-6 ભાગ-5 | કાર્બન અને તેનાં સંયોજનો<br>પ્ર-4 ભાગ-4 | Editing<br>Part-1 | અલંકાર<br>ભાગ-1 | ભારત : જળસંસાધન<br>પ્ર-11 ભાગ-2 |
| 12.10.21<br>મંગળવાર | રચના<br>પ્ર-11 ભાગ-1 | કાર્બન અને તેનાં સંયોજનો<br>પ્ર-4 ભાગ-5 | Editing<br>Part-2 | અલંકાર<br>ભાગ-2 | ભારતના સાંસ્કૃતિક વારસાનાં સ્થળો<br>પ્ર-6 ભાગ-1 |
| 13.10.21<br>બુધવાર | રચના<br>પ્ર-11 ભાગ-2 | કાર્બન અને તેનાં સંયોજનો<br>પ્ર-4 ભાગ-6 | Reported Speech | ચોપડાની ઈન્દ્રજાળ<br>ગદ્ય-12 | ભારતના સાંસ્કૃતિક વારસાનાં સ્થળો<br>પ્ર-6 ભાગ-2 |
| 14.10.21<br>ગુરૂવાર | રચના<br>પ્ર-11 ભાગ-3 | માનવ આંખ અને રંગબેરંગી દુનિયા<br>પ્ર-11 ભાગ-1 | Change the Voice | વતનથી વિદાય થતાં<br>પદ્ય-13 | ભારતની સામાજિક સમસ્યાઓ અને પડકારો<br>પ્ર-20 |
| 15.10.21<br>શુક્રવાર | આંકડાશાસ્ત્ર<br>પ્ર-14 ભાગ-1 | માનવ આંખ અને રંગબેરંગી દુનિયા<br>પ્ર-11 ભાગ-2 | Playing with Fire<br>Read-5 Part-1 | જન્મોત્સવ<br>ગદ્ય-14 | ભારતનો વિજ્ઞાન અને ટૅક્નોલોજીનો વારસો<br>પ્ર-5 ભાગ-1 |
| 16.10.21<br>શનિવાર | આંકડાશાસ્ત્ર<br>પ્ર-14 ભાગ-2 | કાર્બન અને તેનાં સંયોજનો<br>પ્ર-4 ભાગ-1 | Playing with Fire<br>Read-5 Part-2 | બોલીએ ના કાંઈ<br>પદ્ય-15 | ભારતનો વિજ્ઞાન અને ટૅક્નોલોજીનો વારસો<br>પ્ર-5 ભાગ-2 |
| 17.10.21<br>રવિવાર | આંકડાશાસ્ત્ર<br>પ્ર-14 ભાગ-3 | કાર્બન અને તેનાં સંયોજનો<br>પ્ર-4 ભાગ-2 | I Love You, Teacher<br>Read-6 | અલંકાર<br>ભાગ-1 | ભારત : જળસંસાધન<br>પ્ર-11 ભાગ-1 |

**શિક્ષકે પ્રશિક્ષક બનવાની જરૂર છે, અધિક્ષક નહિ, તો અનુભવો અનુકૂળ બની રહેશે.**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## વંદે ગુજરાત ચેનલ-10 'બાયસેગ'ના શૈક્ષણિક કાર્યક્રમો : ઑક્ટોબર-2021 ધોરણ-10

| તારીખ/વાર | સમય/વિષય | | | | |
|---|---|---|---|---|---|
| | ગણિત (0-1) | વિજ્ઞાન (1-2) | અંગ્રેજી (2-3) | ગુજરાતી (3-4) | સામાજિક વિજ્ઞાન (4-5) |
| **18.10.21** સોમવાર | ત્રિકોણ<br>પ્ર-6 ભાગ-1 | કાર્બન અને તેનાં સંયોજનો<br>પ્ર-4 ભાગ-3 | Editing<br>Part-1 | અલંકાર<br>ભાગ-2 | ભારત : જળસંસાધન<br>પ્ર-11 ભાગ-2 |
| **19.10.21** મંગળવાર | ત્રિકોણ<br>પ્ર-6 ભાગ-2 | કાર્બન અને તેનાં સંયોજનો<br>પ્ર-4 ભાગ-4 | Editing<br>Part-2 | ચોપડાની ઈન્દ્રજાળ<br>ગદ્ય-12 | ભારતના સાંસ્કૃતિક વારસાનાં સ્થળો<br>પ્ર-6 ભાગ-1 |
| **20.10.21** બુધવાર | ત્રિકોણ<br>પ્ર-6 ભાગ-3 | કાર્બન અને તેનાં સંયોજનો<br>પ્ર-4 ભાગ-5 | Reported Speech | વતનથી વિદાય થતાં<br>પદ્ય-13 | ભારતના સાંસ્કૃતિક વારસાનાં સ્થળો<br>પ્ર-6 ભાગ-2 |
| **21.10.21** ગુરૂવાર | ત્રિકોણ<br>પ્ર-6 ભાગ-4 | કાર્બન અને તેનાં સંયોજનો<br>પ્ર-4 ભાગ-6 | Change the Voice | જન્મોત્સવ<br>ગદ્ય-14 | ભારતની સામાજિક સમસ્યાઓ અને પડકારો<br>પ્ર-20 |
| **22.10.21** શુક્રવાર | ત્રિકોણ<br>પ્ર-6 ભાગ-5 | માનવ આંખ અને રંગબેરંગી દુનિયા<br>પ્ર-11 ભાગ-1 | Playing with Fire<br>Read-5 Part-1 | બોલીએ ના કાંઈ<br>પદ્ય-15 | ભારતનો વિજ્ઞાન અને ટેક્નોલોજીનો વારસો<br>પ્ર-5 ભાગ-1 |
| **23.10.21** શનિવાર | આંકડાશાસ્ત્ર<br>પ્ર-14 ભાગ-1 | માનવ આંખ અને રંગબેરંગી દુનિયા<br>પ્ર-11 ભાગ-2 | Playing with Fire<br>Read-5 Part-2 | અલંકાર<br>ભાગ-1 | ભારતનો વિજ્ઞાન અને ટેક્નોલોજીનો વારસો<br>પ્ર-5 ભાગ-2 |
| **24.10.21** રવિવાર | આંકડાશાસ્ત્ર<br>પ્ર-14 ભાગ-2 | કાર્બન અને તેનાં સંયોજનો<br>પ્ર-4 ભાગ-1 | I Love You, Teacher<br>Read-6 | અલંકાર<br>ભાગ-2 | ભારત : જળસંસાધન<br>પ્ર-11 ભાગ-1 |
| **25.10.21** સોમવાર | આંકડાશાસ્ત્ર<br>પ્ર-14 ભાગ-3 | કાર્બન અને તેનાં સંયોજનો<br>પ્ર-4 ભાગ-2 | Editing<br>Part-1 | ચોપડાની ઈન્દ્રજાળ<br>ગદ્ય-12 | ભારત : જળસંસાધન<br>પ્ર-11 ભાગ-2 |
| **26.10.21** મંગળવાર | ત્રિકોણ<br>પ્ર-6 ભાગ-1 | કાર્બન અને તેનાં સંયોજનો<br>પ્ર-4 ભાગ-3 | Editing<br>Part-2 | વતનથી વિદાય થતાં<br>પદ્ય-13 | ભારતના સાંસ્કૃતિક વારસાનાં સ્થળો<br>પ્ર-6 ભાગ-1 |
| **27.10.21** બુધવાર | ત્રિકોણ<br>પ્ર-6 ભાગ-2 | કાર્બન અને તેનાં સંયોજનો<br>પ્ર-4 ભાગ-4 | Reported Speech | જન્મોત્સવ<br>ગદ્ય-14 | ભારતના સાંસ્કૃતિક વારસાનાં સ્થળો<br>પ્ર-6 ભાગ-2 |
| **28.10.21** ગુરૂવાર | ત્રિકોણ<br>પ્ર-6 ભાગ-3 | કાર્બન અને તેનાં સંયોજનો<br>પ્ર-4 ભાગ-5 | Change the Voice | બોલીએ ના કાંઈ<br>પદ્ય-15 | ભારતની સામાજિક સમસ્યાઓ અને પડકારો<br>પ્ર-20 |
| **29.10.21** શુક્રવાર | ત્રિકોણ<br>પ્ર-6 ભાગ-4 | કાર્બન અને તેનાં સંયોજનો<br>પ્ર-4 ભાગ-6 | Playing with Fire<br>Read-5 Part-1 | વતનથી વિદાય થતાં<br>પદ્ય-13 | ભારતના સાંસ્કૃતિક વારસાનાં સ્થળો<br>પ્ર-6 ભાગ-1 |
| **30.10.21** શનિવાર | ત્રિકોણ<br>પ્ર-6 ભાગ-5 | માનવ આંખ અને રંગબેરંગી દુનિયા<br>પ્ર-11 ભાગ-1 | Playing with Fire<br>Read-5 Part-2 | જન્મોત્સવ<br>ગદ્ય-14 | ભારતના સાંસ્કૃતિક વારસાનાં સ્થળો<br>પ્ર-6 ભાગ-2 |
| **31.10.21** રવિવાર | ત્રિકોણ<br>પ્ર-6 ભાગ-5 | માનવ આંખ અને રંગબેરંગી દુનિયા<br>પ્ર-11 ભાગ-2 | I Love You, teacher<br>Read-6 | બોલીએ ના કાંઈ<br>પદ્ય-15 | ભારતની સામાજિક સમસ્યાઓ અને પડકારો<br>પ્ર-20 |

જીવન મૂલ્યો અંગેના કાર્યક્રમ 'ટીમટીમ તારા'નું પ્રસારણ 'વંદે ગુજરાત' ચેનલ નંબર-9 પર દરરોજ 5:00 થી 6:00 અને પુનઃ પ્રસારણ 11 થી 12, 17 થી 18 અને 23 થી 24 વાગ્યે કરવામાં આવશે.

'વંદે ગુજરાત' ચેનલ નં. 10 પરથી મહાનુભાવોના વક્તવ્યોનું પ્રસારણ 5 થી 6 કરવામાં આવશે. જેનું પુનઃ પ્રસારણ 11 થી 12, 17 થી 18 અને 23 થી 24 કરવામાં આવશે.

પુનઃ પ્રસારણ અંગે અગત્યની નોંધ : 0 થી 5 નું પુનઃ પ્રસારણ 6 થી 11, 12 થી 17, 18 થી 23 કલાક રહેશે.

'વંદે ગુજરાત'ની 16 ચૅનલ્સ દૂરદર્શનની ડી.ટી.એચ. સર્વિસ 'ડીડી ફ્રી ડિશ' પર ઉપલબ્ધ છે.

**Vande Gujarat 16 Channel Parameters :**

1. Satellite : GSAT-15
2. Satellite Location : 93.5 Degree East
3. Receive Frequency : 11550 MHz
4. Symbol Rate : 29500 KSPS
5. Polarization : Horizontal
6. FEC : 3/4

સફળ શિક્ષણ સફળ જીવનનો પાયો છે. - વિનોબા ભાવે

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## વંદે ગુજરાત ચેનલ-11 'બાયસેગ'ના શૈક્ષણિક કાર્યક્રમો : ઑક્ટોબર-2021 ધોરણ-11

| તારીખ/વાર | સમય/વિષય | | | | |
|---|---|---|---|---|---|
| | ગણિત (0-1) | રસાયણ વિજ્ઞાન (1-2) | ભૌતિક વિજ્ઞાન (2-3) | જીવ વિજ્ઞાન (3-4) | નામાનાં મૂળતત્ત્વો (4-5) |
| **1.10.21** શુક્રવાર | ક્રમચય અને સંચય પ્ર-7 ભાગ-1 | ઉષ્માગતિશાસ્ત્ર પ્ર-6 ભાગ-1 | કણોના તંત્રો અને ચાકગતિ પ્ર-7 ભાગ-1 | જૈવઅણુઓ પ્ર-9 ભાગ-1 | ખાસ આમનોંધ પ્ર-8 ભાગ-1 |
| **2.10.21** શનિવાર | ક્રમચય અને સંચય પ્ર-7 ભાગ-2 | ઉષ્માગતિશાસ્ત્ર પ્ર-6 ભાગ-2 | કણોના તંત્રો અને ચાકગતિ પ્ર-7 ભાગ-2 | જૈવઅણુઓ પ્ર-9 ભાગ-2 | ખાસ આમનોંધ પ્ર-8 ભાગ-2 |
| **3.10.21** રવિવાર | ક્રમચય અને સંચય પ્ર-7 ભાગ-3 | ઉષ્માગતિશાસ્ત્ર પ્ર-6 ભાગ-3 | કણોના તંત્રો અને ચાકગતિ પ્ર-7 ભાગ-3 | કોષચક્ર અને કોષવિભાજન પ્ર-10 ભાગ-1 | ખાતાવહી ખતવણી પ્ર-9 ભાગ-1 |
| **4.10.21** સોમવાર | ક્રમચય અને સંચય પ્ર-7 ભાગ-4 | ઉષ્માગતિશાસ્ત્ર પ્ર-6 ભાગ-4 | કણોના તંત્રો અને ચાકગતિ પ્ર-7 ભાગ-4 | કોષચક્ર અને કોષવિભાજન પ્ર-10 ભાગ-2 | ખાતાવહી ખતવણી પ્ર-9 ભાગ-2 |
| **5.10.21** મંગળવાર | દ્વિપદી પ્રમેય પ્ર-8 ભાગ-1 | ઉષ્માગતિશાસ્ત્ર પ્ર-6 ભાગ-5 | કણોના તંત્રો અને ચાકગતિ પ્ર-7 ભાગ-5 | વનસ્પતિઓમાં વહન પ્ર-11 ભાગ-1 | કાચું સરવૈયું પ્ર-10 ભાગ-1 |
| **6.10.21** બુધવાર | દ્વિપદી પ્રમેય પ્ર-8 ભાગ-2 | ઉષ્માગતિશાસ્ત્ર પ્ર-6 ભાગ-6 | કણોના તંત્રો અને ચાકગતિ પ્ર-7 ભાગ-6 | વનસ્પતિઓમાં વહન પ્ર-11 ભાગ-2 | કાચું સરવૈયું પ્ર-10 ભાગ-2 |
| **7.10.21** ગુરૂવાર | દ્વિપદી પ્રમેય પ્ર-8 ભાગ-3 | ઉષ્માગતિશાસ્ત્ર પ્ર-6 ભાગ-7 | કણોના તંત્રો અને ચાકગતિ પ્ર-7 ભાગ-7 | વનસ્પતિઓમાં વહન પ્ર-11 ભાગ-3 | બેન્ક સિલકમેળ પ્ર-11 ભાગ-1 |
| **8.10.21** શુક્રવાર | દ્વિપદી પ્રમેય પ્ર-8 ભાગ-4 | ઉષ્માગતિશાસ્ત્ર પ્ર-6 ભાગ-8 | કણોના તંત્રો અને ચાકગતિ પ્ર-7 ભાગ-8 | વનસ્પતિઓમાં વહન પ્ર-11 ભાગ-4 | બેન્ક સિલકમેળ પ્ર-11 ભાગ-2 |
| **9.10.21** શનિવાર | દ્વિપદી પ્રમેય પ્ર-8 ભાગ-5 | S-વિભાગનાં તત્ત્વો પ્ર-10 ભાગ-1 | કણોના તંત્રો અને ચાકગતિ પ્ર -7 ભાગ-9 | ખનીજ પોષણ પ્ર-12 ભાગ-1 | ભૂલ સુધારણા પ્ર-1 ભાગ-1 |
| **10.10.21** રવિવાર | દ્વિપદી પ્રમેય પ્ર-8 ભાગ-6 | S-વિભાગનાં તત્ત્વો પ્ર-10 ભાગ-2 | કણોના તંત્રો અને ચાકગતિ પ્ર-7 ભાગ-10 | ખનીજ પોષણ પ્ર-12 ભાગ-2 | ભૂલ સુધારણા પ્ર-1 ભાગ-2 |
| **11.10.21** સોમવાર | ક્રમચય અને સંચય પ્ર-7 ભાગ-1 | S-વિભાગનાં તત્ત્વો પ્ર-10 ભાગ-3 | ગુરુત્વાકર્ષણ પ્ર-8 ભાગ-1 | ઉચ્ચકક્ષાની વનસ્પતિઓમાં પ્રકાશસંશ્લેષણ પ્ર-13 ભાગ-1 | ખાસ આમનોંધ પ્ર-8 ભાગ-1 |
| **12.10.21** મંગળવાર | ક્રમચય અને સંચય પ્ર-7 ભાગ-2 | S-વિભાગનાં તત્ત્વો પ્ર-10 ભાગ-4 | ગુરુત્વાકર્ષણ પ્ર-8 ભાગ-2 | ઉચ્ચકક્ષાની વનસ્પતિઓમાં પ્રકાશસંશ્લેષણ પ્ર-13 ભાગ-2 | ખાસ આમનોંધ પ્ર-8 ભાગ-2 |
| **13.10.21** બુધવાર | ક્રમચય અને સંચય પ્ર-7 ભાગ-3 | S-વિભાગનાં તત્ત્વો પ્ર-10 ભાગ-5 | ગુરુત્વાકર્ષણ પ્ર-8 ભાગ-3 | વનસ્પતિઓમાં વહન પ્ર-11 ભાગ-1 | ખાતાવહી ખતવણી પ્ર-9 ભાગ-1 |
| **14.10.21** ગુરૂવાર | ક્રમચય અને સંચય પ્ર-7 ભાગ-4 | S-વિભાગનાં તત્ત્વો પ્ર-10 ભાગ-6 | ગુરુત્વાકર્ષણ પ્ર-8 ભાગ-4 | વનસ્પતિઓમાં વહન પ્ર-11 ભાગ-2 | ખાતાવહી ખતવણી પ્ર-9 ભાગ-2 |
| **15.10.21** શુક્રવાર | દ્વિપદી પ્રમેય પ્ર-8 ભાગ-1 | ઉષ્માગતિશાસ્ત્ર પ્ર-6 ભાગ-1 | ગુરુત્વાકર્ષણ પ્ર-8 ભાગ-5 | વનસ્પતિઓમાં વહન પ્ર-11 ભાગ-3 | કાચું સરવૈયું પ્ર-10 ભાગ-1 |
| **16.10.21** શનિવાર | દ્વિપદી પ્રમેય પ્ર-8 ભાગ-2 | ઉષ્માગતિશાસ્ત્ર પ્ર-6 ભાગ-2 | કણોના તંત્રો અને ચાકગતિ પ્ર-7 ભાગ-1 | વનસ્પતિઓમાં વહન પ્ર-11 ભાગ-4 | કાચું સરવૈયું પ્ર-10 ભાગ-2 |
| **17.10.21** રવિવાર | દ્વિપદી પ્રમેય પ્ર-8 ભાગ-3 | ઉષ્માગતિશાસ્ત્ર પ્ર-6 ભાગ-3 | કણોના તંત્રો અને ચાકગતિ પ્ર-7 ભાગ-2 | ખનીજ પોષણ પ્ર-12 ભાગ-1 | બેન્ક સિલકમેળ પ્ર-11 ભાગ-1 |

**કેળવણી એટલે વ્યક્તિનો સમાજોપયોગી વિકાસ. - જૈનેન્દ્રકુમાર**

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## વંદે ગુજરાત ચેનલ-11 'બાયસેગ'ના શૈક્ષણિક કાર્યક્રમો : ઑક્ટોબર-2021 ધોરણ-11

| તારીખ/વાર | સમય/વિષય | | | | |
|---|---|---|---|---|---|
| | ગણિત (0-1) | રસાયણ વિજ્ઞાન (1-2) | ભૌતિક વિજ્ઞાન (2-3) | જીવ વિજ્ઞાન (3-4) | નામાનાં મૂળતત્ત્વો (4-5) |
| **18.10.21**<br>**સોમવાર** | દ્વિપદી પ્રમેય<br>પ્ર-8 ભાગ-4 | ઉષ્માગતિશાસ્ત્ર<br>પ્ર-6 ભાગ-4 | કણોના તંત્રો અને ચાકગતિ<br>પ્ર-7 ભાગ-3 | ખનીજ પોષણ<br>પ્ર-12 ભાગ-2 | બેન્ક સિલકમેળ<br>પ્ર-11 ભાગ-2 |
| **19.10.21**<br>**મંગળવાર** | દ્વિપદી પ્રમેય<br>પ્ર-8 ભાગ-5 | ઉષ્માગતિશાસ્ત્ર<br>પ્ર-6 ભાગ-5 | કણોના તંત્રો અને ચાકગતિ<br>પ્ર-7 ભાગ-4 | ઉચ્ચકક્ષાની વનસ્પતિઓમાં પ્રકાશસંશ્લેષણ<br>પ્ર-13 ભાગ-1 | ભૂલ સુધારણા<br>પ્ર-1 ભાગ-1 |
| **20.10.21**<br>**બુધવાર** | દ્વિપદી પ્રમેય<br>પ્ર-8 ભાગ-6 | ઉષ્માગતિશાસ્ત્ર<br>પ્ર-6 ભાગ-6 | કણોના તંત્રો અને ચાકગતિ<br>પ્ર-7 ભાગ-5 | ઉચ્ચકક્ષાની વનસ્પતિઓમાં પ્રકાશસંશ્લેષણ<br>પ્ર-13 ભાગ-2 | ભૂલ સુધારણા<br>પ્ર-1 ભાગ-2 |
| **21.10.21**<br>**ગુરૂવાર** | ક્રમચય અને સંચય<br>પ્ર-7 ભાગ-1 | ઉષ્માગતિશાસ્ત્ર<br>પ્ર-6 ભાગ-7 | કણોના તંત્રો અને ચાકગતિ<br>પ્ર-7 ભાગ-6 | વનસ્પતિઓમાં વહન<br>પ્ર-11 ભાગ-1 | કાચું સરવૈયું<br>પ્ર-10 ભાગ-1 |
| **22.10.21**<br>**શુક્રવાર** | ક્રમચય અને સંચય<br>પ્ર-7 ભાગ-2 | ઉષ્માગતિશાસ્ત્ર<br>પ્ર-6 ભાગ-8 | કણોના તંત્રો અને ચાકગતિ<br>પ્ર-7 ભાગ-7 | વનસ્પતિઓમાં વહન<br>પ્ર-11 ભાગ-2 | કાચું સરવૈયું<br>પ્ર-10 ભાગ-2 |
| **23.10.21**<br>**શનિવાર** | ક્રમચય અને સંચય<br>પ્ર-7 ભાગ-3 | S-વિભાગનાં તત્ત્વો<br>પ્ર-10 ભાગ-1 | કણોના તંત્રો અને ચાકગતિ<br>પ્ર-7 ભાગ-8 | વનસ્પતિઓમાં વહન<br>પ્ર-11 ભાગ-3 | બેન્ક સિલકમેળ<br>પ્ર-11 ભાગ-1 |
| **24.10.21**<br>**રવિવાર** | ક્રમચય અને સંચય<br>પ્ર-7 ભાગ-4 | S-વિભાગનાં તત્ત્વો<br>પ્ર-10 ભાગ-2 | કણોના તંત્રો અને ચાકગતિ<br>પ્ર-7 ભાગ-9 | વનસ્પતિઓમાં વહન<br>પ્ર-11 ભાગ-4 | બેન્ક સિલકમેળ<br>પ્ર-11 ભાગ-2 |
| **25.10.21**<br>**સોમવાર** | દ્વિપદી પ્રમેય<br>પ્ર-8 ભાગ-1 | S-વિભાગનાં તત્ત્વો<br>પ્ર-10 ભાગ-3 | કણોના તંત્રો અને ચાકગતિ<br>પ્ર-7 ભાગ-10 | ખનીજ પોષણ<br>પ્ર-12 ભાગ-1 | ભૂલ સુધારણા<br>પ્ર-1 ભાગ-1 |
| **26.10.21**<br>**મંગળવાર** | દ્વિપદી પ્રમેય<br>પ્ર-8 ભાગ-2 | S-વિભાગનાં તત્ત્વો<br>પ્ર-10 ભાગ-4 | ગુરુત્વાકર્ષણ<br>પ્ર-8 ભાગ-1 | ખનીજ પોષણ<br>પ્ર-12 ભાગ-2 | ભૂલ સુધારણા<br>પ્ર-1 ભાગ-2 |
| **27.10.21**<br>**બુધવાર** | દ્વિપદી પ્રમેય<br>પ્ર-8 ભાગ-3 | S-વિભાગનાં તત્ત્વો<br>પ્ર-10 ભાગ-4 | ગુરુત્વાકર્ષણ<br>પ્ર-8 ભાગ-2 | ઉચ્ચકક્ષાની વનસ્પતિઓમાં પ્રકાશસંશ્લેષણ<br>પ્ર-13 ભાગ-1 | બેન્ક સિલકમેળ<br>પ્ર-11 ભાગ-1 |
| **28.10.21**<br>**ગુરૂવાર** | દ્વિપદી પ્રમેય<br>પ્ર-8 ભાગ-4 | S-વિભાગનાં તત્ત્વો<br>પ્ર-10 ભાગ-5 | ગુરુત્વાકર્ષણ<br>પ્ર-8 ભાગ-3 | ઉચ્ચકક્ષાની વનસ્પતિઓમાં પ્રકાશસંશ્લેષણ<br>પ્ર-13 ભાગ-2 | બેન્ક સિલકમેળ<br>પ્ર-11 ભાગ-2 |
| **29.10.21**<br>**શુક્રવાર** | દ્વિપદી પ્રમેય<br>પ્ર-8 ભાગ-5 | S-વિભાગનાં તત્ત્વો<br>પ્ર-10 ભાગ-5 | ગુરુત્વાકર્ષણ<br>પ્ર-8 ભાગ-4 | ખનીજ પોષણ<br>પ્ર-12 ભાગ-1 | ભૂલ સુધારણા<br>પ્ર-1 ભાગ-1 |
| **30.10.21**<br>**શનિવાર** | દ્વિપદી પ્રમેય<br>પ્ર-8 ભાગ-6 | S-વિભાગનાં તત્ત્વો<br>પ્ર-10 ભાગ-6 | ગુરુત્વાકર્ષણ<br>પ્ર-8 ભાગ-5 | ખનીજ પોષણ<br>પ્ર-12 ભાગ-2 | ભૂલ સુધારણા<br>પ્ર-1 ભાગ-2 |
| **31.10.21**<br>**રવિવાર** | દ્વિપદી પ્રમેય<br>પ્ર-8 ભાગ-6 | S-વિભાગનાં તત્ત્વો<br>પ્ર-10 ભાગ-6 | ગુરુત્વાકર્ષણ<br>પ્ર-8 ભાગ-5 | ખનીજ પોષણ<br>પ્ર-12 ભાગ-2 | ભૂલ સુધારણા<br>પ્ર-1 ભાગ-2 |

**પુનઃ પ્રસારણ અંગે અગત્યની નોંધ :** 0 થી 5 નું પુનઃ પ્રસારણ 8 થી 13, 16 થી 21 કલાક રહેશે.

NEETના શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ 'વંદે ગુજરાત' ચેનલ નં. 11 પર 5 થી 8 દરમ્યાન થાય છે. જેનું પુનઃ પ્રસારણ 13 થી 16 અને 21 થી 24 કલાક રહેશે.

'વંદે ગુજરાત'ની 16 ચેનલ્સ દૂરદર્શનની ડી.ટી.એચ. સર્વિસ 'ડીડી ફ્રી ડિશ' પર ઉપલબ્ધ છે.

**Vande Gujarat 16 Channel Parameters :**

1. Satellite : GSAT-15
2. Satellite Location : 93.5 Degree East
3. Receive Frequency : 11550 MHz
4. Symbol Rate : 29500 KSPS
5. Polarization : Horizontal
6. FEC : 3/4

**વિચાર કરવાની કળા એટલે ખરી કેળવણી. - ગાંધીજી**

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## વંદે ગુજરાત ચેનલ-12 'બાયસેગ'ના શૈક્ષણિક કાર્યક્રમો : ઑક્ટોબર-2021 ધોરણ-12

| | સમય/વિષય | | | |
|---|---|---|---|---|
| **તારીખ/વાર** | **રસાયણ વિજ્ઞાન (0-1)** | **ભૌતિક વિજ્ઞાન (1-2)** | **ગણિત (2-3)** | **જીવ વિજ્ઞાન (3-4)** |
| **1.10.21**<br>**શુક્રવાર** | p-વિભાગનાં તત્ત્વો<br>પ્ર-7 ભાગ-1 | વિદ્યુત ચુંબકીય તરંગો<br>પ્ર-8 ભાગ-1 | વિકલ સમીકરણો<br>પ્ર-9 ભાગ-1 | માનવ સ્વાસ્થ્ય અને રોગો<br>પ્ર-8 ભાગ-1 |
| **2.10.21**<br>**શનિવાર** | p-વિભાગનાં તત્ત્વો<br>પ્ર-7 ભાગ-2 | વિદ્યુત ચુંબકીય તરંગો<br>પ્ર-8 ભાગ-2 | વિકલ સમીકરણો<br>પ્ર-9 ભાગ-2 | માનવ સ્વાસ્થ્ય અને રોગો<br>પ્ર-8 ભાગ-2 |
| **3.10.21**<br>**રવિવાર** | p-વિભાગનાં તત્ત્વો<br>પ્ર-7 ભાગ-3 | વિદ્યુત ચુંબકીય તરંગો<br>પ્ર-8 ભાગ-3 | વિકલ સમીકરણો<br>પ્ર-9 ભાગ-3 | માનવ સ્વાસ્થ્ય અને રોગો<br>પ્ર-8 ભાગ-3 |
| **4.10.21**<br>**સોમવાર** | p-વિભાગનાં તત્ત્વો<br>પ્ર-7 ભાગ-4 | કિરણ પ્રકાશશાસ્ત્ર અને પ્રકાશીય ઉપકરણો<br>પ્ર-9 ભાગ-1 | વિકલ સમીકરણો<br>પ્ર-9 ભાગ-4 | માનવ સ્વાસ્થ્ય અને રોગો<br>પ્ર-8 ભાગ-4 |
| **5.10.21**<br>**મંગળવાર** | p-વિભાગનાં તત્ત્વો<br>પ્ર-7 ભાગ-5 | કિરણ પ્રકાશશાસ્ત્ર અને પ્રકાશીય ઉપકરણો<br>પ્ર-9 ભાગ-2 | સદિશ બીજગણિત<br>પ્ર-10 ભાગ-1 | અન્ન-ઉન્નતિકરણ માટેની કાર્યનીતિ<br>પ્ર-9 ભાગ-1 |
| **6.10.21**<br>**બુધવાર** | p-વિભાગનાં તત્ત્વો<br>પ્ર-7 ભાગ-6 | કિરણ પ્રકાશશાસ્ત્ર અને પ્રકાશીય ઉપકરણો<br>પ્ર-9 ભાગ-3 | સદિશ બીજગણિત<br>પ્ર-10 ભાગ-2 | અન્ન-ઉન્નતિકરણ માટેની કાર્યનીતિ<br>પ્ર-9 ભાગ-2 |
| **7.10.21**<br>**ગુરૂવાર** | p-વિભાગનાં તત્ત્વો<br>પ્ર-7 ભાગ-7 | કિરણ પ્રકાશશાસ્ત્ર અને પ્રકાશીય ઉપકરણો<br>પ્ર-9 ભાગ-4 | સદિશ બીજગણિત<br>પ્ર-10 ભાગ-3 | માનવ-કલ્યાણમાં સૂક્ષ્મ જીવો<br>પ્ર-10 ભાગ-1 |
| **8.10.21**<br>**શુક્રવાર** | p-વિભાગનાં તત્ત્વો<br>પ્ર-7 ભાગ-8 | કિરણ પ્રકાશશાસ્ત્ર અને પ્રકાશીય ઉપકરણો<br>પ્ર-9 ભાગ-5 | સદિશ બીજગણિત<br>પ્ર-10 ભાગ-4 | માનવ-કલ્યાણમાં સૂક્ષ્મ જીવો<br>પ્ર-10 ભાગ-2 |
| **9.10.21**<br>**શનિવાર** | p-વિભાગનાં તત્ત્વો<br>પ્ર-7 ભાગ-9 | કિરણ પ્રકાશશાસ્ત્ર અને પ્રકાશીય ઉપકરણો<br>પ્ર-9 ભાગ-6 | સદિશ બીજગણિત<br>પ્ર-10 ભાગ-5 | બાયોટેક્નોલોજી : સિદ્ધાંતો અને પ્રક્રિયાઓ<br>પ્ર-11 ભાગ-1 |
| **10.10.21**<br>**રવિવાર** | p-વિભાગનાં તત્ત્વો<br>પ્ર-7 ભાગ-10 | કિરણ પ્રકાશશાસ્ત્ર અને પ્રકાશીય ઉપકરણો<br>પ્ર-9 ભાગ-7 | સદિશ બીજગણિત<br>પ્ર-10 ભાગ-6 | બાયોટેક્નોલોજી : સિદ્ધાંતો અને પ્રક્રિયાઓ<br>પ્ર-11 ભાગ-2 |
| **11.10.21**<br>**સોમવાર** | p-વિભાગનાં તત્ત્વો<br>પ્ર-7 ભાગ-11 | કિરણ પ્રકાશશાસ્ત્ર અને પ્રકાશીય ઉપકરણો<br>પ્ર-9 ભાગ-8 | વિકલ સમીકરણો<br>પ્ર-9 ભાગ-1 | બાયોટેક્નોલોજી : સિદ્ધાંતો અને પ્રક્રિયાઓ<br>પ્ર-11 ભાગ-3 |
| **12.10.21**<br>**મંગળવાર** | p-વિભાગનાં તત્ત્વો<br>પ્ર-7 ભાગ-12 | કિરણ પ્રકાશશાસ્ત્ર અને પ્રકાશીય ઉપકરણો<br>પ્ર-9 ભાગ-9 | વિકલ સમીકરણો<br>પ્ર-9 ભાગ-2 | માનવ સ્વાસ્થ્ય અને રોગો<br>પ્ર-8 ભાગ-1 |
| **13.10.21**<br>**બુધવાર** | પૃષ્ઠ રસાયણ વિજ્ઞાન<br>પ્ર-5 ભાગ-1 | કિરણ પ્રકાશશાસ્ત્ર અને પ્રકાશીય ઉપકરણો<br>પ્ર-9 ભાગ-1 | વિકલ સમીકરણો<br>પ્ર-9 ભાગ-3 | માનવ સ્વાસ્થ્ય અને રોગો<br>પ્ર-8 ભાગ-2 |
| **14.10.21**<br>**ગુરૂવાર** | પૃષ્ઠ રસાયણ વિજ્ઞાન<br>પ્ર-5 ભાગ-2 | કિરણ પ્રકાશશાસ્ત્ર અને પ્રકાશીય ઉપકરણો<br>પ્ર-9 ભાગ-2 | વિકલ સમીકરણો<br>પ્ર-9 ભાગ-4 | માનવ સ્વાસ્થ્ય અને રોગો<br>પ્ર-8 ભાગ-3 |
| **15.10.21**<br>**શુક્રવાર** | પૃષ્ઠ રસાયણ વિજ્ઞાન<br>પ્ર-5 ભાગ-3 | કિરણ પ્રકાશશાસ્ત્ર અને પ્રકાશીય ઉપકરણો<br>પ્ર-9 ભાગ-3 | સદિશ બીજગણિત<br>પ્ર-10 ભાગ-1 | માનવ સ્વાસ્થ્ય અને રોગો<br>પ્ર-8 ભાગ-4 |
| **16.10.21**<br>**શનિવાર** | પૃષ્ઠ રસાયણ વિજ્ઞાન<br>પ્ર-5 ભાગ-4 | કિરણ પ્રકાશશાસ્ત્ર અને પ્રકાશીય ઉપકરણો<br>પ્ર-9 ભાગ-4 | સદિશ બીજગણિત<br>પ્ર-10 ભાગ-2 | અન્ન-ઉન્નતિકરણ માટેની કાર્યનીતિ<br>પ્ર-9 ભાગ-1 |
| **17.10.21**<br>**રવિવાર** | પૃષ્ઠ રસાયણ વિજ્ઞાન<br>પ્ર-5 ભાગ-5 | કિરણ પ્રકાશશાસ્ત્ર અને પ્રકાશીય ઉપકરણો<br>પ્ર-9 ભાગ-5 | સદિશ બીજગણિત<br>પ્ર-10 ભાગ-3 | અન્ન-ઉન્નતિકરણ માટેની કાર્યનીતિ<br>પ્ર-9 ભાગ-2 |

**કેળવણી પ્રાપ્ત કરવાના આ ત્રણ આધારસ્તંભો છે :**
**વધારે નિરીક્ષણ કરવું, વધારે અનુભવ કરવો અને વધારે અભ્યાસ કરવો.**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## વંદે ગુજરાત ચેનલ-12 'બાયસેગ'ના શૈક્ષણિક કાર્યક્રમો : ઑક્ટોબર-2021 ધોરણ-12

| તારીખ/વાર | સમય/વિષય | | | |
|---|---|---|---|---|
| | રસાયણ વિજ્ઞાન (0-1) | ભૌતિક વિજ્ઞાન (1-2) | ગણિત (2-3) | જીવ વિજ્ઞાન (3-4) |
| 18.10.21 સોમવાર | પૃષ્ઠ રસાયણ વિજ્ઞાન પ્ર-5 ભાગ-6 | કિરણ પ્રકાશશાસ્ત્ર અને પ્રકાશીય ઉપકરણો પ્ર-9 ભાગ-6 | સદિશ બીજગણિત પ્ર-10 ભાગ-4 | માનવ-કલ્યાણમાં સૂક્ષ્મ જીવો પ્ર-10 ભાગ-1 |
| 19.10.21 મંગળવાર | પૃષ્ઠ રસાયણ વિજ્ઞાન પ્ર-5 ભાગ-7 | કિરણ પ્રકાશશાસ્ત્ર અને પ્રકાશીય ઉપકરણો પ્ર-9 ભાગ-7 | સદિશ બીજગણિત પ્ર-10 ભાગ-5 | માનવ-કલ્યાણમાં સૂક્ષ્મ જીવો પ્ર-10 ભાગ-2 |
| 20.10.21 બુધવાર | પૃષ્ઠ રસાયણ વિજ્ઞાન પ્ર-5 ભાગ-8 | કિરણ પ્રકાશશાસ્ત્ર અને પ્રકાશીય ઉપકરણો પ્ર-9 ભાગ-8 | સદિશ બીજગણિત પ્ર-10 ભાગ-6 | બાયોટેક્નોલોજી : સિદ્ધાંતો અને પ્રક્રિયાઓ પ્ર-11 ભાગ-1 |
| 21.10.21 ગુરૂવાર | પૃષ્ઠ રસાયણ વિજ્ઞાન પ્ર-5 ભાગ-1 | કિરણ પ્રકાશશાસ્ત્ર અને પ્રકાશીય ઉપકરણો પ્ર-9 ભાગ-9 | વિકલ સમીકરણો પ્ર-9 ભાગ-1 | બાયોટેક્નોલોજી : સિદ્ધાંતો અને પ્રક્રિયાઓ પ્ર-11 ભાગ-2 |
| 22.10.21 શુક્રવાર | પૃષ્ઠ રસાયણ વિજ્ઞાન પ્ર-5 ભાગ-2 | કિરણ પ્રકાશશાસ્ત્ર અને પ્રકાશીય ઉપકરણો પ્ર-9 ભાગ-1 | વિકલ સમીકરણો પ્ર-9 ભાગ-2 | બાયોટેક્નોલોજી : સિદ્ધાંતો અને પ્રક્રિયાઓ પ્ર-11 ભાગ-3 |
| 23.10.21 શનિવાર | પૃષ્ઠ રસાયણ વિજ્ઞાન પ્ર-5 ભાગ-3 | કિરણ પ્રકાશશાસ્ત્ર અને પ્રકાશીય ઉપકરણો પ્ર-9 ભાગ-2 | વિકલ સમીકરણો પ્ર-9 ભાગ-3 | માનવ-કલ્યાણમાં સૂક્ષ્મ જીવો પ્ર-10 ભાગ-1 |
| 24.10.21 રવિવાર | પૃષ્ઠ રસાયણ વિજ્ઞાન પ્ર-5 ભાગ-4 | કિરણ પ્રકાશશાસ્ત્ર અને પ્રકાશીય ઉપકરણો પ્ર-9 ભાગ-3 | વિકલ સમીકરણો પ્ર-9 ભાગ-4 | માનવ-કલ્યાણમાં સૂક્ષ્મ જીવો પ્ર-10 ભાગ-2 |
| 25.10.21 સોમવાર | પૃષ્ઠ રસાયણ વિજ્ઞાન પ્ર-5 ભાગ-5 | કિરણ પ્રકાશશાસ્ત્ર અને પ્રકાશીય ઉપકરણો પ્ર-9 ભાગ-4 | સદિશ બીજગણિત પ્ર-10 ભાગ-1 | બાયોટેક્નોલોજી : સિદ્ધાંતો અને પ્રક્રિયાઓ પ્ર-11 ભાગ-1 |
| 26.10.21 મંગળવાર | પૃષ્ઠ રસાયણ વિજ્ઞાન પ્ર-5 ભાગ-6 | કિરણ પ્રકાશશાસ્ત્ર અને પ્રકાશીય ઉપકરણો પ્ર-9 ભાગ-5 | સદિશ બીજગણિત પ્ર-10 ભાગ-2 | બાયોટેક્નોલોજી : સિદ્ધાંતો અને પ્રક્રિયાઓ પ્ર-11 ભાગ-2 |
| 27.10.21 બુધવાર | પૃષ્ઠ રસાયણ વિજ્ઞાન પ્ર-5 ભાગ-6 | કિરણ પ્રકાશશાસ્ત્ર અને પ્રકાશીય ઉપકરણો પ્ર-9 ભાગ-6 | સદિશ બીજગણિત પ્ર-10 ભાગ-3 | બાયોટેક્નોલોજી : સિદ્ધાંતો અને પ્રક્રિયાઓ પ્ર-11 ભાગ-3 |
| 28.10.21 ગુરૂવાર | પૃષ્ઠ રસાયણ વિજ્ઞાન પ્ર-5 ભાગ-7 | કિરણ પ્રકાશશાસ્ત્ર અને પ્રકાશીય ઉપકરણો પ્ર-9 ભાગ-7 | સદિશ બીજગણિત પ્ર-10 ભાગ-4 | બાયોટેક્નોલોજી : સિદ્ધાંતો અને પ્રક્રિયાઓ પ્ર-11 ભાગ-1 |
| 29.10.21 શુક્રવાર | પૃષ્ઠ રસાયણ વિજ્ઞાન પ્ર-5 ભાગ-7 | કિરણ પ્રકાશશાસ્ત્ર અને પ્રકાશીય ઉપકરણો પ્ર-9 ભાગ-8 | સદિશ બીજગણિત પ્ર-10 ભાગ-5 | બાયોટેક્નોલોજી : સિદ્ધાંતો અને પ્રક્રિયાઓ પ્ર-11 ભાગ-2 |
| 30.10.21 શનિવાર | પૃષ્ઠ રસાયણ વિજ્ઞાન પ્ર-8 ભાગ-8 | કિરણ પ્રકાશશાસ્ત્ર અને પ્રકાશીય ઉપકરણો પ્ર-9 ભાગ-9 | સદિશ બીજગણિત પ્ર-10 ભાગ-6 | બાયોટેક્નોલોજી : સિદ્ધાંતો અને પ્રક્રિયાઓ પ્ર-11 ભાગ-3 |
| 31.10.21 શનિવાર | પૃષ્ઠ રસાયણ વિજ્ઞાન પ્ર-8 ભાગ-8 | કિરણ પ્રકાશશાસ્ત્ર અને પ્રકાશીય ઉપકરણો પ્ર-9 ભાગ-9 | સદિશ બીજગણિત પ્ર-10 ભાગ-6 | બાયોટેક્નોલોજી : સિદ્ધાંતો અને પ્રક્રિયાઓ પ્ર-11 ભાગ-3 |

**પુનઃ પ્રસારણ અંગે અગત્યની નોંધ :** 0 થી 7 નું પુનઃ પ્રસારણ 7 થી 14, 14 થી 21 અને 21 થી 24 કલાક રહેશે.

NEETના શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ 'વંદે ગુજરાત' ચેનલ નં. 11 પર 5 થી 8 દરમ્યાન થાય છે. જેનું પુનઃ પ્રસારણ 13 થી 16 અને 21 થી 24 કલાક રહેશે.

'વંદે ગુજરાત'ની 16 ચેનલ્સ દૂરદર્શનની ડી.ટી.એચ. સર્વિસ 'ડીડી ફ્રી ડિશ' પર ઉપલબ્ધ છે.

**Vande Gujarat 16 Channel Parameters :**

1. Satellite : GSAT-15
2. Satellite Location : 93.5 Degree East
3. Receive Frequency : 11550 MHz
4. Symbol Rate : 29500 KSPS
5. Polarization : Horizontal
6. FEC : 3/4

શિક્ષક સતત શીખતો ન રહે, તો એ કદી શીખવી ન શકે. - રવીન્દ્રનાથ ટાગોર

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## વંદે ગુજરાત ચેનલ-12 'બાયસેગ'ના શૈક્ષણિક કાર્યક્રમો : ઑક્ટોબર-2021 ધોરણ-12

| તારીખ/વાર | સમય/વિષય | | |
|---|---|---|---|
| | નામાનાં મૂળતત્ત્વો (4-5) | આંકડાશાસ્ત્ર (5-6) | અંગ્રેજી S.L. (6-7) |
| 1.10.21 શુક્રવાર | ભાગીદારની નિવૃત્તિ / મૃત્યુ પ્ર-6 ભાગ-1 | સુરેખ નિયત સંબંધ પ્ર-3 ભાગ-1 | Unit-4 Part-1 |
| 2.10.21 શનિવાર | ભાગીદારની નિવૃત્તિ / મૃત્યુ પ્ર-6 ભાગ-2 | સુરેખ નિયત સંબંધ પ્ર-3 ભાગ-2 | Unit-4 Part-2 |
| 3.10.21 રવિવાર | ભાગીદારની નિવૃત્તિ / મૃત્યુ પ્ર-6 ભાગ-3 | સુરેખ નિયત સંબંધ પ્ર-3 ભાગ-3 | Unit-4 Part-3 |
| 4.10.21 સોમવાર | ભાગીદારની નિવૃત્તિ / મૃત્યુ પ્ર-6 ભાગ-4 | સુરેખ નિયત સંબંધ પ્ર-3 ભાગ-4 | Unit-5 Part-1 |
| 5.10.21 મંગળવાર | ભાગીદારની નિવૃત્તિ / મૃત્યુ પ્ર-6 ભાગ-5 | સામયિક શ્રેણી પ્ર-4 ભાગ-1 | Unit-5 Part-2 |
| 6.10.21 બુધવાર | ભાગીદારની નિવૃત્તિ / મૃત્યુ પ્ર-6 ભાગ-6 | સામયિક શ્રેણી પ્ર-4 ભાગ-2 | Unit-5 Part-3 |
| 7.10.21 ગુરૂવાર | ભાગીદારી પેઢીનું વિસર્જન પ્ર-7 ભાગ-1 | સામયિક શ્રેણી પ્ર-4 ભાગ-3 | Unit-6 Part-1 |
| 8.10.21 શુક્રવાર | ભાગીદારી પેઢીનું વિસર્જન પ્ર-7 ભાગ-2 | સામયિક શ્રેણી પ્ર-4 ભાગ-4 | Unit-6 Part-2 |
| 9.10.21 શનિવાર | શેરમૂડીના હિસાબો પ્ર-1 ભાગ-1 | સામયિક શ્રેણી પ્ર-4 ભાગ-5 | Unit-6 Part-3 |
| 10.10.21 રવિવાર | શેરમૂડીના હિસાબો પ્ર-1 ભાગ-2 | સંભાવના પ્ર-1 ભાગ-1 | Unit-4 Part-1 |
| 11.10.21 સોમવાર | શેરમૂડીના હિસાબો પ્ર-1 ભાગ-3 | સંભાવના પ્ર-1 ભાગ-2 | Unit-4 Part-2 |
| 12.10.21 મંગળવાર | શેરમૂડીના હિસાબો પ્ર-1 ભાગ-4 | સંભાવના પ્ર-1 ભાગ-3 | Unit-4 Part-3 |
| 13.10.21 બુધવાર | શેરમૂડીના હિસાબો પ્ર-1 ભાગ-5 | સંભાવના પ્ર-1 ભાગ-4 | Unit-5 Part-1 |
| 14.10.21 ગુરૂવાર | શેરમૂડીના હિસાબો પ્ર-1 ભાગ-6 | સંભાવના પ્ર-1 ભાગ-5 | Unit-5 Part-2 |
| 15.10.21 શુક્રવાર | ભાગીદારી પેઢીનું વિસર્જન પ્ર-7 ભાગ-1 | સંભાવના પ્ર-1 ભાગ-6 | Unit-5 Part-3 |
| 16.10.21 શનિવાર | ભાગીદારી પેઢીનું વિસર્જન પ્ર-7 ભાગ-2 | સામયિક શ્રેણી પ્ર-4 ભાગ-1 | Unit-6 Part-1 |
| 17.10.21 રવિવાર | શેરમૂડીના હિસાબો પ્ર-1 ભાગ-1 | સામયિક શ્રેણી પ્ર-4 ભાગ-2 | Unit-6 Part-2 |

જે પુસ્તકમાંથી શીખી શકાતું નથી તે શિક્ષકનાં જીવન દ્વારા શીખી શકાય છે. - સ્વામી સચ્ચિદાનંદ

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## વંદે ગુજરાત ચેનલ-12 'બાયસેગ'ના શૈક્ષણિક કાર્યક્રમો : ઑક્ટોબર-2021 ધોરણ-12

| તારીખ/વાર | સમય/વિષય | | |
|---|---|---|---|
| | નામાનાં મૂળતત્ત્વો (4-5) | આંકડાશાસ્ત્ર (5-6) | અંગ્રેજી S.L. (6-7) |
| 18.10.21 સોમવાર | શેરમૂડીના હિસાબો પ્ર-1 ભાગ-2 | સામયિક શ્રેણી પ્ર-4 ભાગ-3 | Unit-6 Part-3 |
| 19.10.21 મંગળવાર | શેરમૂડીના હિસાબો પ્ર-1 ભાગ-3 | સામયિક શ્રેણી પ્ર-4 ભાગ-4 | Unit-4 Part-1 |
| 20.10.21 બુધવાર | શેરમૂડીના હિસાબો પ્ર-1 ભાગ-4 | સામયિક શ્રેણી પ્ર-4 ભાગ-5 | Unit-4 Part-2 |
| 21.10.21 ગુરૂવાર | શેરમૂડીના હિસાબો પ્ર-1 ભાગ-5 | સંભાવના પ્ર-1 ભાગ-1 | Unit-4 Part-3 |
| 22.10.21 શુક્રવાર | શેરમૂડીના હિસાબો પ્ર-1 ભાગ-6 | સંભાવના પ્ર-1 ભાગ-2 | Unit-5 Part-1 |
| 23.10.21 શનિવાર | ભાગીદારી પેઢીનું વિસર્જન પ્ર-7 ભાગ-1 | સંભાવના પ્ર-1 ભાગ-3 | Unit-5 Part-2 |
| 24.10.21 રવિવાર | ભાગીદારી પેઢીનું વિસર્જન પ્ર-7 ભાગ-2 | સંભાવના પ્ર-1 ભાગ-4 | Unit-5 Part-3 |
| 25.10.21 સોમવાર | શેરમૂડીના હિસાબો પ્ર-1 ભાગ-1 | સંભાવના પ્ર-1 ભાગ-5 | Unit-6 Part-1 |
| 26.10.21 મંગળવાર | શેરમૂડીના હિસાબો પ્ર-1 ભાગ-2 | સંભાવના પ્ર-1 ભાગ-6 | Unit-6 Part-2 |
| 27.10.21 બુધવાર | શેરમૂડીના હિસાબો પ્ર-1 ભાગ-3 | સંભાવના પ્ર-1 ભાગ-1 | Unit-6 Part-3 |
| 28.10.21 ગુરૂવાર | શેરમૂડીના હિસાબો પ્ર-1 ભાગ-4 | સંભાવના પ્ર-1 ભાગ-2 | Unit-6 Part-1 |
| 29.10.21 શુક્રવાર | શેરમૂડીના હિસાબો પ્ર-1 ભાગ-5 | સંભાવના પ્ર-1 ભાગ-3 | Unit-6 Part-2 |
| 30.10.21 શનિવાર | શેરમૂડીના હિસાબો પ્ર-1 ભાગ-6 | સંભાવના પ્ર-1 ભાગ-4 | Unit-6 Part-3 |
| 31.10.21 રવિવાર | શેરમૂડીના હિસાબો પ્ર-1 ભાગ-6 | સંભાવના પ્ર-1 ભાગ-5 | Unit-6 Part-3 |

**પુનઃ પ્રસારણ અંગે અગત્યની નોંધ :** 0 થી 7 નું પુનઃ પ્રસારણ 7 થી 14, 14 થી 21 અને 21 થી 24 કલાક રહેશે.

NEETના શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ 'વંદે ગુજરાત' ચેનલ નં. 11 પર 5 થી 8 દરમ્યાન થાય છે. જેનું પુનઃ પ્રસારણ 13 થી 16 અને 21 થી 24 કલાક રહેશે.

'વંદે ગુજરાત'ની 16 ચેનલ્સ દૂરદર્શનની ડી.ટી.એચ. સર્વિસ 'ડીડી ફ્રી ડીશ' પર ઉપલબ્ધ છે.

**Vande Gujarat 16 Channel Parameters :**

1. Satellite : GSAT-15
2. Satellite Location : 93.5 Degree East
3. Receive Frequency : 11550 MHz
4. Symbol Rate : 29500 KSPS
5. Polarization : Horizontal
6. FEC : 3/4

**સંસારમાં જેટલી ઉપલબ્ધિઓ છે, તે બધામાં શિક્ષણ સૌથી મોટી ઉપલબ્ધિ છે. - નિરાલા**

# છેલ્લો કટોરો

## (ગોળમેજી પરિષદમાં જતી વેળા ગાંધીજીને)

છેલ્લો કટોરો ઝેરનો આ : પી જજો, બાપુ !
સાગર પીનારા ! અંજલિ નવ ઢોળજો, બાપુ !

અણખૂટ વિશ્વાસે વહ્યું જીવન તમારું:
ધૂર્તો-દગલબાજો થકી પડિયું પનારું:
શત્રુ તણે ખોળે ઢળી સુખથી સૂનારું:

આ આખરી ઓશીકડે શિર સોંપવું, બાપુ !
કાપે ભલે ગર્દન રિપુ-મન માપવું, બાપુ !

સુર-અસુરના આ નવયુગી ઉદધિ-વલોણે,
શી છે ગતાગમ રત્નના કામી જનોને ?
તું વિના, શંભુ ! કોણ પીશે ઝેર દોણે !

હૈયા લગી ગળવા ગરલ ઝટ જાઓ રે, બાપુ !
ઓ સૌમ્ય-રૌદ્ર ! કરાલ-કોમલ ! જાઓ રે, બાપુ !

કહેશે જગત : જોગી તણા શું જોગ ખૂટ્યા ?
દરિયા ગયા શોષાઈ ? શું ઘન-નીર ખૂટ્યાં ?
શું આભ સૂરજ-ચંદ્રમાનાં તેલ ખૂટ્યાં ?

દેખી અમારાં દુ:ખ નવ અટકી જજો, બાપુ !
સહિયું ઘણું, સહીશું વધુ : નવ થડકજો, બાપુ !

ચાબુક, જપ્તી, દંડ, ડંડા મારના,
જીવતાં કબ્રસ્તાન કારાગારનાં,
થોડાઘણા છંટકાવ ગોળીબારના-

એ તો બધાંય જરી ગયાં, કોઠે પડ્યાં, બાપુ !
ફૂલ સમાં અમ હૈડાં તમે લોઢે ઘડ્યાં, બાપુ !

શું થયું - ત્યાંથી ઢીંગલું લાવો ન લાવો !
બોસા દઈશું - ભલે ખાલી હાથ આવો !
રોપશું તારે કંઠ રસબસતી ભુજાઓ !

દુનિયા તણે મોંયે જરી જઈ આવજો, બાપુ !
હમદર્દીના સંદેશડા દઈ આવજો, બાપુ !

જગ મારશે મે'ણાં : ન આવ્યો આત્મજ્ઞાની !
ના'વ્યો ગુમાની - પોલ પોતાની પિછાની !
જગપ્રેમી જોયો ! દાઝ દુનિયાની ન જાણી !

આજાર માનવ-જાત આકુલ થઈ રહી, બાપુ !
તારી તબીબી કાજ એ તલખી રહી, બાપુ !

જા, બાપ ! માતા આખલાને નાથવાને,
જા વિશ્વહત્યા ઉપરે જળ છાંટવાને,
જા સાત સાગર પાર સેતુ બાંધવાને -

ઘનઘોર વનની વાટને અજવાળતો, બાપુ !
વિકરાળ કેસરિયાળને પંપાળતો, બાપુ !
ચાલ્યો જજે ! તુજ ભોમિયો ભગવાન છે, બાપુ !
છેલ્લો કટોરો ઝેરનો પી આવજે, બાપુ !

**કવિ : ઝવેરચંદ મેઘાણી**
**('યુગવંદના'માંથી સાભાર)**

RNI No. GUJGUJ2011/46203 Govt. of India, New Delhi, Dated 06-11-2012
SSPOs Gandhinagar No. L2/RNP/RENEWAL/G-GNR297/2018 Dt. 10-10-2018. Valid Up to 31-12-2021
License to Post without Pre-Payment No. PMQ/HQ/96/2019-2021, Valid up to 31-12-2021
Printed and Posted on 28th of Each Month. (Annual Subscription Rs. 200/-) License Valid up to 31-12-2021.

# પાંચમી સપ્ટેમ્બર : શિક્ષક દિનનું મહત્ત્વ

આપણા દેશમાં પ્રત્યેક વર્ષે પાંચમી સપ્ટેમ્બરે ભારતના દ્વિતીય રાષ્ટ્રપતિ, શ્રેષ્ઠ વિશ્વશિક્ષક, મહાન ચિંતક - ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌નો જન્મદિન 'શિક્ષકદિન' તરીકે ભારે ઉમંગ અને ઉત્સાહથી દરેક સંસ્થામાં ઉજવાય છે.

જીવનમાં સંસ્કાર મૂલ્યોનું સિંચન અને ચારિત્ર્ય, સુટેવો, મૂલ્યો અને કૌશલ્યોનું સિંચન આદર્શ શિક્ષક દ્વારા જ થતું હોય છે. એક કુશળ શિલ્પી, એક કાબેલ કુંભાર કે માળીની જેમ તે બાળકનું ઘડતર કરે છે. અબૂધ, ભોળા, નિર્દોષ બાળકોને શિક્ષા-દીક્ષાનાં સંસ્કારો આપી મહાન બનાવનાર તો શ્રેષ્ઠ, વિદ્વાન શિક્ષક જ છે. એક ખેડૂત અને સૈનિક જેવું તેનું કામ છે.

શિક્ષકના હાથે જ કોઈ નેતા તો કોઈ અભિનેતા, કોઈ કલાકાર તો કોઈ ચિત્રકાર, કોઈ સર્જક તો કોઈ ચિંતક, કોઈ વૈજ્ઞાનિક તો કોઈ ડૉક્ટર, કોઈ સમાજસેવક તો કોઈ સાહિત્યકારનું નિર્માણ થાય છે. તેના હાથ નીચે હજારો બાળકો નીતિ, નિયમ, નિષ્ઠા અને નિયમિતતાનો, પ્રેમ, પરોપકાર અને પ્રામાણિકતાનો, ઉદારતા અને માનવતાનો સ્પર્શ પામે છે. માનવચેતનાને જગાડી તેમાં સંસ્કારોનું સિંચન કે વાવેતર તો શિક્ષક જ કરી શકે. રૉબોટ કે કમ્પ્યૂટર કે અન્ય કોઈ ટૅક્નોલૉજી શિક્ષકનું સ્થાન લઈ શકે એમ નથી. શિક્ષકો પર જ સાચી સંસ્કૃતિનો આધાર છે.

ડૉ. રાધાકૃષ્ણન્ જન્મજાત તલસ્પર્શી અને આજીવન શિક્ષણના જીવ હતા. તેઓએ માત્ર ભારતમાં જ નહિ, વિલાયતમાં ઑક્સફર્ડ અને કેમ્બ્રિજ જેવી યુનિવર્સિટીમાં અનેક અધ્યેતા યુવાનોને તૈયાર કર્યા હતા. જ્યારે તેઓ ભારતના દ્વિતીય રાષ્ટ્રપતિ થયા ત્યારે તેમના વિદ્યાર્થીઓએ તેમના જન્મદિન પાંચમી સપ્ટેમ્બરને 'શિક્ષકદિન' તરીકે ઉજવવાની ઈચ્છા વ્યક્ત કરી. તેમની ઉત્કટ ઈચ્છા આગળ તેઓએ તેની સંમતિ આપી ત્યારથી આજપર્યંત અને વર્ષો સુધી આપણે તેમની ગરિમા સચવાય તે રીતે 'શિક્ષકદિન'ની ઉજવણી કરીએ છીએ.

પાંચમી સપ્ટેમ્બરે આપણી સરકારશ્રી દ્વારા પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના શ્રેષ્ઠ આચાર્યોને તથા શિક્ષકોને ઍવોર્ડથી વિભૂષિત કરી તેમનું સન્માન કરવામાં આવે છે. પ્રાચીન તપોવનમાં ઋષિ મહાત્માઓ-સાંદિપની, વશિષ્ઠ, પરશુરામ કે ગુરુ દ્રોણ હતા. ગુજરાતના, ભારતના અને વિશ્વના શ્રેષ્ઠ શિક્ષણકારો, શિક્ષણસિતારાઓ કે પ્રેરણામૂર્તિ શિક્ષકોની યાદી બનાવીએ તો તેમનાં પરિચયોથી પુસ્તકો લખાય એમ છે અને લખાયાં પણ છે જે પુસ્તકોમાં શિક્ષકોની કથાઓ લખાઈ છે એ વાંચીએ તો ખ્યાલ આવશે કે શ્રેષ્ઠ શિક્ષકો કેટલું ઉમદા કામ કરી રહ્યા છે ! 'મારો જન્મ તો મારા માતાપિતાને આભારી છે, પરંતુ મારું જીવન તો મારા શિક્ષકને જ આભારી છે' એ વિધાન યથાર્થ છે.

**(સંકલન)** **('આજનો દિન મહાન' પુસ્તકમાંથી સાભાર)**

Printed by Capital Offset, L-801/1, GIDC, Sector-28, Gandhinagar Published by D. S. Patel, Secretary, Gujarat Secondary and Higher Secondary Education Board, Sector 10-B, Near Old Sachivalaya, Gandhinagar (Gujarat) on behalf of the Gujarat Secondary and Higher Secondary Education Board, Sector 10-B, Near Old Sachivalaya, Gandhinagar (Gujarat) and Printed at Capital Offset, L-801/1, GIDC, Sector-28, Gandhinagar Published at Gujarat Secondary and Higher Secondary Education Board, Sector 10-B, Near Old Sachivalaya, Gandhinagar (Gujarat). Editor Shri D. S. Patel, (Secretary, GS & HSEB, Gandhinagar, Gujarat)

Annual Subscription : Individuals Rs. 200/-
For School 400/-

Total Pages 64 + 04 = 68 Pages
Price : Per copy Rs. 40/-